بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## અહલે સુન્નત વ જમાઅત

ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

# માસિક બરકાતે ખ્વાજા

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-નવેમ્બર-૨૦૦૭**

શવ્વાલુલ મુકર્રમ-ઝીલ કઅદ
હિજરી સન : ૧૪૨૮

વર્ષ : ૦૪, અંક : ૧૧, સળંગ અંક : ૪૭



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


### તેહસીન રઝા વાકૃઈ તેહસીન રઝા હૈ

અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ મુફ્તી અખ્તર રઝા અઝહરી-બરેલી શરીફ

ગુલઝારે હસન કા ગુલે રંગી અદા હૈ
તેહસીન રઝા વાકૃઈ તેહસીન રઝા હૈ

તૌસીફમેં ઉસકી જો કહૂં ઉસસે સિવા હૈ
તેહસીન રઝા વાકૃઈ તેહસીન રઝા હૈ

નામ ઉસ્કા બહુત ખૂબ હૈ ખૂદ ઉસ્કી ષના હૈ
તેહસીન રઝા વાકૃઈ તેહસીન રઝા હૈ

રહમાની ઝિયાઓં કી રિદામેં વો છુપા હૈ
તેહસીન રઝા વાકૃઈ તેહસીન રઝા હૈ

અબ અકૃલ કી પરવાઝ ઉસે છૂ નહીં સક્તી
તેહસીન રઝા વાકૃઈ તેહસીન રઝા હૈ

ફિરદોસ કે બાગોં સે ઈધર મિલ નહીં સક્તા
વો માલિકે જન્નત કી મહ્બ્બતમેં ગયા હૈ

સિદરાસે કોઈ પૂછે ઝરા ઉસ્કી બુલંદી
વો રુત્બએ બાલા મેરે તેહસીન કો મિલા હૈ

### કત્અહ

ચલ દીએ આંખોંમેં તુમ અશ્કોં કા દર્યા છોળકર
આતિશે ફુર્કૃત કા હર સીનામેં દહરા છોળકર

એક આલિમ કહ રહા હૈ બઝબાને ચશ્મે નમ
તુમ કહાં જાતે હો હમ કો બેસહારા છોળકર

સદરે આલમ ક્યા ગએ આલમ કી જાં હી લે ગએ
રૂહે આલમ ચલ દિયા આલમ કો મુર્દા છોળકર

**નોંધ :** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

# બરકાતે ખ્વાજા (માસિક) નવેમ્બર-૨૦૦૭

**વર્ષ : ૦૪** | **અંક : ૧૧** | **સળંગ અંક :૪૭**


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
| --- | --- | --- | --- |
| ૦૧. | **સુન્નિયતને કમજોર કરતું એક તીવ્ર પરિબળ** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૩ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૦૫. | હુઝૂર મુફતીએ આ'ઝમ અને અઝાને ષાનીનો મસ્અલો | અઝ : હઝરત અલ્લામા મૌલાના મુફતી મુહમ્મદ બુરહાનુલ હક્ક રઝવી જબલપુરી رحمۃ اللہ علیہ | ૧૭ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૮ |
| ૦૭. | **કરોડોની મસ્જિદો બનાવનારા જરાક પાછા ફરીને જોશે ?!** | **કાર્યાલય** | ૨૧ |
| ૦૮. | **વર્તમાનકાળમાં ઈસ્લામનું મહત્વ તથા જરૂરત** | **રજૂકર્તા** : મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી | ૨૩ |
| ૦૯. | ઈસ્લામને દબાવવા જગતભરમાં ચાલતી વિચિત્ર ચળવળો ! | **રજૂકર્તા** : મૌલાના ઈમરાન દાઉદ પટેલ ઝંઘારવી *(દા.ઉ. કાદરિયા ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)* | ૩૦ |
| ૧૦. | **તબ્લીગી જમાઅત કે ત્રાસવાદી જમાઅત ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* | ૩૨ |
| ૧૧. | **અઝાને કબ્રની સાબિતી** | **કાર્યાલય** | ૩૭ |
| ૧૨. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |
| ૧૩. | અમારું અવલોકન | **કાર્યાલય** | ૪૮ |


**નોંધ** : આ અંકમાં સ્થળ સંકોચનને કારણે ચાલુ લેખમાળા **"ગુનાહોનો ઈલાજ, રહમતે દારૈનના શયદાઈ, કાનૂને શરીઅત, સુન્નતે નબવી અને મેડિકલ સાયન્સ"**નો સમાવેશ કર્યો નથી. આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. ઈન્શાઅલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**શરીઅતના હુકમને અવગણી પોતાની મનમાની કરતા ટ્રસ્ટીઓ !**

તંત્રી લેખ....

# સુન્નિયતને કમજોર કરતું એક તીવ્ર પરિબળ

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! દીન તથા મિલ્લત (કૌમ)ની આગેવાનીનો તાજ પહેરનાર શખ્સ એક ધીર ગંભીર, વિચારશીલ, દીનદાર, દીની દુન્યવી ઈલ્મનો જરૂરત પ્રમાણે જાણકાર, ઉલમાએ અહલે સુન્નતનો ચાહક તથા બુઝુર્ગોનો બાઅદબ હોવો જોઈએ. તેનું વર્તન પબ્લિક સાથે પ્રેમાળ હેતાળ લાગણીભર્યું હોવું જોઈએ. દરેક માણસ સાથે તેના સ્ટેટસ પ્રમાણે વર્તનાર હોવો જોઈએ, ખુદાનો ખૌફ તેના દિલમાં હોવો જોઈએ. જિદ્દી, હઠીલો, પોતાનો એક્કો ખરો કહેવડાવનારો, ઘમંડી, તોછડો, દીની મસાઈલથી અજાણ, ઉલમા તથા બુઝુર્ગોની નાકદરી કરનારો ન હોવો જોઈએ. કેમ કે હદીષે પાકમાં સરકારે દો આલમ ﷺ ફર્માવે છે કે, "દરેક હાકિમને તેના હાથ નીચેના વિશે ક્યિામતમાં પ્રશ્ન કરવામાં આવશે." જેથી તે શરીઅત મુજબના ઉલમાએ અહલે સુન્નતના સિદ્ધ નિયમો પ્રમાણે દરેક બાબતમાં નિર્ણય લઈ પબ્લિક પાસે અમલ કરાવશે તો પોતે પણ સવાબનો હક્કદાર ઠરશે અને પબ્લિક પણ ગુમરાહ થતી બચશે તેનો સવાબ પણ તેને મળશે. અને જાહિલ, હઠીલો, જિદ્દી, ઘમંડી, જૂઠ બોલનાર, ઉલમાને તિરસ્કારથી જોનારો આગેવાન જે નિર્ણય લેશે તે તેની મન મરજીનો હશે, શરીઅતની વિરુધ્ધ હશે તો એ પોતે પણ ગુનેહગાર થશે અને જેટલી પબ્લિક એના પર અમલ કરશે તે સૌનો ટોટલ ગુનોહ પણ તેના માથે મૂકાશે.

**શરીઅતે મના કરેલાથી રોકાઈ જાવ !**

આ એટલા માટે લખવું પડયું કે ઘણા સમયથી આપણે જોતા, સાંભળતા તથા અનુભવતા આવીએ છીએ કે મોટા ભાગે ગામે ગામ, શહેર શહેર દીની સંસ્થાઓના મુતવલ્લીઓ, મસ્જિદ મદરસાના ટ્રસ્ટીઓ ઉપર જણાવેલામાંથી લગભગ ઘણા માણસો બીજા પ્રકારના જ જોવા મળે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) જેના કારણે જે દીની પોઝિટિવ પરિણામો આવવાં જોઈએ તે નથી મળતાં અને રસમ પ્રમાણે સંસ્થાઓ ચાલે જાય છે. મારે એ વિષયમાં અત્યારે વધારે આગળ નથી જવું પણ આજે કેવળ મસ્જિદોના મુતવલ્લીઓની હાલત, તેમની કારોબારની પદ્ધતિ તથા તેમના થકી બનતા તથા અમલમાં મૂકાતા નીતિ નિયમો પર નિખાલસપણે ચર્ચા કરવી છે. તમામ પોતાને સુન્ની કહેતા શહેરના ગામના મહોલ્લાના આગેવાનો તથા મસ્જિદોના ટ્રસ્ટીઓને તેમજ આમ પબ્લિકને પણ મારી વિનમ્ર અપીલ છે કે આ લખાણને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَની મહોબ્બતને દિલમાં જાગૃત રાખીને ખુદાના ખૌફ સાથે વાંચે અને આમાંનું જે કાંઈ એમના થકી થયું કે થતું હોય તેમાં જે શરીઅતથી મના હોય તેનાથી રોકાઈ જવા તથા રોકવા માટે તૈયાર થઈ જાય અને આગલી ભૂલોની જાહેર ભૂલની જાહેરમાં છુપીની છુપી રીતે તૌબા કરીને કરાવીને પોતાની તથા અન્યોની આખેરતને સંવારી લે એમાં જ સૌની બંને જહાનમાં ભલાઈ છે.

## ૫૦-૬૦ વરસ પહેલાં તમારા બાપદાદા શું હતા ?!

**આજકાલ** કેટલાક ઠેકાણે એવો રિવાજ ચાલે છે કે ભાઈ ! સૌ એકતાથી રહો ! ગમે તે ફિર્કામાં તમે માનતા હોઉ વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી વગેરે પણ હરીમળીને રહો ! ઈદો સૌ સાથે કરો ! વગેરે. ભાઈઓ ! એ એકતાના પ્રણેતાઓને અમારે કહેવું છે કે બેશક ! એકતામાં ફાયદા છે, પણ **જો તમારે એક જ પ્લેટફોર્મ પર રહેવું હતું તો અસલ પ્લેટફોર્મ તો અહલે સુન્નત વ જમાઅતનું જ છે, તપાસો ! આજથી ફક્ત ૪૦ થી ૬૦ વરસનો ઈતિહાસ અને ઈમાનદારીથી કહી આપો કે તમારા બાપદાદાઓ શું હતા ?! સુન્ની હતા કે નહીં ?! અગર હા ! અને સાચુ બોલશો તો હા જ છે !** તો પછી તમે એ બાપદાદાનું અહલે સુન્નતનું પ્લેટફોર્મ છોડીને કોઈ દેવબંદી જમાઅતી તો કોઈ વહાબી ગૈર મુકલ્લિદ (અહલે હદીષ) તો કોઈ મૌદૂદી એટલે કહેવાતા જમાઅતે ઈસ્લામી શાથી થઈ ગયા ?! અને હવે કહો છો કે, ''સમય આવી ગયો છે કે સર્વ મુસ્લિમો એક થઈ જાય !'' તો પહેલા મુસ્લિમ તો થાવ ! તમો તો જાતે જ અહલે સુન્નતના ભવ્ય પ્લેટફોર્મથી નીકળી જઈને અલગ અલગ પ્લેટફોર્મ બનાવી બેઠા છો ! માટે સૌ તૌબા કરીને આ અહલે સુન્નતના એક પ્લેટ ફોર્મ પર આવી જાવ તો સૌ એક જ છે ! કેવળ એકતાની બૂમો પાડી કૌમના માટે મગરનાં આંસૂ ન વહાવો !

## આલિમેદીન પર સેન્શરશીપ !

આપણા સુન્ની કહેવાતા કેટલાક ભાઈઓ પણ આવી એકતાનાં ભ્રામક સૂત્રોથી અંજાઈને તેમના પ્રતિ આકર્ષાવા લાગે છે અને ન કરવાનાં કામો તથા પ્રોગ્રામો કરી બેસે છે. આજકાલ એક વાત ખૂબ જ આમ થતી જોવા મળે છે કે મસ્જિદોમાં ઈમામ રાખવામાં આવે છે તો તેની સાથે શરતો કરાય છે કે, જુઓ ! અહીં કોઈ ફિર્કાબંધીની વાત કે કોઈના રદમાં બયાન કરવું નહીં ! કોઈપણ ગૈર ફિર્કાવાળો મરી જાય તો તેની જનાઝાની નમાઝ પઢાવવી પડશે તથા તેના નિકાહ પઢાવવા પડશે ! કોઈ ફિત્નાની વાતો નથી કરવાની, બયાનમાં આવું બોલવાનું, આવું નહીં !! .... વગેરે વગેરે. એટલે આવનાર **આલિમે દીન પર સેન્સરશીપ** લાગુ પાડવામાં આવે છે કે **તમે ભલે રહ્યા આલિમ પણ આજથી અમારા નોકર ! શરીઅતની નહીં અમારી મનમાની વાતો કરવાની તથા બોલવાની રહેશે !**

આવું કહીને મૌલાનાને બાંધી લેવામાં આવે છે અને ઘણા મૌલાના એવા પણ છે કે આવી શરતોને મને કમને સ્વીકારીને દીનના ખાદિમને બદલે મુતવલ્લીના નોકર બનીને રહી ગયા છે ! આલિમે દીનનું તો કામ જ એ છે કે જ્યાં પણ દીન તથા શરીઅત વિરુધ્ધ વાત જુએ તેને સારા તરીકાથી રોકે, પબ્લિકને સમજાવે અને દીન તથા શરીઅત પર રહેવા ચાલવા સમજાવે. જરૂરત મુજબ સમય સંજોગોને પ્રમાણે બાતિલ ફિર્કાઓનો કુર્આન, હદીષ, બુઝુર્ગોના કૌલ સાથે ઠંડકથી રદ પણ કરે, નહીં કે વિના જરૂરતે કાંઈ સચોટ દલીલો આપ્યા વિના ઉશ્કેરાટમાં ઝાટકણી કાઢયા કરે ! નમાઝીભાઈઓને રિમાન્ડ પર લીધા હોય તેમ માઈક પર જોર જોરથી ત્રાડો પાડે ! એવી રદના તો અમો પણ વિરોધી છીએ, બસ ! ઠંડકથી કુર્આન, હદીષ, બુઝુર્ગોના કથનો, વાક્યા પેશ કરે અને પછી બાતિલ અકીદો તેઓની કિતાબોના હવાલાથી દર્શાવે અને ફેંસલો પબ્લિક પર જ છોડે કે હક્ક કોણ અને બાતિલ કોણ ?! તો કોઈને વાંધો ઉઠાવવાનો ચાન્સ જ રહેશે નહીં.

## નબીને વહાલા રાખે તે જ આપણા સગા વહાલાં રહેશે !

સાથોસાથ એક વાત જણાવી દઉં કે આજકાલ કોઈ પણ કહેવાતા પાક્કા સુન્ની, આશિકે રસૂલ, આશિકે અહલે બયતના ત્યાં જનાઝામાં જાવ પણ ત્યાં તમને બાતિલ ફિર્કાવાળા અચૂક જોવા મળશે જ ! (ઈલ્લા માશાઅલ્લાહ !) શા માટે ભાઈ ?! તો કહે કે એ સૌ **એમનાં સગાં વહાલાં છે !** વાહ ! **એમણે તો બાતિલ મઝહબ અપનાવી રસૂલે પાક ﷺની મહોબ્બત સાથેથી પોતાનો રિશ્તો કાપી નાખ્યો, છતાં હજી તમે તેમની મહોબ્બતમાં ચૂર છો !** કે તેમને બોલાવવા જ પડે ! શાદીમાં ગમીમાં સગાં સ્નેહીઓ (વહાલાં) જ આવે છે ને ! આ છે આપણી સુન્નિયત ! કે તે મરી જાય કે તેમના ત્યાં શાદી હોય તો આપણે જવું પડે અને ત્યાં જઈને તેની જનાઝાની નમાઝ વગેરેમાં જોડાવાનું પણ ખરું ! તો આ મહોબ્બતો દુનિયા તથા આખેરતમાં કેટલી ભારરૂપ તથા ખતરનાક પુરવાર થશે અને મસ્જિદોના ટ્રસ્ટીઓને એ મનમાની આગેવાનીનો શોખ કેટલો ભારે પડશે તેને સૂચવવા માટે અત્રે હું એના સંબંધે એક ફત્વો રજૂ કરી રહ્યો છું. ગંભીરતાથી સાંભળો ! **આ હુકમ ન મારો છે ન કોઈ મુફતીના મોઢાનો છે પણ આ કુર્આન, હદીષના હુકમો છે જેના પર ઈમાન રાખનાર મુસલમાન છે અને કુર્આન હદીષથી વિમુખ થનાર કોણ તે તમે સમજી શકો છો !** માટે તમારી ભલાઈ, સમાજની ભલાઈ માટે આ ફત્વાનો અભ્યાસ કરો અને તમારામાંથી જેનાથી જે ભૂલ થઈ હોય, જાહેર ભૂલની જાહેરમાં છુપીની છુપી રીતે તૌબા કરી લો ! તો તમારી બંને દુનિયા આબાદ થઈ જશે.

## ઈસ્લામ સિવાયના અન્ય માર્ગો અસામાજિક છે !

કેટલાક ભાઈ કહે છે કે, "તમારી વાત સાચી પણ આ તો સમાજમાં રહેવાનું એટલે બધું કરવું પડે !" તો **સાંભળો ! સમાજ વ્યવસ્થા કેવી હોવી જોઈએ અને તેનું શું બંધારણ છે તે અલ્લાહ વ રસૂલે દર્શાવી આપ્યું છે, આપણું ઈમાન કહેવાતા સમાજના કાનૂન પર નથી ! પણ કુર્આન હદીષ પર છે. એટલા માટે જે રીતનો સમાજ અને જે માર્ગ અલ્લાહ વ રસૂલના ફર્માન મુજબ હોય તે સાચો અને બાકી કહેવાતો સમાજ જો અલ્લાહ વ રસૂલના ફર્માનથી અલગ જતો હોય તો તે સમાજ જ નથી ! પણ અસામાજિક માર્ગ છે !** અને તે યકીનન ! જહન્નમ તરફ જનાર માર્ગ છે, માટે સર્વ તરંગ, તુક્કા અને ખોટા ભરમોને ત્યાગી દો અને શરીઅતના કાનૂનોને અપનાવી લો, જો તમે મુસલમાન હોઉ તો ! લો આપની સેવામાં શરીઅતનો કાનૂન હાજર છે :–

## એક જરૂરી ફત્વો

શું ફર્માવે છે દીનના ઉલમા નીચેના મસાઈલ વિશે કે આજકાલ સુન્ની મસ્જિદના ટ્રસ્ટીઓ ઈમામને રાખતી વખતે આ શરતો રાખે છે :–

**(૧)** બયાનમાં કોઈ ફિર્કાની રદ કરશો નહીં. **(૨)** કોઈ દેવબંદી વગેરે મરી જાય તો તેમની જનાઝાની નમાઝ પઢાવવી પડશે. **(૩)** દેવબંદીનો નિકાહ પઢાવવો પડશે **(૪)** જો કોઈ વહાબી બદ્અકીદા મરી જાય તો મસ્જિદમાં એલાન કરવું પડશે કે ફલાણા મર્હૂમનો જનાઝો ઉઠાવવાની તૈયારી છે...... વગેરે.

હવે સવાલ એ છે કે :–

**૦૧.** જે ટ્રસ્ટીઓ આવી શરતો રાખે અને ઈમામને બદ્અક઼ીદાની નમાઝ તથા નિકાહના માટે મજબૂર કરે તો શરીઅતની રૂએ તેમના બારામાં શો હુકમ છે ?

**૦૨.** શરીઅતની રૂએ શું તેઓ ટ્રસ્ટી રહેવાને લાયક છે ?

**૦૩.** લાયક ન હોવાની સ્થિતિમાં જો તેઓ જબરદસ્તી ટ્રસ્ટીનો હોદ્દો ન છોડે તો શરીઅતની રૂએ શું કાર્યવાહી કરવામાં આવે ?

**૦૪.** જો ટ્રસ્ટી એવું કરે કે વહાબીની જનાઝાની નમાઝ આપણે ન પઢાવીએ તો વહાબી આવીને તેની નમાઝ પઢાવશે અને આ રીતે વહાબિયતને ગામમાં ઘુસવાનો માર્ગ મળશે. તો શું આ બહાનુ શરીઅતમાં માન્ય છે ? અને એના પર એમને શું જવાબ આપવામાં આવે ?

**૦૫.** અને જે ટ્રસ્ટી બયાનમાં રદ્દે વહાબિયહ્ પર નારાજ થતા હોય અને એવું બયાન કરવાને ફિત્નો કહેતા હોય અને એ સિવાય બયાન કરવા પર દબાણ કરતા હોય તો શરીઅતની રૂએ એમના પર શો હુકમ છે ?

**૦૬.** જે ઈમામ દેવબંદીની જનાઝાની નમાઝ પઢાવી આપે અને એવું કહે કે, મેં ન તો નિય્યત કરી, ન તો કાંઈ પઢયો, કેવળ ચાર તકબીરો કહી દીધી ! તો એના પર શો હુકમ છે ?

**૦૭.** જાણી જોઈને કે અજાણપણે કોઈ વહાબી તથા બદ્અક઼ીદાના નિકાહ પઢાવવા પર શો હુકમ છે ?

**૦૮.** કેટલાક લોકો કહે છે કે ફલાણાને વહાબી સુન્ની એવું કાંઈ નથી, તો એવા માણસની નમાઝે જનાઝા તથા એવાના નિકાહ પઢાવવા વિશે શો હુકમ છે ?

**૦૯.** એક માણસ વરસોથી વહાબી મસ્જિદમાં તેના ઈમામ પાછળ નમાઝ પઢતો હતો, તે મરી ગયો. તેના મરવા પર કેટલાક ભાઈઓ એવું કહે છે કે શું ખબર કે તે દેવબંદી જ હતો ? તેમની પાછળ નમાઝ પઢતો હતો, તો એવા તો કેટલાય સુન્નીઓ છે જેઓ હરમૈનમાં નજ્દી ઈમામ પાછળ નમાઝ પઢે છે ! તો એનો શું જવાબ આપવો ?

**૧૦.** જે લોકોએ તથા જે ઈમામે વહાબી, દેવબંદી વગેરેની જનાઝાની નમાઝ અજાણમાં પઢી લીધી તો તેઓ હવે શું કરે ? તૌબા કરે, કલ્મો પઢે અને નિકાહ દોહરાવે ? કે કેવળ તૌબા પૂરતી છે ?

**૧૧.** દેવબંદી વગેરે માટે માઈક પર "મર્હૂમ" કહીને એલાન કરવું કેવું ?

**૧૨.** એક ગામમાં એવો રિવાજ છે કે કોઈ સુન્ની મરી જાય તો સુન્ની દેવબંદી સૌ પોત પોતાની મસ્જિદોમાં એલાન કરે છે અને જનાઝાની નમાઝના માટે એક (સુન્ની) મસ્જિદવાળા બીજી (દેવબંદી) મસ્જિદવાળાની રાહ જુએ છે એ પ્રમાણે દેવબંદી મરી જાય તો તેઓ સુન્ની મસ્જિદવાળાની રાહ જુએ છે. તો એમના પર શો હુકમ છે ? આવું કરવું કેવું છે ?

**૧૩.** જે લોકો દેવબંદી ઈમામની પાછળ અત્યાર સુધી દેવબંદી મૈયતની જનાઝાની નમાઝ પઢતા રહ્યા તેમના વિશે શરીઅતનો હુકમ છે ?

દલીલસભર જવાબ અર્પણ કરી કૌમની રહનુમાઈ ફર્માવશો અને શુક્રિયાનો મોક઼ો આપશો. જઝાકલ્લાહ !

[પ્રશ્નકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## વિશ્વ વિખ્યાત અરબી યુનિવર્સિટી જામિઆ અશરફિયા-મુબારકપુરના મુફતીનો જવાબ

**અલ્જવાબ** : બદ્‌મઝહબોની રદ જરૂરી છે. ઉલમાએ કિરામની એ જિમ્મેદારી છે કે પબ્લિકને બદ્‌મઝહબ ફિર્કાઓની બદ્‌મઝહબીથી વાકેફ કરાવે. જે આલિમ આવું ન કરે તે (અલ્લાહ તરફથી) સખત ધમકીને પાત્ર છે. હદીષમાં છે, હુઝૂર અક્દસ ﷺ ઈર્શાદ ફર્માવે છે, (અર્થ) : **"જ્યારે ફિત્ના અથવા ફર્માવ્યું બદ્‌મઝહબીઓ જાહેર થાય અને મારા સહાબીઓને બુરા કહેવામાં આવે તો વાજિબ છે કે આલિમ પોતાનો ઈલ્મ જાહેર કરે. જે આવું કરશે નહીં તેના પર અલ્લાહ, ફરિશ્તાઓ અને માનવો સૌની લઅનત છે. અલ્લાહ તઆલા ન તેના ફર્ઝ કુબૂલ કરશે ન નફ્લ."**

મુજદ્દિદે આ'ઝમ, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્‌માં લખે છે કે જ્યારે હરમૈન શરીફૈન (મક્કા-મદીના)ના ઉલમા નાનોત્વી તથા ગંગોહી તથા થાનવી (દેવબંદી પેશ્વાઓ)ની સંબંધે નામ સાથે સ્પષ્ટતા કરી ચૂક્યા છે કે એ સૌ કાફિર તથા મુર્તદો છે અને એ કે **"જે એમના કુફ્રમાં શંકા કરે તે પણ કાફિર."** ન કે એમને પેશ્વા તથા અહલે સુન્નતના સરતાજ જાણવા ! વિના શંકાએ જે એવું જાણશે તે હરગિઝ હરગિઝ કેવળ બિદઅતી તથા બદ્‌મઝહબ નથી બલ્કે **તદ્દન કાફિર** તથા **મુર્તદ** છે. અને એ તમામ હદીષો "હુસ્સામુલ હરમૈન" (કિતાબ)માં નકલ થયેલ છે, સ્થાન પામેલ છે. નિઃશંક ! તેનાથી દૂર ભાગવું અને તેને પોતાનાથી દૂર કરવું, તેનાથી અદાવત, તેની તૌહીન, તેની રદ કરવું ફર્ઝ છે, અને તા'ઝીમ કરવી હરામ અને ઈસ્લામને બર્બાદ કરનાર છે. તેને સલામ કરવી હરામ, તેની પાસે બેસવું હરામ, તેની સાથે ખાવું પીવું હરામ, તેની સાથે શાદી વિવાહ હરામ અને સંભોગ તદ્દન ઝિના. અને બીમાર પડે તો તેને (ખબર) પૂછવા જવું હરામ, મરી જાય તો તેના જનાઝામાં હાજરી, તેને ગુસલ-કફન આપવું હરામ, તેના પર **જનાઝાની નમાઝ પઢવી હરામ** અને **બલ્કે કુફ્ર**, તેનો જનાઝો પોતાના ખભાઓ પર ઉઠાવવો, તેના જનાઝા સાથે ચાલવું હરામ, તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવું હરામ, તેની કબ્ર પર ઉભા રહેવું હરામ, તેના માટે **મગફેરતની દુઆ** અથવા ઈસાલે સવાબ **હરામ બલ્કે કુફ્ર**. વલ્અયાઝુ બિલ્લાહિ રબ્બિલ આલમીન. *(ફતાવા રઝવિય્યહ્‌, જિલ્દ-૬, પેજ-૧૦૮)*

કોઈ ઈમામને રાખતી વખતે એ **શર્ત રાખવી સખત હરામ** તથા **ગુનોહ** છે કે બયાનમાં કોઈ ફિર્કાની રદ ન કરે, વહાબી દેવબંદી મરી જાય તો તેની જનાઝાની નમાઝ પઢાવવી પડશે, દેવબંદીના નિકાહ પઢાવવા પડશે.... વગેરે વગેરે. વર્ણન થઈ ચૂક્યું કે **બદ્‌મઝહબોની રદ કરવી ફર્ઝ** છે. હુઝૂર અક્દસ ﷺની શાને પાકમાં ગુસ્તાખી કરનારાઓની કુર્આન મજીદમાં સખત બુરાઈ વર્ણન થયેલી છે. બદ્‌મઝહબોની **રદથી રોકવું ફર્ઝથી રોકવું છે.** વહાબીઓ, **દેવબંદીઓની જનાઝાની નમાઝ** પઢવી કતઈ **હરામ** તથા **કુફ્ર** છે. કુર્આન મજીદે કાફિરોની જનાઝાની નમાઝ પઢવાથી મના કર્યું છે. ઈર્શાદ છે : (અર્થ) : "કદી નમાઝ ન પઢો તેમના કોઈ મુડદા પર ન તેમની કબ્ર પર ઉભા રહો, તેમણે અલ્લાહ વ રસૂલની સાથે કુફ્ર કર્યું અને મરતા દમ સુધી બેહુકમ રહ્યા." *(સૂ. તૌબા, પા. ૧૦, આ. ૮૪)* દેવબંદીઓ વહાબીઓની જનાઝાની નમાઝ **પઢાવવાનો હુકમ** આપવો જાણે કતઈ **હરામ બલ્કે કુફ્રનો હુકમ આપવું છે.** દેવબંદી, વહાબી વગેરે બદ્‌મઝહબ જેની બદ્‌મઝહબી કુફ્રની હદ સુધી પહોંચી ચૂકી હોય છે તેમનો નિકાહ હરામ. તેના **નિકાહ પઢાવવાનો હુકમ આપવો હરામ કાર્ય** કરવાનો હુકમ આપવું

છે. જે ટ્રસ્ટી આવો વાયદો લે કે બદ્તરીન ફાસિક઼ તથા ફાજિર બલ્કે ''રઝા બિલ કુફ્ર કુફ્ર'' (કુફ્રમાં રાજી રહેવું કુફ્ર છે)ના ગૃપમાં છે. 'શરહે ફિક઼્હે અકબર'માં છે :–

مَنْ لَقَّنَ غَيْرَهُ كَلِمَةَ الْكُفْرِ لِيَتَكَلَّمَ بِهَا، كَفَرَ الْمُلَقِّنُ۔۔۔وَمَنْ اَمَرَ اِمْرَاةً بِاَنْ تَرْتَدَّ اَوْاَفْتٰى بِهِ الْمُسْتَفْتِيَة كَفَرَالْاٰمِرُ وَالْمُفْتِىُّ كَفَرَتِ الْمُرْاَةُ اَوْ لَا (પેજ–૨૨૫)

કોઈ પણ ઈમામ આવી શરીઅત વિરુધ્ધની શર્તને ન સ્વીકારે. રઝ્ઝાક઼ અલ્લાહ ﷻ છે તેની ઝાત પર ભરોસો રાખે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૧ થી ૩** : એવા લોકો કદાપી કદાપી મસ્જિદના ટ્રસ્ટી બનવાને પાત્ર નથી. જો બની ગયા હોય તો તેમને વિના વિલંબે બરતરફ કરી આપે. જો સરળતાથી બરતરફ ન થાય તો ક઼ાનૂની કાર્યવાહી અથવા પબ્લિકના દબાણથી જે રીતે શક્ય હોય તેમને હટાવી દે. અને જો કોઈ સૂરત ન બની શકે તો તેમને દિલથી બુરા જાણે અને તેમની સાથે કોઈ વહેવાર ન રાખે, અને ઈમામ તેમના કહેવા પર અમલ ન કરે. જો વધારે દબાણ કરે તો ઈમામતથી હટી જાય, પણ કોઈ વહાબીની જનાઝાની નમાઝ ન પઢાવે અને ન નિકાહ પઢાવે, ન તો તેને મર્હૂમ કહીને તેના જનાઝા તથા દફન વિધિમાં હાજર થવાનું એલાન કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૪** : તેમનું એ ઉઝ્ર બલ્કે બહાનું શરીઅત આગળ માન્ય નથી. તેમનું એ કહેવું કે ગામમાં જો કોઈ વહાબી નમાઝ પઢાવશે તો વહાબિયતને ગામમાં ઘુસવાનો માર્ગ મળશે, એ (નાદાન) બાળકો જેવો જવાબ છે ! તેમને પૂછો કે જ્યારે કોઈ દેવબંદી ગામમાં નથી આવતો તો આ લોકો કેવી રીતે દેવબંદી કે વહાબી થઈ ગયા ?! તેમના આ શૈતાની બહેકાવામાં કદાપી ન આવશો. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૫** : એમનો હુકમ જવાબ : ૧ માં આવી ગયો. બદ્મઝહબોની રદ કરવી ફિત્નો નથી. બલ્કે સવાબનું કામ છે. હુઝૂર અક઼દસ ﷺ ફર્માવે છે : ''શું તમે ફાજિરના વર્ણન કરવાથી ડરો છો ?! જે ખરાબીની વાત કરે.'' એમાં છે ''બયાન કરી દો ! જેથી લોકો તેનાથી દૂર રહે (પરહેઝ કરે) અને બચે.'' (તિબ્રાની, બયહકી, તિર્મિઝી) જેના અમલ ફાસિદ (ખરાબ) હોય તેની ખરાબીઓને બયાન કરવાનો હુકમ રસૂલે પાક ﷺએ આપ્યો કે જેથી લોકો તેનાથી બચે અને દૂર રહે, તો જેનો અક઼ીદો જ ખરાબ હોય તેના અક઼ીદાની ખરાબીને બયાન કરી આપવી કે જેથી લોકો તેનાથી બચે અને દૂર રહે એ એથીયે વિશેષ કક્ષાએ જરૂરી છે. એવા લોકોને નમ્રતાપૂર્વક સમજાવવામાં આવે કે બદ્મઝહબોની રદ ફિત્નો નથી, જો એ લોકો માની જાય તો ઠીક, નહીં તો સમજી લો કે **તેમનાં દિલોમાં બીમારી** છે અને **તેમના અક઼ીદામાં ખરાબી** છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૬** : તે ઈમામ ધોકાબાઝ છે, હુકમ જાહેર પર લાગે છે. લોકોએ તેને દેવબંદીની નમાઝ પઢતાં જોયો. અને એવું પણ થઈ શકે છે કે એ ઈમામને જોઈને અન્ય ભોળા ભાળા સુન્નીઓએ પણ નમાઝ પઢી લીધી હોય, કે જ્યારે ઈમામ સાહબ પઢી રહ્યા છે તો અમે પણ પઢી લઈએ. એ ભોળા ભાળા લોકોના ગુનાહનો વબાલ એ જ ઈમામ પર પડશે. એટલા માટે એ ઈમામ પર પણ તૌબા વ ઈસ્તિગફાર વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૭** : અજાણપણે વહાબીનો નિકાહ અથવા જનાઝાની નમાઝ પઢવા પઢાવવાવાળા પર કોઈ ઈલ્ઝામ નથી. અને વહાબી જાણવા છતાં જેણે નિકાહ પઢાવ્યા તે તૌબા કરે અને નિકાહ પઢાવવાનો હદિયો પરત કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૮ :** જ્યારે તે સુન્ની નથી તો ન તેનો નિકાહ પઢે અને ન તેની જનાઝાની નમાઝ પઢે, ચાહે તે દેવબંદી વહાબી હોય કે અન્ય કાંઈ (ગુમરાહ) હોય. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૯ :** દિલનો હાલ અલ્લાહ ﷻ બેહતર જાણે છે, તે જ આલિમુલ ગયબિ વશ્શહાદહ્ છે, પરંતુ શરીઅતનો હુકમ જાહેર પર લાગુ પડે છે, જેમ કે કોઈ મુસલમાન કલ્મો પઢતો હોવા છતાં મૂર્તિઓને સજદો કરી લે અથવા પેશાની પર લાલ ટીલક લગાડી લે તો તેને **કાફિર** કહેવામાં આવશે કે એ બંનેવ કુફ્રી નિશાનીઓ છે. એ જ પ્રમાણે જો કોઈ શખ્સ વરસો સુધી વહાબી મસ્જિદમાં વહાબી ઈમામ પાછળ નમાઝ પઢતો રહ્યો અને એ જ હાલતમાં તેનો ઈન્તેકાલ પણ થઈ જાય તો તેના પર વહાબીના સર્વ હુકમો લાગુ થશે. જે લોકો નજદીઓના કુફ્રી અક઼ીદાઓથી વાકે઼ફ હોવા છતાં તેમની પાછળ નમાઝ પઢે એનો પણ એ જ હુકમ છે. પરંતુ સામાન્યતઃ લોકો હરમૈનના ઈમામના અક઼ીદા વિશે જાણતા નથી અને વળી ભોળા ભાળા લોકો હરમૈન તૈયેબૈનની પાકીઝગી, અઝમત તથા એહતેરામ તથા બુઝુર્ગી જોઈને તથા સવાબની અધિક્તાનો ખયાલ કરીને જમાઅતથી નમાઝ પઢી લે છે અને એવું વિચારે છે કે અહીંના ઈમામ બદ્અકીદા નહીં હોય. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૧૦ :** એનો જવાબ નં. ૭ માં આવી ગયો. જે લોકોને મૈયતના વહાબી કે દેવબંદી હોવાનો ઈલ્મ ન રહ્યો હોય તો એના જનાઝાની નમાઝ પઢી લેવાથી એમના પર કોઈ ઈલ્ઝામ નથી. ન તજદીદે ઈમાનની (તૌબા કરી કલ્મો પઢવાની) અને ન નિકાહ દોહરાવવાની જરૂરત, તેમના પર કેવળ શર્મિંદગી જાહેર કરવી (તૌબા) પૂરતી છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૧૧ :** હરામ સખત હરામ છે. મર્હૂમ કહેનાર તૌબા તથા ઈસ્તિગફાર કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૧૨ :** દેવબંદી મૈયતનું આપણી મસ્જિદમાં કદી પણ એલાન ન કરે અને જનાઝાની નમાઝમાં એમના આવવાનો હરગિઝ ઈન્તેઝાર ન કરે. શરઈ જરૂરત વિના જનાઝાની નમાઝ તથા દફનમાં મોડુ કરવું મના છે. અને દેવબંદીની જનાઝાની નમાઝ પઢવાનો હુકમ તો ઉપર વર્ણન થઈ ગયો જેથી ત્યાં જાય પણ નહીં. એ રિવાજ ખતરાથી ભરપુર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ ૧૩ :** જે લોકો એવું જાણવા છતાંય કે મૈયત દેવબંદી છે અને એ પણ રશીદ અહમદ ગંગોહી, ક઼ાસિમ નાનોત્વી, અશ્રફઅલી થાનવી જેવો કુફ્રી અક઼ીદો રાખતો હતો અથવા કમસે કમ તેમના કુફ્રી અક઼ીદાઓથી વાકેફ હોવા છતાં તેમને મુસલમાન તથા પેશ્વા માનતો હતો, તે **દેવબંદીની જનાઝાની નમાઝ પઢી તે તૌબા કરે, કલ્મો પઢે અને પત્નીવાળો હોય તો પોતાની પત્નીઓથી નિકાહ પણ દોહરાવે**. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : **(મુફ્તી) મુહમ્મદ નસીમ**
*જામિઆ અશ્રફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુપી.*
(૨૪–રમઝાન હિ.સ. ૧૪૨૮, તા. ૭–૧૦–૨૦૦૭)

**મોહર**
**જામિઆ અશ્રફિયા**
**મુબારકપુર**

બસ ! કોઈ ટીકા ટીપ્પણ કરવા નથી માંગતો ઉપરોક્ત શરઈ હુકમોનો વારંવાર અભ્યાસ કરો અને એના પર સત્વરે અમલ કરવા કોશિશ કરશો. રબ્બે કરીમ આપણને સૌને જહન્નમ તરફ જતા માર્ગોથી દૂર રહેવાની તૌફીક઼ આપે અને દરેક ગુનાહથી તૌબાની તૌફીક આપે. પણ એટલું કહેવું છે કે......

## ઈમામો કદાપી આવો ખતરનાક સોદો ન કરે !

અમને આશ્ચર્ય એ મોલ્વીઓ તથા ઈમામો ઉપર પણ થાય છે કે એઓ આટલી ખતરનાક શરત બે ટકાની નોકરી માટે કેમ સ્વીકારી લે છે ?! કે જેમાં કુફ્ર કરવાનું બંધન હોય છે ! કેમ કે બદ્અક઼ીદાની જનાઝાની નમાઝ પઢવી, મગફેરતની દુઆ કરવી કુફ્ર છે, તેમજ દુલ્હા–દુલ્હનમાં કોઈ એક પણ વહાબી હશે તો તેના નિકાહ પઢાવવા હરામ અને જે એને હલાલ તથા જાઈઝ સમજીને પઢાવશે તે તો ઈમાનથી હાથ ધોઈ બેસશે. માટે જરૂર પ્રથમ તેહક઼ીક કરી લે પછી નિકાહ પઢાવે. જેઓ આ શરતોનું પાલન કરે છે તેઓ ઉપરોક્ત ફત્વો વાંચે અને વિચારે કે પોતે કયા જહન્નમના ખાડા પ્રતિ પ્રયાણ કરી રહ્યા છે અને લોકોને કરાવી રહ્યા છે ?! એવા હઝરાત તાત્કાલિક જાહેરમાં તૌબા કરી લે, અને જે રીતે શરીઅતના હુકમો દર્શાવ્યા તેના પર અમલ કરે. રોજીનો રઝ્ઝાક઼ મસ્જિદનો ટ્રસ્ટી નથી ! પણ રોજી આપનાર રબ્બે કરીમ છે !

**કી મુહ઼મ્મદ ﷺ સે વફ઼ા તૂને તો હમ તેરે હૈ**
**યહ જહાં ચીઝ હૈ કયા, લોહો કલમ તેરે હૈ**

જો સામૂહિક રીતે સર્વ ઈમામો, મૌલાના હઝરાત આવી શરતોનો વિરોધ કરશે તો કોઈ નાદાન ટ્રસ્ટી એવું કરવાની હિંમત કરશે નહીં. (ઈન્શાઅલ્લાહ !)

ટ્રસ્ટી સિવાય ગામના કે સમાજના જાગૃત સમજદાર લોકો પણ આ વાતોને ગંભીરતાથી વિચારીને જો તેમને ત્યાં આવું ચાલતુ હોય તો મહોબ્બતથી મુતવલ્લીઓને સમજાવી એ મહાન ગુમરાહીના માર્ગને બંધ કરાવે અને સુન્નિયતને કમજોર કરી રહેલા આ તીવ્ર પરિબળનો ખાત્મો બોલાવે.

**ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ**
**લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા**


**ખુશખબર ! ખુશખબર ! ખુશખબર ! ફક્ત રૂા. ૧૨૦/ ભરીને**

**"બરકાતે ખ્વાજા" માસિકના ગ્રાહક બનો અને**

**રૂા. ૨૦૦ની કિતાબો ફ્રીમાં મેળવો**

**તા. ૧-૧૦-૨૦૦૭થી ૧-૧૨-૨૦૦૭** સુધીમાં **"બરકાતે ખ્વાજા"** માસિકનું લવાજમ ભરનારને તોહફા રૂપે નીચેની કિતાબો ફ્રીમાં આપવામાં આવશે.

કિતાબનું નામ
- સીરતે સૈયદુલ મુરસલીન ﷺ (ભાગ-૧)
- સીરતે સૈયદુલ મુરસલીન ﷺ (ભાગ-૨)
- સીરતે સૈયદુલ મુરસલીન ﷺ (ભાગ-૩)

સંપાદક : જનાબ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી પાટડીવાળા

સરકારે દો જહાં ﷺની સીરતે પાક પર ખૂબ જ વિસ્તૃત વર્ણન આ કિતાબમાં દર્શાવ્યું છે. આપના દુનિયામાં તશરીફ લાવ્યા પહેલાંથી આપના દુનિયાથી પર્દો ફર્માવ્યા બાદ સુધીના પ્રસંગો, આપના મુકદ્દસ મો'જિઝાઓ, ઈસ્લામી જંગો... વગેરેનું શાનદાર ઈમાન અફરોઝ વર્ણન આ કિતાબમાં રજૂ થયેલું છે, તેને વાંચો અને ઈશ્કે નબી ﷺમાં વધારો કરો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કિંમત લગભગ **રૂા. ૨૦૦** (કુલ) પણ **"બરકાતે ખ્વાજા"** માસિકના ગ્રાહક થનારને ફ્રીમાં આપવામાં આવશે.

-કાર્યાલય

# તફસીરે ઝિયાઉલ કુરઆન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَهِلَّةِ ؕ
قُلْ هِیَ مَوَاقِیْتُ لِلنَّاسِ وَ الْحَجِّ ؕ وَ لَیْسَ الْبِرُّ بِاَنْ تَاْتُوا
الْبُیُوْتَ مِنْ ظُهُوْرِهَا وَ لٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقٰى ۚ وَ اْتُوا الْبُیُوْتَ
مِنْ اَبْوَابِهَا ۪ وَ اتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ (۱۸۹)

**તર્જુમો** : પૂછે છે તમને[૨૩૦] નવા ચાંદોના વિશે (કે એ કેમ કરીને ઘટે વધે છે) ફર્માવો, એ સમયની નિશાનીઓ છે લોકોના માટે અને હજ્જના માટે, અને એ કાંઈ નેકી નથી કે તમે દાખલ થાવ ઘરોમાં તેમના પાછળના ભાગેથી. હા ! નેકી તો એ છે કે માણસ તક્‌વો ધારણ કરે. અને આવ્યા કરો ઘરોમાં[૨૩૧] તેમના દરવાજાઓથી અને ડરતા રહો અલ્લાહથી એ ઉમ્મીદ પર કે કામયાબ થઈ જાવ.

**તફસીર..............**

**૨૩૦** : કુદરતની કરિશ્માસાઝી જુઓ, એક તરફ પ્રકૃતિનાં દશ્યોને એટલાં સુંદર બનાવી આપ્યાં કે દિલ અનાયાસે તેના પ્રતિ આકર્ષાતાં ચાલ્યાં જાય છે બીજી એમાં એટલું અધ્યાહન રાખી દીધું કે લાખ માથુ પછાડે પણ તેની મનોહરતા તથા સુંદરતાનું રહસ્ય માલૂમ નથી થતું. અને એના પર ઉપરથી પાછુ એવું કર્યું કે ખોજ લગાડવાની તડપ અને રહસ્ય પામવાની બેતાબીઓને સામેલ કરી દીધી. કદી તમે ચિંતન કર્યું કે શા માટે ? એટલા માટે કે એના વિના કાયનાત (સૃષ્ટિ)ની દુલ્હન પર ન તો નિખાર આવી શક્તો હતો અને ન એ લાયકાતો પ્રદર્શિત થઈ શક્તી હતી જે કમાલની હિકમત સાથે ખાકી આદમમાં સમાવી દેવામાં આવી હતી. એક સમય એવો આવ્યો કે માણસ જ્યારે એ અધ્યાહનથી પર્દો ન ઉઠાવી શક્યો તો હુસ્ન (સુંદરતા)ના પ્રભાવ અને મનોહરતાના જલાલની સામે સજદામાં પડી ગયો. પછી શું હતું ! કાયનાત પર સ્થિરતા છવાઈ ગઈ. દરેક ચીજ રંજમય, દરેક દશ્ય ઉદાસ જણાવા લાગ્યું. કેમ કે તે હાથ જામ (સ્થિર) થઈને રહી ગયો હતો જે કાયનાતની ઝુલ્ફોના શણગાર માટે પેદા થયો હતો અને ફિત્નો ઉદ્‌ભવ કરનાર તથા હુસ્નની દીવાની પ્રકૃતિને નિષ્ક્રિય કરી દેવામાં આવેલ હતી. બુદ્ધિ તથા દષ્ટિના સર્વ ચિરાગો બુઝાવી દેવામાં આવ્યા હતા. રોનક આવતી તો ક્યાંથી ?! બારોનક થતી તો કઈ ચીજ ? ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબે મુકર્રમ ﷺ ને મોકલ્યા, જેમણે આવીને ઈન્સાનની આંખેથી જેહાલતની પટ્ટી ખોલી. તેની અંજાઈ ગયેલી આંખોને તાજી બિનાઈ (દષ્ટિ) અર્પણ કરી અને તેને જણાવ્યું કે આ ચાંદ સૂરજ, આકાશ તથા પૃથ્વી, પહાડ તથા ટેકરી, નદી તથા રણો તારા થકી સજદો કરવાને પાત્ર (મસ્જૂદ) નથી તારા થકી તેમની ઈબાદત કરવાને પાત્ર (મઅબૂદ) નથી, બલ્કે તારા ગુલામ છે તું ઉત્સાહભેર કદમ ઉઠાવ તો ખરો ! તેમનો સઘળો ગર્વ તારા માર્ગમાં કચડાવા માટે બેચૈન છે. તું દુનિયાને જોનારી આંખ ખોલીને જો તો ખરો ! તેની સર્વ સુંદરતાઓ પોતાનો નકાબ ઉલટવા માટે બેતાબ છે અને તું એનાથી ડરીને ગભરાઈ જઈને દૂર ભાગવાની કોશિશ કરે છે ! અને જ્યારે ભાગી નથી શક્તો તો બેહોશ થઈ એના કદમોમાં સજદામાં પડી જાય છે ! ફારાનની ટોચોએથી એક મસીહાએ માનવીમાં સૂઈ રહેલી શક્તિઓ બલ્કે માનવીના સૂઈ રહેલા તકદીરને જાગૃત કર્યું :–

**જહાં અગર યે દિગર ગૂં હૈ કુમ્ બિ ઈઝ્નિલ્લાહ**
**વોહી ઝમીં વોહી ગર દૂં હૈ કુમ બિ ઈઝ્નિલ્લાહ**
**કિયા નવાએ અનલ હક્ક કો આતિશેં જિસને**
**તેરી રગોંમેં વોહી ખૂન હૈ કુમ્ બિ ઈઝનિલ્લાહ**

જ્યાં સુધી માણસની વૈચારિક ભૂલને સંબંધ હતો તેની સુધારણા કરી દેવામાં આવી. તેમને જણાવી દેવામાં આવ્યું કે કાઈનાતની મોટામાં મોટી કોઈ ચીજ મઅબૂદ નથી, બલ્કે તમારા માટે પેદા કરવામાં આવી છે. તમારો તથા કાયનાતની દરેક ચીજનો ખાલિક્ અલ્લાહ વહદહૂ લા શરીક છે. અને આ હકીકતને એટલી સ્પષ્ટ કરી આપી કે શંકાકુશંકાનો સાયો પણ ન છોડયો પરંતુ એના પછી ? તે જ કાઈનાતની આકર્ષકતા હતી, તે જ એનું રહસ્ય હતું અને તે શોધખોળના જઝબાની ચુભન હતી. જ્યારે તેઓ આ ઉલઝનને હલન કરી શક્તા તો હુઝૂર નબી કરીમ ﷺની ખિદમતમાં આવીને એનો હલ શોધ્યા કરતા એ ઉમ્મીદ પર કે જેણે આપણને આટલી મોટી ચિંતનમય મુસીબતથી બચાવ્યા છે તે જ આ મુશ્કેલીને આસાન કરી આપશે. તેમની આ આ અપેક્ષા ન અસ્થાને હતી અને ન અયોગ્ય. પરંતુ આ ઉસ્તાદે કામિલનો પ્રેમભાવ તેમની એ ખ્વાહિશ પૂર્ણ કરવા માટે તૈયાર ન થયો, કેમ કે એમાં એમનું સરાસર નુકસાન હતું. તમે કદાચ પૂછશો કે એ કેવી રીતે ? તો સાંભળો ! જો કોઈ ટીચર ગણિતના સર્વ દાખલા ખૂદ હલ કરીને આપી દીધા કરે અને પોતાના વિદ્યાર્થીઓને પોતાનું દિમાગ વાપરવાનો મોકો જ ન આપે તો શું તેઓ ગણિતમાં નિપૂણતા પેદા કરી શક્શે ? કદી તેમનામાં આત્મ વિશ્વાસની ભાવના જાગશે ? અને પ્રેમભાવના કમાલનો તકાઝો એ જ છે કે વિદ્યાર્થી પોતાની બુદ્ધિ વડે એ કોયડાને હલ કરે. હુઝૂરે અકરમ ﷺ સર્વ એવા સવાલોનો જવાબ આપવાથી એટલા માટે જાણીબુઝીને રોકાઈ રહ્યા કે ઉમ્મત પોતાની દિમાગી તથા રૂહાની શક્તિઓને કામે લગાડીને એ ચીજોને અંકુશ હેઠળ તથા આજ્ઞાંકિત બનાવી આપે. જો હુઝૂર ﷺ ખગોળ વિજ્ઞાન તથા મેડિકલ સાયન્સ વગેરેનાં રહસ્યોથી ખૂદ પર્દો ઉઠાવી આપત તો ઉમ્મતની બુદ્ધિઓ વાંઝયી બનીને રહી જાત. અને **افلا تعقلون افلا تتفکّرون** અને **افلا تتدبرون**ની પ્રોત્સાહિત કરતી પુકાર પર કઈ રીતે લબ્બૈક કહી શકાતી ?! એ જ પ્રકારનો આ સવાલ છે અને એનો જવાબ ચાંદનું જાહેર થવું, એક અંદાજથી અને વધવું પછી ઘટવું અને પછી ગાયબ થઈ જવું એક વિચિત્ર પ્રકારની વાત હતી, જેનું કારણ જાણવા માટે રહી રહીને દિલમાં શોખ જાગતો. સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ એનું કારણ પૂછયું તો અલ્લાહ તઆલાએ એ પ્રશ્નનો જવાબ ન આપ્યો, કેમ કે એનો જવાબ આપણે જાતે જ શોધવાનો હતો. બલ્કે ચાંદના ઘટવા વધવાના ફાયદા જણાવી આપ્યા કે એનાથી તમે તમારી ઈબાદતો, લેણ દેણ વગેરેના સમયો નક્કી કરી શકો છો. અને આ ઉઘાડી જંત્રી (કેલેન્ડર) છે જેનાથી દરેક ભણેલો કે અભણ, શહેરી હોય કે ગામડિયો સમય જાણી શકે છે. હુઝૂર ﷺના આ મૌનથી જે તદ્દન મસ્લેહત પ્રમાણે અને સરાસર પ્રેમ તથા રહમતનો ઝરો છે અમુક કુબુદ્ધિવાળા એ પરિણામ તારવવા લાગ્યા છે કે હુઝૂર ﷺને નઊઝુબિલ્લાહ ! એ બાબતોનો ઈલ્મ ન હતો, અને ખામોશી અજ્ઞાનતાના કારણે હતી. પણ એ કઈ રીતે સ્વીકારી લેવામાં આવે કે હુઝૂરને એટલો પણ ઈલ્મ ન હતો જેટલો મિડલ કે મેટ્રીકના એક વિદ્યાર્થીને હોય છે, કેટલી અયોગ્ય વાત છે !

**૨૩૧.** ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી કે અરબના લોકોનો એ દસ્તૂર હતો કે જ્યારે એહરામ બાંધી લેતા અને તેમને ઘરમાં દાખલ થવાની જરૂરત પડતી તો દરવાજાઓએથી ન પ્રવેશતા બલ્કે પાછળથી દિવાલમાં કાંણુ પાડીને દાખલ થતા રહેતા અને તેને મહાન નેકી સમજતા. આ નિરર્થક હરકતથી તેમને રોકી દેવામાં આવ્યા. અમુક ઉલમાએ ફર્માવ્યું કે જો કોઈ કામ સહીહ તરીકાથી કરવામાં આવે તો અરબ કહેતા **اِنَّهٗ اتی البیت من بابه** એટલે એણે સહીહ તરીકાથી આ કામ કર્યું. અને જો ગલત તરીકાથી કામ કરે તો કહેતા **انه لم یات البیت من بابه** અહીં પણ પ્રશ્નકર્તાઓને દર્શાવવામાં આવ્યું કે, એ ચીજોને પૂછવાનો એ તરીકો નથી કે ઉઠયા અને નબીથી પૂછી લીધું, બલ્કે એનો સહીહ તરીકો એ છે કે પોતાના સોચ વિચાર, અનુભવો થકી એ સવાલોનો હલ શોધવામાં આવે. વલ્લાહુ અઅ્લમ.

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

## ★ હદીષ : ૫૫ ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મોટા ભાગે એવું ફર્માવતા હતા, હે દિલોને ફેરવનારા ! મારા દિલને તારા દીન પર અડગ રાખ ![1] મેં અર્ઝ કરી, યા નબી અલ્લાહ ! અમે તમારા પર અને તમારી લાવેલી સર્વ ચીજો પર ઈમાન લાવી ચૂક્યા, તો શું હજી તમો અમારા પર અંદેશો કરો છો ?![2] ફર્માવ્યું, હા ! લોકોનાં દિલો અલ્લાહની (કુદરતની) આંગળીઓમાંથી બે આંગળીઓની વચમાં જે તરફ ચાહે ફેરવી આપે[3]. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

અબૂ મસા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ કે દિલનું દૃષ્ટાંત એ પાંખની જેમ છે જે મેદાની જમીનમાં હોય જેને હવાઓ જાહેર બાતિન ઉલ્ટે પલ્ટે. *(અહમદ)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ કે તે સમય સુધી બંદો મો'મિન નથી થતો જ્યાં સુધી ચાર વાતો પર ઈમાન ન લાવે : ગવાહી આપે કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને હું અલ્લાહનો રસૂલ છું, મને અલ્લાહે હક્ક સાથે મોકલ્યો, અને મરવા તથા મૃત્યુ બાદ બાદ ઉઠવા[5] અને તક્દીર પર ઈમાન લાવે[6]. *(તિર્મિઝી વ ઈબ્ને હબ્બાન)*

રિવાયત છે હઝરત અબ્બાસથી, ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ, મારી ઉમ્મતના બે ગિરોહ[7] છે જેમનો ઈસ્લામમાં કોઈ હિસ્સો નથી. મુરજિયા અને કદરિયા.[8] એને તિર્મિઝીએ રિવાયત કરી અને ફર્માવ્યું આ હદીષ ગરીબ છે.

### સ....મ....જૂ....તી....

**૧.** આ દુઆ ઉમ્મતની તા'લીમના માટે છે જેથી કરીને લોકો સાંભળીને શીખી લે, નહીં તો નબી કરીમ صلی اللہ علیہ وسلمનું દીને હક્કથી હટી જવું એવું અશક્ય છે જેવું કે ખુદાનો શરીક હોવું. બલ્કે જેના પર આપ નિગાહે કરમ કરી આપે તે નથી ફસકી શક્તો. ઉષ્માન ગની رضی اللہ عنہને ફર્માવી આપ્યું કે જે ચાહો કરો ! પણ તે ગુનાહ ન કરી શક્યા. જેમ કે આગલા લખાણથી જાહેર છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! આ છે સહાબાએ કિરામનું ઈમાન ! દુઆ સાંભળતાં જ સમજી ગયા કે, આ દુઆ અમારા માટે છે ન કે ખૂદ હુઝૂરના પોતાના માટે. કેમ કે અલૈનાથી મુરાદ કયામત સુધીના આમ મુસલમાન છે, નહીં અમુક સહાબા હુઝૂર صلی اللہ علیہ وسلمના કરમથી એનાથી અપવાદ છે. હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે ઉમરના સાયાથી શૈતાન નાસે છે. હુઝૂરની નિગાહથી ડગમગતા જામી જાય છે. રબ તઆલા ફર્માવે છે :– اَلَاۤ اِنَّ اَوْلِیَآءَ اللّٰہِ لَاخَوْفٌ عَلَیْہِمْ وَلَاھُمْ یَحْزَنُوْن એની તફસીર અગાઉ ઘણીવાર આવી ગઈ.

**૩.** દિલ જાણે કે પાંદડુ છે અને દુનિયા મોટુ મેદાન અને સોહબતો તે જ હવાઓ છે. જો એ પાંદડુ કોઈ ભારે પથ્થરની નીચે આવી જાય તો હવાઓના ફોર્સથી બચી જાય છે. જો આપણે ગુનેહગાર કોઈ શયખ (શરીઅતના પાબંદ)ની પનાહમાં આવી જઈએ તો ઈન્શાઅલ્લાહ ! બેદીનીથી મેહફૂઝ રહીશું. પીરથી બયઅત કરવાનો આ જ હેતુ છે.

**૪.** મૌતમાં નાસ્તિકોની રદ છે કે તેઓ

વ્યક્તિગત મૌતને તો માનનારા છે પણ સામૂહિક મૌતને માનનાર નથી. અને ઉઠવામાં ક્યામતના મુન્કિરોની રદ છે, એટલે કે એ પણ માને કે આખા જગતનો નાશ થનાર છે અને એ પણ કે મૃત્યુ પછી સજા તથા બદલા માટે ઉઠવાનું છે. અને શક્ય છે કે મૌતથી મુરાદ વ્યક્તિગત મૌત હોય, અને ઉઠવાથી કબ્રથી ઉઠવું.

**૫.** અને ન "જબરિય્યહ્" બનીને માણસને તદ્દન લાચાર માને અને ન "ક્દરિય્યહ્" બનીને તક્દીરનો ઈન્કાર કરે, અને પોતાને કાદિરે મુત્લક જાણે.

**૬.** ઉમ્મતથી મુરાદ ક્યાં તો "ઉમ્મતે દા'વત" છે જેમાં કાફિર પણ સામેલ છે અથવા "ઉમ્મતે ઈજાબત" એટલે કે કલ્મા ગો જેમને જાતિની હૈસિયતથી મુસલમાન કહેવામાં આવે છે. જુઓ મુસલમાનોના ૭૨ નારી (જહન્નમી) ફિર્કા જાતિની રીતે મુસલમાન છે અને એક ફિર્કો નાજી (નજાત પામનાર) જે જાતિ રીતે પણ મુસલમાન અને મઝહબની રીતે પણ. જેથી હદીષ પર એ વાંધો નથી કે એ કાફિર ગિરોહોને હુઝૂર ﷺએ ઉમ્મત શા માટે ફર્માવ્યું.

**૭.** "મુરજિય્યહ્" કહે છે કે જેવી રીતે કાફિરને કોઈ નેકી લાભકારક નથી એવી જ રીતે મુસલમાનને કોઈ ગુનોહ નુકસાનકર્તા નથી, જે ચાહે કરે. આ જમાનાના અમુક દત્તાશાહી ફકીર અને અમુક રાફઝી તેમની યાદગાર છે જેમનો અકીદો છે કે દત્તાશાહને માની લીધા અથવા મોહર્રમમાં છાતી કૂટી લીધી પછી જેવું ચાહો કરો. "ક્દરિય્યહ" કહે છે કે તક્દીર કોઈ ચીજ નથી, અમે અમારા અમલોના ખાલિક્ અને મુખ્તાર છીએ. આ હદીષ પરથી જણાય છે કે આ બંનેવ ફિર્કા તદ્દન કાફિર છે. પણ ઉલમા ફર્માવે છે કે તેમનું કુફ્ર લુઝૂમી છે ન કે ઈસ્તેલઝામી જેથી તેમને કાફિર કહેવામાં સાવધાનીથી વર્તવું જોઈએ કેમ કે કુફ્રના સબૂત માટે ક્તઈ દલીલ જોઈએ. આ હદીષ ક્તઈ નથી.

પેજ નં. **૧૭** નું ચાલુ....

ચાહી. બિહમ્દિહી તઆલા મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની દુઆઓની બરકતથી આજે પણ ત્યાં અઝાન ખારિજે મસ્જિદ (અસલ મસ્જિદ બહાર) જ થાય છે. નમાઝ પછી ક્યામગાહ પર પહોંચ્યા તો હઝરતે ફકીરને ખૂબ જ મુબારકબાદ આપી. મેં અર્ઝ કરી કે આ સૌ હઝરતની દુઆઓની બરકત છે. *(હવાલો : કિતાબ 'જહાને મુફતીએ આ'ઝમ', પેજ-૨૧૮, પ્રકાશક : રઝા એકેડમી, મુંબઈ)*

**નોંધ** : આજે પણ ઘણે ઠેકાણે જુમ્આના રોજ હઠધર્મીમાં કે નિષ્કાળજીમાં કે અજ્ઞાનતાના લીધે 'અઝાને ષાની' મસ્જિદની અંદર મિમ્બર નજીક જ ખતીબની સામે આપવામાં આવે છે, તો તેવા લોકોએ તક્વા તથા પરહેઝગારીના પયકર આપણા આ મહાન પેશ્વાઓ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા શાહ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ તથા હઝરત બુરહાને મિલ્લત رحمۃ اللہ علیہ ના નક્શે ક્દમ પર ચાલીને હઠધર્મી છોડી શરીઅતના સહીહ હુકમની પયરવી કરી 'અઝાને ષાની' મસ્જિદની બહાર (ખારિજે મસ્જિદ)માં ઈમામ સામે કરાવવી જોઈએ. રબ તઆલા આપણને તેના નેક બંદાઓના નક્શે ક્દમ પર ચાલવાની તૌફીક બખ્શે. (આમીન)

**બરકાતે ખ્વાજા (માસિક)ની**
**લેખ હરીફાઈમાં ભાગ લો !**

**લેખ હરીફાઈનો વિષય**

**ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવ હક્કોનું મહત્વ અને વર્તમાન જગત**

લેખ મોકલવાની છેલ્લી તારીખ : **૧૨-૧૧-૦૭**
દારુલ ઉલૂમના તલબાને વિનંતિ કે ઉપરોક્ત વિષય સંબંધે સત્વરે લેખ મોકલવા પ્રયત્ન કરે. દારુલ ઉલૂમના ઉસ્તાદ હઝરાતને વિનંતિ કે માર્ગદર્શન આપી લખવા પ્રોત્સાહિત કરે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

**ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)***

## ખૌફે ખુદા, ઈતાઅત (આજ્ઞાપાલન) અને સખત ઈબાદતનું બયાન

યાદ રાખશો કે નબી કરીમ صلی اللہ علیہ وسلمમાં પોતાના રબથી ડરવું, તેના હુકમોનું પાલન કરવું, અધિક ઈબાદતમાં મગ્ન રહેવું એટલી હદે વધુ હતું કે જેવું કે, આપને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે સૌથી વધુ ઈલ્મ અર્પણ કર્યું હતું. એ માટે સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું જેવું કે, કાઝી અયાઝ رحمۃ اللہ علیہએ પોતાની સનદથી અબૂ મુહમ્મદ બિન અતાબ رحمۃ اللہ علیہએ હદીષ બયાન કરી છે. તેઓ ફર્માવે છે કે, અમારાથી હદીષ બયાન કરી અબુલ હસન અલ્કાબ્સીએ, તેમનાથી અબૂ ઝયદ અલ્મરૂઝીએ, તેમનાથી અબૂ અબ્દુલ્લાહ ફરખબીએ, તેમનાથી મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારીએ, તેમનાથી યહ્યા બિન બક્રએ, તેમણે લયસ બિન અકલગીથી. તેમણે ઈબ્ને શહાબથી, તેમણે સઈદ બિન અલ્મુસૈયબથી અને તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે. તેઓ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, **હું જે કાંઈ જાણું છું, જો તમે તે જાણતા હોત તો ખરેખર ઓછું હસતા અને વધુ રડતા.** અને અમારી રિવાયતમાં જેને ઈમામ અબૂ ઈસા તિર્મિઝી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૭૯)એ નકલ કરી છે અને જેને ઊંચે લાવનાર હઝરત અબૂઝર رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૨૭૯) સુધી સાબિત છે, આટલું વધારે છે કે;

**''બેશક ! હું તે જોઈ શકું છું જે તમે જોતા નથી અને તે કાંઈ સાંભળું છું જે તમે સાંભળતા નથી. આસમાન ચર ચરે છે, કેમ કે તેના પર ચાર આંગળી જેટલી જગ્યા પણ એવી નથી જ્યાંથી ફરિશ્તાઓએ અલ્લાહ તઆલા માટે પોતાની પેશાની સજદામાં રાખી ન હોય. ખુદાની કસમ ! હું જે કાંઈ જાણું છું જો તમે પણ જાણતા, તો ખરેખર બહુ જ ઓછું હસતા અને વધુ રડતા, અને જમીન પર પોતાની બીવીઓથી મજા માણવાનું છોડી દેતા અને બારી તઆલાની બારગાહમાં રડયા કરતા અને જંગલો તરફ નીકળી જતા.** કાશ ! હું ઝાડ હોત જે કાપી નાખવામાં આવતું.'' *–(પેજ : ૧૧૧–૧૧૨)*

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, શબ્દો ''કાશ ! હું ઝાડ હોત !'' હઝરત અબૂઝર رضی اللہ عنہ વાળી રિવાયતમાં છે. હઝરત મુગીરહ બિન શયબહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلم એટલી અધિક નમાઝ પઢયા કરતા હતા કે આપના મુબારક કદમ પર સોજા આવી જતા હતા. જ્યારે બારગાહે રિસાલતમાં આ અરજ રજૂ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! આપ આટલુ કષ્ટ કેમ વેઠો છો. જ્યારે કે અલ્લાહ તઆલાએ આપના કારણે તો આગળના અને પાછળનાઓની ભૂલો પણ માફ કરી આપી છે. ત્યારે આ મુઅલ્લિમે કાયનાતે જવાબ આપ્યો, શું હું શુક્ર ગુઝાર બંદો ન બનું ?!

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના દરેક કામમાં નિત્યતા હતી, જ્યારે કોઈપણ બીજો આવું કરવા સમર્થ નથી. આપ રોઝા રાખતા તો આપ લગાતાર રાખતા જ જતા હતા કે, અમો ક્યારેય પણ ઈફતાર ન કરવાનો સંદેહ થતો હતો. અને જ્યારે ઈફતાર કરતા (એટલે રોઝા રાખવાનું છોડી દેતા) તો એવું જણાતું હતું કે, હવે ક્યારેય રોઝા રાખશે નહીં. આના જેમ હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઉમ્મે

સલ્મા અને હઝરત અનસ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَથી રિવાયત છે. પરંતુ તેમણે આ પણ ફર્માવ્યું છે કે, જો કોઈ રસૂલુલ્લાહ ﷺને રાતના સમયે નમાઝ પઢતા જોવા ઈચ્છે ત્યારે આપ નમાઝ જ પઢતા જુએ અને જો કોઈ એ ઈચ્છે કે આપના આરામ ફર્માવતાની હાલતમાં જુએ ત્યારે આપ આરામ ફર્માવતા હતા.

હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે, એક રાતમાં બારગાહે રિસાલતમાં હાજર હતો. સરવરે કોનો મકાં ﷺએ દાતણ કર્યું, પછી વુઝૂ કરી નમાઝમાં મગ્ન બની ગયા. હું પણ આપના સાથે નમાઝ પઢવા લાગ્યો. હબીબે પરવર દિગાર ﷺએ નમાઝમાં સૂરએ બક્રહ પઢવાની શરૂ કરી દીધી અને એવી રીતે પઢતા હતા કે, જ્યારે કોઈ એવી વાત આવતી જેમાં રહમતનું ઝિક્ર હોતું ત્યારે આપ રહમતની દુઆ માંગતા, જ્યારે કોઈ એવી વાત આવતી જેમાં અઝાબનો ઝિક્ર હોય ત્યારે અલ્લાહના અઝાબથી પનાહ માંગતા. સારાંશ કે એવી રીતે પઢતાં પઢતાં આપે પૂરી સૂરએ બક્રહ પઢી લીધી અને રુકૂઅ કર્યો. રુકૂઅમાં આપે એટલો વિલંબ કર્યો કે જેટલો સમય કિ્યામ કર્યો. રુકૂઅની હાલતમાં એ કહેતા રહ્યા, "અલજબરૂત વલ્મલ્કૂત વલ્અઝમતિ" પછી આપે સજદો કર્યો અને સજદામાં પણ આ જ તસ્બીહ પઢતા રહ્યા. બીજી રકાતમાં આપે એવી જ રીતે સૂરએ આલિ ઈમરાન પઢી. ત્રીજીમાં તેનાથી આગળની અને ચોથીમાં તેના આગળની.

હઝરત હુઝૈફહ્ رضی اللہ عنہથી પણ આના જેવી રિવાયત છે પરંતુ તેમાં એ પણ છે કે, આપ સજદામાં એટલી મુદ્દત સુધી રહ્યા જેટલો સમય કયામમાં લીધો હતો અને બંને સજદાના વચ્ચે પણ એટલો જ સમય બેસી રહ્યા હતા. ત્યાં સુધી કે આપે સૂરએ બક્રહ, સૂરએ આલિ ઈમરાન, સૂરએ નિસા અને સૂરએ માઈદાહ પઢી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું છે કે, એક રાત્રે રસૂલુલ્લાહ ﷺ એવી રીતે નમાઝમાં મગ્ન બની ગયા કે એક જ આયતની વારંવાર તિલાવત કરતાં કરતાં આખી રાત પસાર કરી દીધી.

હઝરત અબ્દુલ્લાહ બિન સખીરહ رضی اللہ عنہથી રિવાયત છે કે, એક વખતે હું બારગાહે રિસાલતમાં હાજર થયો ત્યારે આપ નમાઝ પઢવામાં પ્રવૃત્ત હતા અને આપના મુબારક પેટથી એવી રીતે અવાજ આવી રહ્યો હતો જેવી કે હાંડીને ખોલતાં સમયે અવાજ આવ્યા કરે છે.

હઝરત ઈબ્ને અબી હાલા رضی اللہ عنہا ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺ અધિક શોકયુક્ત અને ચિંતન કરતા રહેતા હતા. આપને દુનિયાના આરામ અને રાહતથી કોઈ લગાવ ન હતો.

ખૂદ સરવરે કોનો મકાં ﷺએ ફર્માવ્યું છે કે, "હું દરરોજ સો વખત ઈસ્તિગાર કરું છું."

બીજી રિવાયતમાં સિત્તેર (૭૦ વાર) ઈસ્તિગફાર કરવાની ચર્ચા છે.

હઝરત અલી મુર્તઝા શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે, મેં રસૂલુલ્લાહ ﷺથી આપની સુન્નતના વિશે સવાલ કર્યો ત્યારે ફર્માવ્યું, "મા'રિફત મારો વ્યાપાર છે, અક્લ મારા દીનનો પાયો છે, મહોબ્બત જડ, શોક (ઈચ્છા) મારી સવારી, અલ્લાહનું ઝિક્ર મારો મિત્ર, ભરોસો મારો ખજાનો, ગમ મારો મદદગાર, ઈલ્મ મારું હથિયાર, સબર મારી ચાદર, પ્રસન્નતા મારી ગનીમત, આજિઝી મારો ગર્વ, ઝોહદ મારો ધંધો, યકીન મારી તાકત, સચ્ચાઈ મારી સિફારશી, અલ્લાહે ભલામણ કરેલ કામોનું આજ્ઞાપાલન છે મારો અંદાજ, જિહાદ મારી આદત છે અને મારી આંખોની ઠંડક નમાઝમાં છે."

એક બીજી હદીષમાં એ પણ છે કે, ઝિક્રે ઈલાહી મારા દિલનું ફૂલ છે અને મારો ગમ પોતાની ઉમ્મતના માટે છે અને મારી લાલશા મારા પરવરદિગારની તરફ છે. (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)

# હુઝૂર મુફતીએ આ'ઝમ અને અઝાને ષાનીનો મસ્અલો

કાર્યાલય

અઝ : **બુરહાને મિલ્લત હઝરત અલ્લામા મૌલાના મુફ્તી મુહમ્મદ બુરહાનુલ હક્ રઝવી જબલપુરી** رحمۃ اللہ علیہ

એક સમયની વાત છે કે હુઝૂર બુરહાને મિલ્લત عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ જણાવે છે કે જયપુરમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તશરીફ લાવ્યા હતા તો જબલપૂરમાં અમારી કયામગાહના બિલકુલ સામે મસ્જિદ હતી. જુમ્આના દિવસે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને જુમ્આની નમાઝ પઢાવવાની દરખાસ્ત કરવામાં આવી. હુઝૂરે મને નમાઝ પઢાવવા હુકમ કર્યો. જ્યારે જુમ્આનો સમય થયો તો અમે મસ્જિદ જવાની તૈયારી કરી પણ હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મારી સાથે મસ્જિદમાં આવવા તૈયાર ન થયા. મેં હુઝૂરથી મસ્જિદ જવાની ગુઝારિશ કરી તો આપે ફર્માવ્યું, "અહીંની મસ્જિદના લોકો ઘણા જિદ્દી હોય છે, અઝાને ષાની મસ્જિદમાં જ આપે છે ! મસ્અલો બતાવ્યા તથા સમજાવ્યા પછી પણ અમલ નથી કરતા. અને મારી સમક્ષ સુન્નત વિરુદ્ધ કામ થાય તે મારાથી બર્દાશ્ત થશે નહીં. જ્યારે ખુત્બો શરૂ થશે તો હું મસ્જિદમાં આવી જઈશ." મેં અર્ઝ કરી કે, હુઝૂર ! તશરીફ લઈ ચાલો, આજે અઝાન મસ્જિદમાં નહીં થાય ! તો ફર્માવ્યું કે, "હું ખૂબ જ સમજાવી ચૂક્યો પણ આ લોકો માનતા નથી, મારી દુઆ છે કે આજે આપના કહેવા તથા સમજાવવાથી અલ્લાહ કરે આ લોકો સમજી જાય. ખુદા તેઓને તેની તૌફીક્ અતા ફર્માવે."

હું એકલો મસ્જિદમાં હાજર થયો. સુન્નત અદા કર્યા પછી મને ખુત્બો કહેવા માટે કહેવામાં આવ્યું. હું મિમ્બર પર બેસી ગયો અને મુઅઝ્ઝિને તદ્દન મિમ્બર (પાસે) સામે ઉભા રહી અઝાન કહેવાનો ઈરાદો કર્યો તો મેં મુઅઝ્ઝિનને રોકી લોકોને અઝાને ષાની વિશેનો હુકમ સમજાવ્યો કે, **મસ્જિદમાં અઝાન કહેવી મકરૂહે તહરીમી છે. અઝાનનો મક્સદ આમ એલાન છે. ખુત્બો કહેનાર સામે મિમ્બર નજીક અઝાન કહેવાથી ઉપરોક્ત મકસદ હાંસલ થતો નથી જે શરીઅતે મુકર્રર કરેલ છે. આ મકસદના કારણે જ ખુત્બાની અઝાન મસ્જિદની બહાર કહેવાનો હુકમ છે.** હું શરીઅત વિરુધ્ધ કોઈ કામ કરીશ નહીં, જેથી હું મિમ્બર પર રહું અને ખુત્બાની અઝાન મસ્જિદમાં મિમ્બર નજીક દેવામાં આવશે નહીં ! હું ખુત્બો તથા જુમ્આની નમાઝ ત્યારે જ પઢાવીશ જયારે કે ખુત્બાની અઝાન ખારિજે મસ્જિદ (અસલ મસ્જિદ બહાર) ખતીબની સામે આપવામાં આવે. નમાઝ પછી બધા જ લોકો મસ્જિદમાં રહે અને હું વધુ સારી રીતે આ મસ્અલો સમજાવીશ. મુઅઝ્ઝિને મસ્જિદ બહાર મિમ્બર સામે ખુત્બાની અઝાન કહી. હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને કયામગાહમાં ખબર પડી કે અલ્હમ્દુલિલ્લાહ ! આજે અઝાન મસ્જિદ બહાર થઈ છે. બુરાહનમિયાંએ સાચુ કહ્યું હતું કે આજે અઝાન મસ્જિદમાં નહીં થાય. નમાઝ ખતમ થયા બાદ ફકીરે (બુરહાને મિલ્લત عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ) અઝાને ષાનીનો મસ્અલો ખૂબ જ સ્પષ્ટ રીતે સમજાવ્યો. તક્રીર ખતમ થયા પછી મુતવલ્લી સાહબે સ્વીકાર કરી એલાન કર્યું કે હવે ખુત્બાની અઝાન આ મસ્જિદમાં હમેશાં ખારિજે મસ્જિદ (અસલ મસ્જિદ બહાર) થશે, અને શર્મિન્દગી સાથે એ વાત કબૂલ કરી કે અમે હુઝૂર મુફતીએ આ'ઝમની વાત માની ન હતી જેનો અમને અફસોસ છે ! તેના માટે તૌબા કરી અને માફી

વધુ પેજ નં. ૧૪ પર....

# શું કાફિરને કાફિર કહી શકાય?

## ફતવા વિભાગ
કાર્યાલય

શું ફર્માવે છે ઓલમાએ દીન આ મસ્અલામાં કે ઝૈદ કહે છે કે કાફિરને કાફિર કહેવું કોઈ વાજિબ તથા ફર્ઝ નથી માટે કાફિરને કાફિર ન કહેવું જોઈએ.

પૂછવાનો મક્સદ એ છે કે શરીઅતની દષ્ટિએ એવું કહેવાવાળો કયા અપરાધના લાયક થશે અને આમ મુસલમાન લોકોએ ઝૈદની સાથે કેવો વર્તાવ કરવો જોઈએ ?

**જવાબ** ઈમાન તથા કુફ્ર શરીઅતના અહકામ છે. જે લોકો અલ્લાહ તઆલા તથા તેના પ્યારા રસૂલ ﷺ અને આપે લાવેલ બધા એહકામોને સાચા માને છે તો શરીઅતનો આદેશ છે કે તે મો'મિન છે. જે એમાંથી એક પણ જરૂરી વાતનો ઈન્કાર કરે અથવા અલ્લાહ તઆલા તથા તેના રસૂલ ﷺની શાનમાં ગુસ્તાખી કરે તો શરીઅતનો આદેશ છે કે તે કાફિર છે. કુર્આન પાકમાં જેવી રીતે ઈમાન લાવનાર મો'મિન કહેવામાં આવ્યા છે એવી જ રીતે કુફ્ર કરવાવાળાઓને સેંકડો જગ્યાએ કાફિર કહ્યું છે. અને તેમની કુફ્રી વાતો પર તેમના ઉપર કુફ્રનો આદેશ આપ્યો છે.

ફર્માવે છે :–

**તર્જુમો** : બેશક ! તે લોકો કાફિર થઈ ગયા જેમણે હઝરત ઈસા علیہ السلامને ખુદા કહ્યા. *(સૂરએ માએદા, આ ૧૭)*

બીજી જગ્યા ઉપર છે કે :–

**તર્જુમો** : આ આટલા માટે છે કે એમની પાસે એમના રસૂલ મો'જિઝા લઈને આવ્યા, તો એ લોકોએ કહ્યું, શું બશર (માનવી) અમારી હિદાયત કરશે ! તો એ લોકો કાફિર થઈ ગયા. *(સૂ. તગાબુન, આ. ૬)*

કેટલાક લોકોએ નબી કરીમ ﷺની શાનમાં ગુસ્તાખી કરી, જ્યારે તેમનાથી પૂછવામાં આવ્યું તો એ લોકો ઈન્કાર કરવા લાગ્યા અને બહાનાં બનાવવા લાગ્યા. ત્યારે આ આયત નાઝિલ થઈ :–

**તર્જુમો** : બહાનાં ન બનાવો, તમે કાફિર થઈ ગયા ઈમાન લાવ્યા પછી. *(સૂ. તૌબા, આ. ૬૬)*

નબી કરીમ ﷺની શાનમાં ગુસ્તાખી કરવાવાળાઓને કુર્આને કરીમે કુફ્રનો હુકમ આપ્યો. આવા લોકોને કુર્આને કરીમે કાફિર કહ્યા અને તેમનું કોઈપણ બહાનુ ન સાંભળ્યું. આ આયતોથી અમુક વાતોની જાણકારી પ્રાપ્ત થાય છે.

**(૧)** કુફ્ર કરવાવાળાને કાફિર કહેવું શરીઅતનો હુકમ છે.

**(૨)** નબીની શાને પાકમાં બેઅદબી તથા ગુસ્તાખી કરવાવાળા કાફિર છે અને તેમના કુફ્ર ઉપર કુર્આન મજીદનો ફતવો છે.

**(૩)** નબીની શાનમાં ગુસ્તાખી તથા બેઅદબી કરવાવાળો અગર કોઈ તાવીલ કરે અથવા બહાનાં બનાવે તો તેમની મક્કારી (પ્રપંચ)થી નબીની તૌહીનનો અપરાધ ખતમ નહીં થાય. બલ્કે જ્યાં સુધી તે અપરાધથી તૌબા ન કરે ત્યાં સુધી તે કાફિર જ છે, તેને કાફિર જ કહેવામાં આવશે. ઉપર બયાન થયેલ આયતથી સાબિત થયું કે કુફ્ર કરવાવાળાને કાફિર કહેવું કુર્આન મજીદનો આમ મુહાવરો છે જેથી કાફિરને કાફિર કહેવાનો જ સાફ આદેશ આપ્યો છે :–

**તર્જુમો** : પુકારીને કહી દો હે કાફિરો ! હું એની ઈબાદત નથી કરતો જેને તમે પૂજો છો.

જેથી ઝૈદનું કહેવું કે કાફિરને કાફિર ન કહેવું

જોઈએ, એ વાત કુર્આને કરીમના હુકમના વિરુધ્ધ છે તથા ઝૈદની અજ્ઞાનતા પર આધારિત છે. એવી રીતે ઝૈદનું કહેવું કે કાફિરને કાફિર કહેવું કોઈ ફર્ઝ તથા વાજિબ નથી, આ પણ સરાસર ગલત અને કુર્આન પાકની વિરુધ્ધ છે. કેટલીક જગ્યાએ કાફિરને કાફિર કહેવું ફર્ઝ છે.

દા.ત. એક શખ્સ હુઝૂર ﷺના ઈલ્મે ગૈબને પાગલો જાનવરોના ઈલ્મથી સરખામણી આપી એ પ્રમાણે કહે જે પ્રમાણે (દેવબંદી પેશવા) મૌલ્વી અશરફ અલી થાનવીએ પોતાની કિતાબ હિફઝુલ ઈમાનમાં પેજ–૭ ઉપર લખ્યું છે કે; ''અગર અમુક ઉલૂમે ગૈબિયા મુરાદ છે, તો તેમાં હુઝૂરની શું વિશિષ્ટતા છે ! એવું ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમર, બલ્કે બધા બાળકો તથા પાગલો બલ્કે તમામ જાનવરો અને ચોપગાંઓને પણ પ્રાપ્ત છે.''

આમાં પ્રશ્નકર્તાએ મુફતી સાહબ પાસે આનો જવાબ માંગ્યો છે કે હુઝૂર ﷺના ઈલ્મે ગૈબને આવી રીતના દર્શાવવાવાળો મુસલમાન છે કે કાફિર ?

તે વખતે મુફતી સાહબ ઉપર વાજિબ તથા ફર્ઝ છે કે તે શરીઅતના હુકમને બયાન કરી અને સાફ કરીને બતાવે કે આ નબીએ કરીમ ﷺની શાને પાકમાં સખ્ત ગુસ્તાખી તથા બેઅદબી છે, જેથી આવું કહેવાવાળો બેશક ! કાફિર છે. મુફતી સાહબ ઉપર આ હુકમ આપવો એટલા માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાએ આલિમોથી શરીઅતના હુકમને બયાન કરવાનો કરાર લીધો છે.

**તર્જુમો** : યાદ કરો ! જ્યારે અલ્લાહ તઆલાએ અહલે કિતાબથી કરાર લીધો કે તમે લોકોની સમક્ષ અલ્લાહના હુકમોને બયાન કરો અને તેને ન છુપાવો. *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૮૭)*

જેથી તે વખતે મુફતી સાહબ ઉપર જરૂરી છે કે તે બતાવે કે એવી વ્યક્તિ શરીઅતના હુકમ પ્રમાણે કાફિર છે. તેવી જ રીતે તે ગુસ્તાખ તથા બેઅદબ ખુલ્લા કુફ્ર પર અડગ રહીને ઈસ્લામનો દાવો કરે તો તે જુબ્બા તથા અમામાથી મુસલમાનોને ફરેબ (ધોકો) આપે છે અને અજાણ મુસલમાન તેના ફરેબી દામનમાં ફસાઈને બદ્અકીદા થઈ જાય છે. તો મુસલમાનોને ગુમરાહીથી બચાવવા માટે દરેક એ વ્યક્તિ ઉપર જે તે ગુસ્તાખને જાણે છે, તેના કુફ્રને જાહેર કરવું અને આ બતાવવું જરૂરી છે કે આ કાફિર છે તેનાથી બચો, કારણ કે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી ભલાઈનો આદેશ આપવો અને બુરાઈથી રોકવું સર્વ મુસલમાનો પર ફર્ઝ છે. કુર્આન મજીદમાં ઈમાનવાળાઓની આ વ્યાખ્યા બયાન કરવામાં આવી છે.

ઈર્શાદ છે :–

**તર્જુમો** : તમે ભલાઈનાં કામો કરો છો અને બુરાઈથી રોકો છો. *(સૂ. આલે ઈમરાન, આ. ૧૧૦)*

**તર્જુમો** : મો'મિન ભલાઈનો આદેશ આપે છે અને બુરાઈથી રોકે છે. *(સૂ. તૌબા, આ. ૭૧)*

હદીષ શરીફમાં છે કે :–

''જે શખ્સ કોઈ બુરી વાત જુએ તો એને જોઈએ કે એને પોતાના હાથ વડે નાબૂદ કરે, અગર એટલી તાકાત ન હોય તો પોતાની ઝુબાન વડે તેને નાબૂદ કરે અને રોકવાની કોશિશ કરે, અને અગર એટલી પણ તાકાત ન હોય તો દિલથી બુરુ સમજે, અને આ કમજોર દરજાનું ઈમાન છે.''

ગુમરાહ કરવાથી તથા ગુમરાહ થવાથી બીજી બુરી વસ્તુ શું છે ? જેથી મુસલમાનોને ગુમરાહીથી બચાવવા માટે દરેક જાણકાર વ્યક્તિ પર જરૂરી છે કે તે ગુમરાહ કરવાવાળાના કુફ્રને જાહેર કરે. **એવી જ રીતે તે બેઅદબ તથા ગુસ્તાખના ચેલા તેની તારીફ કરીને તેના કુફ્ર પર પર્દો નાખે અને મુસલમાનોને તે કાફિરના અકીદતમંદ બનાવે તો દરેક એ વ્યક્તિ ઉપર જે તેના હાલને જાણે છે તેના કુફ્રને જાહેર કરવું જરૂરી છે.** અને એ પણ જરૂરી છે કે તે મુસલમાનોને

માહિતગાર કરે કે આ જેની તારીફ કરીને તમને જેની જાળમાં ફસાવવા માંગે છે. તે તમારા નબી ﷺની શાનમાં ગુસ્તાખી કરીને કાફિર અને મુર્તદ થઈ ગયો, જેથી તમે એનાથી અને એના તમામ ચાહવાવાળાઓથી બચો.

અહલે સુન્નત વલ જમાઅતના આલિમો જે (દેવબંદી મોલ્વીઓ) થાનવી, ગંગોહી વગેરેને તેમના કુફ્રી કથનોના લીધે કાફિર અને મુર્તદ કહે છે. એમાં તેમની અંગત કોઈ દુશ્મની નથી, બલ્કે તે પોતાની ફર્ઝ પૂરી કરે છે અને મુસલમાનોની રહનુમાઈ અને હિદાયત માટે શરીઅતના હુકમ સંભળાવે છે કે જેની અત્યારે જરૂરત છે જેથી મુસલમાન ગુમરાહ ન થાય. થાનવી વગેરેના તરફદારોએ વહાબીઓ, દેવબંદીઓ અને તે મુર્તદોના કુફ્ર પર પર્દો નાખવા માટે આ મસ્અલો ઘડી કાઢયો છે કે કાફિરને કાફિર ન કહેવું જોઈએ. અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી મજબૂત દલીલોથી એનું બાતિલ હોવું સાબિત થઈ ગયું.

ઝૈદ અગર અજ્ઞાન છે તો તે વહાબીઓ, દેવબંદીઓ વગેરેના તરફદારોની વાતો સાંભળીને ભૂલમાં પડેલો છે જેથી ઝૈદને તેની આ ભૂલને છોડી દેવી જોઈએ. અને અગર ઝૈદ જ્ઞાનવાળો છે તો થાનવી વગેરેનો ચાહવાવાળો ખબર પડે છે. ઝૈદે આનાથી તૌબા કરવી જોઈએ. જ્યાં સુધી ઝૈદ તૌબા નહીં કરે મુસલમાનોએ તેનાથી બચવું જોઈએ.

લખનાર : **હુઝૂર હાફિઝે મિલ્લત અબ્દુલ અઝીઝ** *(હવાલો : અશ્રફિયા, એપ્રિલ–૨૦૦૫)*

અનુવાદક : **સૈયદ ઈરફાન અલી અબ્બાસ (કેરવાડાવાળા) દયાદરા** *(મુતઅલ્લિમ જામિયા અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.)*

**નોંધ** હાલમાં જ હિંદુઓના ગણેશચતુર્થીના તહેવારમાં દૈનિકપત્રોમાં સમાચારો ચમક્યા કે, "ફિલ્મી હીરો સલ્માન ખાન માટે ગણેશજીની પૂજામાં ભાગ લેવા બદલ બરેલી સ્થિત દારુલ ઈફતા મન્ઝરે ઈસ્લામે ફત્વો બહાર પાડયો કે તે તૌબા કરી ફરીથી કલ્મો નહીં પઢે ત્યાં સુધી તેને મુસલમાન ગણવામાં નહીં આવે." (સર્વ દૈનિક પત્રો, ૨૨–૭–૦૭ની આસપાસનાં)

આ હીરોના પિતાએ ઉલમા વિરુધ્ધ ગમે તેમ બોલીને આક્રોશ વ્યક્ત કર્યો તથા એક ઈમરાન શેખ–અમદાવાદની વ્યક્તિએ પણ વાંચકોના વિચાર કોલમમાં "દિવ્ય ભાસ્કર"માં મૂર્ખામીભરી વાતો લખી પોતાની જેહાલત તથા પોતે મૂર્ખાઓના સરદાર હોવાનું એલાન કર્યું ! એ તો ઠીક કે આ તો જાહિલોની બોલી છે, પણ લખનૌ ફિરંગી મહલના (વાત વાતમાં શું ! કેવળ બુઝુર્ગોની દરગાહ પર જનાર, રસૂલે પાક ﷺને સલામ પઢનારને કુફ્ર તથા શિર્કનો ફત્વો ઠોકનારા દેવબંદી !) આલિમોએ એ ફત્વાને ખોટો ઠરાવતાં નિવદનો કરીને પોતાની જહન્નમને ઔર ઊંડી કરી છે. **જરૂરિયાતે દીનમાંથી છે કે ગૈરુલ્લાહની ઈબાદત (પૂજા)માં ભાગ ન લેવામાં આવે અથવા કોઈ કુફ્રની નિશાની ન અપનાવે, જેમ કે ટીલક કરવું.... વગેરે,** હવે ગમે તે પણ આવું કરે **ચાહે તે હીરો, ક્રિકેટર કે રાજકરણી** તથા એને **ડ્રામો કરવા કે શુટીંગ કરવા** કે **દેખાડો કરવા** પણ એવું કરે, તો પણ હવે તૌબા કરે, કલ્મો પઢે અને શાદીવાળો હોય તો નિકાહ પણ દોહરાવે. આ હુકમને વર્તમાનપત્રોનો શોર કે કહેવાતા ગુમરાહ મુફતીઓનાં ગોળ ગોળ નિવેદનો બદલી શક્તાં નથી. જેથી મુસલમાનો આ બાબતે અસલિયતને સમજી પોતાના ઈમાનની હિફાઝત કરે એ અતિશય જરૂરી છે. ઉપરોક્ત ફત્વામાં પણ આના સમર્થનમાં કુર્આની આયતો દર્શાવી છે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ચિંતનની એક પળ

કાર્યાલય

# કરોડોની મસ્જિદો બનાવનારા જરાક પાછા ફરીને જોશે ?!

હદીષે પાકમાં છે કે ક્યિામતની નજીક "લોકો પોતાની મસ્જિદો પર ફખ્ર કરશે." તો આજે સમય આવી ચૂક્યો છે. આજે મોટી મોટી આલીશાન અને મોઘાંમાં મોંઘી મસ્જિદો બનાવવાની જાણે હરિફાઈ ચાલી રહી છે. આજે નાના સરખા ગામોમાં બે કરોડ, અઢી કરોડ, ત્રણ કરોડની મસ્જિદો બની રહી છે. જો તમો ગામનું સર્વે કરો તો ત્યાંની વસ્તી તથા નમાઝીઓની જુમ્આની સંખ્યાને જુઓ તો ક્યાંક તો કેવળ ૨૫ લાખમાં બહુ તો ૫૦ લાખમાં સંપૂર્ણ સગવડવાળી મસ્જિદ બનાવો તોય વરસોની નિરાંત થઈ જાય, છતાં એવી જગાએ બે કરોડ અઢી કરોડની મસ્જિદો બનતી આપણે જોઈ રહ્યા છીએ.

ભાઈઓ ! પરિસ્થિતિ ખૂબ જ વૈચારિક અધોગતિ તરફ જઈ રહી છે. પહેલાં એવું હતું કે મસ્જિદ કાચી તથા નબળી બાંધણીની હતી અને લોકોના ઈમાનો પુખ્તા તથા એકદમ મજબૂત હતાં. જ્યારે આજે મસ્જિદો ખૂબ જ મજબૂત થઈ અને ઈમાન કમજોર થઈ ગયાં ! અને પછી કરોડો રૂપિયા ભેગા કરવા માટે લાયક નાલાયક સૌની દાઢીઓમાં હાથ નંખાઈ રહ્યા છે, સૌને સલામો મારવામાં આવી રહી છે, પછી તે ગુસ્તાખે રસૂલ હોય કે ગુસ્તાખે ઔલિયા હોય, સૌને દરે ભીખ મંગાઈ રહી છે, ફોર્સ પડાઈ રહ્યો છે કે વ્યક્તિ દીઠ આટલા આપવા જ પડશે ! અને માનો કે કોઈ એક કે બે વ્યક્તિ જ એ બે કરોડ અઢી કરોડ કાઢી રહી છે તો પણ જ્યાં નમાઝી ૨૫-૫૦ કે ૧૦૦ માણસ થતા હોય ત્યાં આ કરોડો ખર્ચવાની જરૂર અમને તો જણાતી નથી. બનાવનારની નિય્યત પર અમને કોઈ જ શંકા નથી, માનીએ કે તેની નિય્યતમાં વાહ વાહ કે નામના નથી, ખુલૂસ નિય્યતથી જ એ કામ કરે કરાવે છે, પણ અમારી નજરમાં એ જરૂરત કરતાં અતિશયોક્તિપણુ છે. તે વ્યક્તિનાં કે કૌમમાંથી ઉઘરાવેલાં એ નાણાનો સદ્‌ઉપયોગ અધિક સારી અને અધિક નેકીઓ મળે એ રીતે થઈ શકે છે.

હે સુન્નીઓ ! સાંભળો ! તમો લાખોને બદલ કરોડોમાં મસ્જિદ બનાવવામાં વ્યસ્ત છો અને વહાબીઓ નાનાં નાનાં સુન્ની ગામોમાં ૧૫-૨૦ ઘરનાં ગામોમાં ત્રણ લાખ, પાંચ લાખમાં મસ્જિદ મદ્રસા બનાવતા જાય છે અને પછી ત્યાં તબ્લીગ જમાઅત મોકલીને ત્યાં ઈમામોના પગારો આપીને તેવાં સુન્ની ગરીબ ગામોને ફેરવી તેમનાં ઈમાનોને તબાહ કરી રહ્યા છે ! (પઢવા ભણવાની સાથે દીની દુનિયવી તા'લીમની સ્કૂલો ચલાવી રહ્યા છે ત્યાં તમારા સુન્ની ગરીબોનાં બાળકો જઈને વહાબી થઈ રહ્યાં છે) તો તમે જરા પાછા ફરીને જુઓ તો ખરા ! કે તમે શું કરો છો અને વિરોધીઓ શું કરી રહ્યા છે ?!

કેટલાક લોકો એવું સમજે છે કે આપણા જ ગામની મસ્જિદમાં પૈસા આપવા અને આપણા જ મદ્રસાને પૈસા આપવા, આપણી મસ્જિદને હિરા માણેકથી સજાવ્યા કરવાની, બહાર બધાની શું ચિંતા ?! તો સાંભળો ! તમારે ત્યાં જરૂરત વિના ખર્ચા તમે કરે કરાવ્યે જાવ છો તો એનું પરિણામ પણ વિચારો.

દા.ત. એક માણસ છે તે મહેલ બનાવી રહ્યો છે, હિરા માણેકથી, સોના તથા ચાંદીના દરવાજા

બેસાડીને તેને સજાવી રહ્યો છે પણ તેની રક્ષાનો તે કોઈ ઈન્તેઝામ નથી કરતો તો ગમે ત્યારે લૂંટાવાનો છે કે નહીં ?! બસ, એ જ પ્રમાણે તમે કરોડોની મસ્જિદો બનાવી અન્ય ગરીબ ગામોની પરવા નથી કરતા તો વહાબીઓ ત્યાં નાની નાની મસ્જિદો બનાવીને, ગરીબોને સહાય કરી એહસાન હેઠળ લઈને તબ્લીગી જમાઅત મોકલી તેમને ફેરવી રહી છે તો ક્રમે ક્રમે એ ગામો ફેરવાતાં જશે તો છેલ્લે તમારા પર પણ હુમ્લો આવશે !

માટે અલ્લાહના માર્ગમાં પૈસા ખર્ચવા હોય, મસ્જિદો બનાવવી હોય તો કૌમનાં નાણાને આયોજનથી ખર્ચો જેનાથી સુન્નિયતને ખૂબ જ લાભ થશે. અને એ કરોડોમાંથી ફીમાં દીની દુનિયવી શિક્ષણ માટે સ્કૂલો ઠેર ઠેર ચાલુ કરો. જુઓ આ ક્ષેત્રે આપણી શું સ્થિતિ છે ? બાતિલ ફિર્કાવાળા કોલેજો અને મેડિકલ કોલેજો બનાવી ચૂક્યા અને તમે કેવળ હેરતથી એ બધું જોતા રહો છો ! તમે પણ આયોજનથી નાણા ખર્ચો તો તમો પણ એમનાથી સારાં કામો કરી શકશો કે જેથી દુનિયવી તા'લીમના બહાને પણ તમારી નસલ એ ફિર્કાઓ પ્રતિ ન ઘસડાય જાય. અને તમારી સ્કૂલો નથી તો હિંદુ સ્કૂલોમાં તમારાં બાળકોને વંદે માતરમ્ બોલાવાય છે, તેમની જ ધાર્મિક તા'લીમનો રંગ લગાડાય છે, ક્રિશ્ચયન સ્કૂલોમાં ક્રોસને નમન કરવાનું તથા તેમની તા'લીમ ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ અપાય છે અને ઈસ્લામથી વિમુખ થાય તેવું શીખવાડાય છે અને વહાબીઓની સ્કૂલો હોસ્ટેલોમાં તેમની પાછળ નમાઝ, તબ્લીગી નિસાબના દર્સમાં રહેવું વગેરે કમ્પલસરી છે તથા તેમનું ઝબહ કરેલ રાંધેલ મુરદાર ખવડાવાય છે, છતાં તમે આ ક્ષેત્રે કાંઈક કરવા નહીં જ જાગો !!

બુઝુર્ગોની ન્યાઝો પણ કરો, પણ તમારા જ ગામમાં ૧૨–૧૨ અને ૧૫–૧૫ પૂરા ગામની ન્યાઝો કરવાને બદલે એ રકમોમાંથી બે ત્રણ તમારે ત્યાં કરો, બાકી આવાં ગરીબ ગામોમાં કરાવો એમાં અધિક સવાબ થશે કે જ્યાં પુષ્કળ ગરીબાઈ છે અને તેઓ આવા ખાણા તથા નાણાના અધિક હક્કદાર છે.

અમારો અનુભવ છે કે અમે ગોધરા કાંડ બાદ થયેલાં તોફાનોમાં એક શહેર પાસે નિર્વાસિત કેમ્પોમાં હજારો લોકોને જોયા જ્યારે તે જ શહેરોમાં ૩૦૦ દેગો ન્યાઝની થઈ અને શહેરવાળાઓએ આવા સંજોગોમાં પણ એ કેમ્પોમાં રહેતા લોકો તરફ અમુક દેગો પણ ન કરી ! તો આવી વખતે પણ નિરાધાર લોકોને ત્યાં એમાંથી અમુક દેગો કરી હોય તોય કેટલો ફાયદો થાત. વળી આ દેગો આમ હોય છે કે જેમાં વહાબી, દેવબંદી બધા જ ખાવા આવે છે ! તો પૂછો શરઈ હુકમ કે આ રીતે બાતિલ ફિર્કાવાળાને ન્યાઝ ખવડાવવું કેવું ?! જાઈઝ કે હરામ ?!

બસ, એક ચિંતનની વાત સુન્ની સમાજના ચિંતકો સમક્ષ મૂકી છે, અલ્લાહ સૌને સુસમજ આપે. (આમીન) કોઈનું ઝમીર જાગી ઉઠે તો અમારો સંપર્ક કરીને આ ક્ષેત્રે કાંઈક કરી છૂટવા આગળ આવે એવી વિનંતિ છે.

કારણ કે **'ઈસ્લામિક વેલ્ફેર મિશન'**ને ગરીબ ગામોમાંથી મસ્જિદ મદ્રસા બાંધવાની ખૂબ ઓફરો આવે છે તેમજ દીની દુનિયવી તા'લીમ માટે સુન્નીઓની સ્કૂલોની પણ અતિશય જરૂરત અનુભવાઈ રહી છે.

**શાયદ કે ઉતર જાએ તેરે દિલમાં મેરી બાત !**

**નમ્ર અપીલ : બરકાતે ખ્વાજા (માસિક)** આપને પસંદ પડયું હોય તો નમ્ર વિનંતિ કે દીન તથા સુન્નિયતના પ્રચાર અર્થે ઈલ્મે દીનને આમ કરવા આપ જરૂરથી કમસે કમ **૧૧** ગ્રાહકો કરીને મોકલશો. રબ્બે કરીમ જઝાએ ખૈર આપે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# વર્તમાનકાળમાં ઈસ્લામનું મહત્વ તથા જરૂરત

ઈસ્લામ એક સંપૂર્ણતઃ જિંદગી અને સામાજિક વ્યવસ્થાનું નામ છે. અલ્લાહ તઆલા તરફથી ઉતરેલા આ મઝહબમાં આધ્યાત્મિક અને શારીરિક બંનેવ બીમારીઓનો ઈલાજ છે. એની તા'લીમાતથી ભટકેલા લોકો સીધા રસ્તા પર ચાલી પોતાની દુનિયા અને આખેરત બંનેવ સજાવે છે. આ જ મઝહબ પરેશાન દિલોને સુકૂન અને બીમાર તબીઅતોને તંદુરસ્ત ઈમાની વાતાવરણ સમતલ કરીને પૂરી તંદુરસ્ત બનાવી આપે છે.

રજૂકર્તા : **મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી**

ગ્લોબલાઈઝેશન (વૈશ્વિકરણ)ના આ યુગમાં જ્યારે ઈન્સાન પૂરી રીતે મશીન બની ચૂક્યો છે. સવાર થતાં જ પોતાનાં કામોમાં એવી રીતે મશગૂલ થઈ જાય છે કે તે ઘણી મુશ્કેલીથી પોતાના નાસ્તા માટે પણ ટાઈમ કાઢી શકે છે ! અને જો એ ટાઈમ કાઢી પણ લે છે તો પણ નાસ્તો કરતી વેળા તેનું દિલ અને દિમાગ બંનેવ બરાબર એ કામોમાં લાગેલ રહે છે જે કામોને તેણે પૂરાં કરવાનાં છે. એવી જ રીતે તે સુકૂનનો શ્વાસ લઈ બપોરના ખાવાની પણ લિજ્જત પ્રાપ્ત નથી કરી શક્તો અને પછી તરત જ પોતાના કામોમાં લાગી જાય છે. જ્યારે ઓફિસના કામોથી રજા મળે છે તો બીજાં ઘરેલું કામોને પૂરાં કરવામાં લાગી જાય છે, એવી જ રીતે જો કોઈ વિદ્યાર્થી છે તો તે આ દુનિયામાં કાંઈક સારું કરી ગુજરવા ખૂબ મહેનત કરે છે અને એક વ્યસ્ત સિડયુલની જેમ જિંદગીના રાત દિવસ ગુજારે છે.

## માનસિક અશાંતિના સબબો

આજે આપણા સમાજમાં છોકરો પેદા થાય છે તો દૂધ પીવાનો જમાનો પૂરી રીતે પૂરો પણ નથી થતો કે તેને સ્કૂલનો રસ્તો દેખાડવામાં આવે છે. મતલબ એ કે છોકરો હોય કે વૃદ્ધ કે પછી સમાજમાં શ્વાસ લેવાવાળો નવજવાન, ચાહે તે કોઈપણ જાતિનો હોય કે પછી કોઈપણ ધર્મનો હોય, બધા જ પોતાની વ્યસ્ત (Busy) જિંદગીના લીધે આધ્યાત્મિક, શારીરિક તથા માનસિક ચૈન સુકૂનથી મેહરૂમ થઈ ચૂક્યા છે. જે બાજુ જોઈએ બધા જ સાઈકોલોજીકલ એમ્બીલન્સના શિકાર છે. અને પછી જે જેટલી હેક્ટિક (Hectic) સિડયુલની સાથે જિંદગી વિતાવી રહ્યા છે એટલા જ પ્રમાણમાં માનસિક અસંતુલનના શિકાર છે. આ દુનિયાની પ્રાપ્તિ અને એમાં કશુ ખાસ કરી ગુજરવાની લાલચ અને એમાં જોવા મળતા જબરદસ્ત કોમ્પિટિશનના લીધે દરેક ઈન્સાન અવિશ્વાસપણુ, ડર તથા લઘુતાગ્રંથિ તથા આત્મવિશ્વાસની કમી અને બુઝદિલીથી પીડાય છે. અને એ બધાં કારણોના લીધે આત્મહત્યા, ચોરી, કત્લ અને લૂટમાર, વ્યભિચાર, બળાત્કાર, જૂઠ, ગીબત, હસદ અને એના જેવી બધી જ સંસ્કારથી સંબંધિત ખરાબીઓ રોજ બરોજ આપણા સમાજ અને માહોલમાં વધતી જઈ રહી છે. અખ્બાર (પેપર) સવારનું હોય કે પછી સાંજનું પણ હાથોમાં પકડતાં જ આપણી નિગાહો એવી ખબરો પર જડાઈ જાય છે કે તાલિબે ઈલ્મે આત્મહત્યા કરી લીધી, સરકારી નોકરે પોતાને પંખા જોડે લટકાવી લીધો, પગાર ન મળવા પર નવજવાનનું આત્મ વિલોપન અને પછી એવા બધા જ બનાવો (ખબરો)ની તેહકીક અને જાંચ પછી એ દર્દનાક હકીકત જાહેર થાય છે કે આવા દુઃખદ બનાવોની પાછળ ટેન્શન, માનસિક તણાવ તથા ઉલઝન જેવા બળો કાર્યો કરી રહ્યાં હતાં.

ગણત્રી બતાવે છે કે માનસિક તણાવ અને દિલી પરેશાનીએ અમેરિકામાં એક નંબરનો જીવલેણ

કાતિલ છે. બીજી જંગે અઝીમના જમાનામાં એકબાજુ લગભગ સાડા ત્રણ લાખ સૈનિકો માર્યા ગયા તો બીજી બાજુ એ જ વખતે દસ લાખ લોકો માનસિક તણાવને કારણે મૌતનો લુકમો બની ગયા. ડો. અલકેસેસ કોરેલે કહ્યું છે, ''જે વેપારીઓ માનસિક તણાવનો સામનો કરવાનું નથી જાણતા તેણો ઘણી જ જલ્દી આ દુનિયાને અલવિદા કહી દે છે.''

## માનસિક શાંતિ કઈ રીતે રહી શકે ?!

અને દુનિયાની ગણત્રીની તપાસ કરવામાં આવે તો પણ ખબર પડી જશે કે આજે હાર્ટ એટેકના લીધે મરવાવાળાઓની ગણત્રી દિવસે દિવસે વધતી જાય છે. એટલા માટે જ દુનિયાના સૌથી શ્રેષ્ઠ મનોવિજ્ઞાનના નિષ્ણાત મુહમ્મદે અરબી ﷺ એ ફર્માવ્યું હતું કે, **''જ્યારે કયામત નજીક આવશે તો 'અચાનક મૌત' (જેનો ખુલાસો વર્તમાનકાળના ઉલમાએ કિરામે કર્યો છે કે હાર્ટ એટેકનો વધારો) થઈ જશે[૧].''**

પરંતુ એનો મતલબ એ નથી નીકળતો કે આ બધી માનસિક બીમારીઓ એટલા માટે જન્મ પામી છે કે આજનો ઈન્સાન હેક્ટિક (Hectic) થઈ ગયો છે. વ્યસ્ત (Busy) જિંદગી ગુજારવી બુરી વાત નથી, બલ્કે ધર્મોમાં એ વાત પર જોર દેવામાં આવ્યું છે કે ઈન્સાને એક વ્યસ્ત અને વ્યવસ્થિત જિંદગી ગુજારવી જોઈએ. પરંતુ દુનિયાની ભાગીદારી અને એ ખૌફ કે ભૌતિક યુગમાં ક્યાંક આપણે પાછળ ન રહી જઈએ જેથી પોતાને એટલો વ્યસ્ત કરી દેવાનો કે રાતોની ઊંઘ અને દિવસનો ચૈન સુકૂન પણ તબાહ થઈ જાય અને બીજી જિમ્મેદારીઓ પૂરી ન થઈ શકે. આ કુદરતના કાનૂનથી બગાવતના પરિણામે જ ગ્લોબલ ડિસ ઓર્ડર જોવા મળે છે અને પછી આત્મહત્યા થાય છે, રુંવાટી ઊભી કરી દે એવા બનાવો જાહેર થાય છે. પરંતુ જો ઈન્સાન કુદરતના નિયમને અનુસરીને પોતાને આ દુનિયાની જિંદગીમાં વ્યસ્ત બનાવે છે, તો એની કોશિશોમાં સારાં પરિણામો સામે આવે છે અને પછી એ તરક્કી કરતો ચાલ્યો જાય છે. અને જો એને નાકામી પણ હાથ આવે છે તો પણ એ માનસિક બીમારીઓનો શિકાર નથી બનતો, બલ્કે ઘણી બધી હકીકતો એને સંતૃષ્ઠ અને પુર સુકૂન બનાવીને રાખે છે.

## નાસ્તિકો મેન્ટલ ડિપ્રેશનના અધિક શિકાર

આ મુકામ પર એક વાત વિચારવા જેવી છે કે મેન્ટલી બીમાર વધારે પડતા નાસ્તિકો હોય છે, જેઓ કોઈ ધર્મ પર યકીન નથી રાખતા એ જ માનસિક બીમારીઓના વધારે શિકાર થાય છે. અને જે કોઈ ધર્મ પર યકીન રાખે છે તેવા માણસો એ લાકોની સરખામણીએ ઓછા માનસિક વિટંબણાઓના શિકાર થાય છે. અને ધર્મ પર ઈમાન રાખવા છતાંય એ લોકો ઘણી ઉલઝનોના શિકાર થાય છે જેનું ઈમાન કમજોર હોય છે. નાકામીના વખતે પોતાના ધર્મથી ઈન્સપાઈરેશન (Inspiration) નથી લઈ શક્તા. અને વળી ધર્મોમાં પણ ઈસ્લામ ધર્મના માનવાવાળા બીજાઓના મુકાબલામાં ઘણા ઓછા માનસિક બીમાર થાય છે. **ઈસ્લામ પર મુકમ્મલ યકીન રાખવાવાળો ગરીબ તંગદસ્તી અને ગરીબાઈનો માર તો વેઠી લે છે, દરેક મુસીબત વેઠી તો લે છે, પરંતુ એ બધા છતાંય એ દરેક સમયે ખુશ નજર આવે છે.**

દૌલત ઈન્સાનને માનસિક વિટંબણાઓથી છૂટકારો નથી અપાવતી બલ્કે ઘણી બધી મુસીબતો નોંતરવાનો સબબ બને છે. ડોકટરો પાસે માલની શું કમી હોય છે ? પરંતુ દિલની ધડકન બંધ થવાના લીધે ખેડૂતો કરતાં ડોકટરોની મૌત વધારે થાય છે. અગર માલ અને દૌલતથી દિમાગની ઉલ્ઝન દૂર થઈ જાત તો બધાથી ઓછી માનસિક પેરશાનીની શિકાયત અમેરિકામાં હોવી જોઈતી હતી, પરંતુ

એનાથી એકદમ વિરુધ્ધ કે નિષ્ણાંત મનોવૈજ્ઞાનિક ડેલ કારેંગી લખે છે :–

**દર દસમો અમેરિકન માનસિક બીમાર છે !**

''મેં ન્યુર્યોકમાં ૩૭ વરસોથી વધારે જિંદગી વિતાવી, કોઈએ પણ મારા સમક્ષ માનસિક તનાવની બીમારીના વિરુધ્ધ ચેતવણી આપવાની કોશિશ ન કરી, જ્યારે કે આ બીમારી પાછલા ૩૭ વરસોમાં શીતળાથી દસ હજારગણાથી અધિક નુકસાન પહોંચાડી ચૂકી અને અમેરિકામાં દર દસમો માણસ માનસિક ટેન્શનના લીધે (લઘુતાગ્રંથિ) અને પરેશાનીનો શિકાર છે. ડોકટરનું કહેવું છે કે દરેક વીસમો અમેરિકન માણસ જિંદગીનો અમુક સમય માનસિક બીમારીના કારણે દવાખાનામાં ગુજારવા પર મજબૂર છે[૨].

**માનસિક પેરશાની અને તેનો ઈલાજ**

ઉપરની આખી ચર્ચાથી વાત એ પરિણામ સુધી પહોંચી છે કે હાલના જમાનામાં કેવળ દૌલત માનસિક અને રૂહાની (આધ્યાત્મિક) સુકૂનની નેઅમત ભેગી કરવાથી મજબૂર છે. એટલે કે માનસિક શાંતિના માટે કોઈ બીજી વસ્તુનો સહારો લેવાની જરૂરત છે. એટલા માટે વર્તમાનકાળના નિષ્ણાતો અલગ અલગ તરીકાથી ઈન્સાનને માનસિક શાંતિ આપવાની કોશિશ કરી રહ્યા છે.

**માનસિક શાંતિના વિવિધ નિષ્ફળ નુસખા**

કહેવામાં આવ્યું છે કે સંગીત ઈન્સાનના દિલને સુકૂન આપે છે. બેશક ! સંગીતથી રૂહાની સુકૂન મળે છે, પરંતુ એનાથી હમેશાં અને કાયમ માટે રાહત નસીબ નથી થતી, એટલા માટે કે સંગીત સાંભળતી વેળા ઈન્સાન દુનિયાથી બેખબર થઈ જાય છે. તેને એટલીવાર માટે સુકૂન મળી જાય છે. પરંતુ જ્યારે તે સંગીતના સાધનોને સુકૂનનો મોકો આપે છે તો ફરીથી ગમગીન અને માયૂસ થઈ જાય છે.

હમણા થોડા દિવસો પહેલાં અંગ્રેજી અખ્બાર 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં એક ખબર આવી હતી, એમાં કહેવામાં આવ્યું હતું કે જે નવ જવાન પાસે ગર્લ ફ્રેન્ડ હોય છે તે કોમ્પિટેટિવ પરીક્ષાઓ દા.ત. સિવિલ સર્વિસીસ વગેરેમાં બીજાઓના મુકાબલામાં સારી તા'લીમનો દેખાવ કરે છે. એટલા માટે કે તે બીજાઓના મુકાબલામાં માનસિક પરેશાનીઓથી દૂર હોય છે. મતલબ કે એ લોકો **(Free Sex)**ના સૂત્રથી માનસિક પરેશાનીઓ દૂર કરવા માંગે છે. એવી જ રીતે મેં જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીમાં અમુક વિદ્યાર્થીઓને એવું કહેતાં સાંભળ્યા કે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સરખામણીમાં કોમ્પિટિશનવાળી પરીક્ષાઓમાં સારાં પરિણામો એટલા માટે પ્રાપ્ત નથી કરી શક્તા કે ત્યાં છોકરા અને છોકરીઓને એક બીજાથી નજીક થવાનો મૌકો઼ નથી મળતો. મતલબ કે જેટલાં મોઢાં એટલી વાતો ! કેવળ એ પ્રકૃતિને કામમાં લાવતા જે અલ્લાહ તઆલાએ દરેક ઈન્સાનને આપી છે અને વિચાર વિમર્શ કરવામાં આવે તો એ વાત દિવસના અજવાળાની જેમ જાહેર થઈ જશે કે આ બધા ઈલાજો ટેમ્પરરી હોય શકે છે, પરંતુ એનાથી આપણા સમાજની અખ્લાકી બુનિયાદો ઢીલી થઈ જશે, ખરેખર તો માનસિક શાંતિ અને કાયમી રાહત અને રૂહના અમલનો વાસ્તવિક અને એક અનોખો હલ કેવળ મઝહબ પાસે છે.

**ઈસ્લામ ધર્મ જ કાયમી હલ**

દુનિયામાં જોવામાં આવતા આસ્માની અથવા ગૈર આસ્માની ધર્મોમાંથી કોઈપણ ધર્મને લઈ લો, જો એના પર યકી઼ન રાખવાવાળો પોતાના યકી઼નમાં મજબૂત છે તો એ દુનિયાનાં બધાં કામોને પૂરાં કરવા અને પોતાની વ્યસ્ત જિંદગી હોવા છતાં પૂર સુકૂન નજર આવશે એટલા માટે કે એ મઝહબો એવા

નુસ્ખા આપે છે જેનાથી ઈન્સાન પૂર સુકૂન રહેવાના તરીકા શીખી લે છે, મુસીબતના સમયે પોતાના ધર્મની પનાહમાં આવી જાય છે. યોગ શું છે ? એ જ વાતની ખુલ્લી સાબિતી છે કે ધર્મ સુકૂન આપે છે. પરંતુ એ હક઼ીક઼ત કુબૂલ કર્યા પછી કે બધા ધર્મો રૂહાની કુવ્વત અને ઝહની સુકૂન (માનસિક શાંતિ) આપે છે, ગમગીન હાલતમાં પરેશાની માણસને સહારો આપે છે, આપણે એ હક઼ીક઼તને કુબૂલ કરવી પડશે કે ઈસ્લામ ધર્મ જ હક઼ીક઼ી અને હમેશાં માટે સુકૂન પહોંચાડવાવાળો છે. એટલા માટે કે જે ગૈર આસ્માની ધર્મો છે તે ઈલાહી નુસ્ખા નથી અતા કરી શકતા, અને એવી રીતે તે કદાપી આસ્માની ધર્મોનો મુકાબલો નથી કરી શકતા, પરંતુ આસ્માની ધર્મો યહૂદિયત ઈસાઈયત અને ઈસ્લામમાંથી ઈસ્લામ સિવાય એ બંને ધર્મો પાસે જે ધાર્મિક અને દીની સરમાયો છે તે ભરોસો કરવા જેવો નથી રહી ગયો કેમ કે એમાં ઘણો બધો ફેરફાર તથા મિલાવટ થઈ ગઈ છે. અને બીજી વાત એ કે ઈસ્લામ ધર્મએ આવીને એ બધા ધર્મોને મન્સૂખ કરી દીધા અને હવે ક઼યામત સુધી કેવળ ઈસ્લામ ધર્મ જ હક઼ીક઼ી અને અલ્લાહના નજીક મક઼બૂલ બાકી રહી ગયો છે. એટલા માટે ઈસ્લામ જ એક એવો ધર્મ છે જે ઈન્સાનને બધી રૂહાની અને જિસ્માની (આધ્યાત્મિક તથા શારીરિક) અને ઝહની (માનસિક) પરેશાનીઓથી છૂટકારો આપવાની ક્ષમતા ધરાવે છે. અને એની તા'લીમાત અને એહકામાત અને તેના ઔષધિને લગતા નુસ્ખા બધી જ તકલીફોથી મેહફૂઝ અને મામૂન છે. એટલા માટે તો અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો : "હે રસૂલ ! તમે ફર્માવી દો કે આ મો'મિનો માટે હિદાયત અને શિફા છે[3]."

જ્યારે આટલી વાત સિદ્ધ થઈ ગઈ કે ઈસ્લામ ધર્મ જ ઝખ્મોનું મલમ અને દર્દોનો ઈલાજ છે, આ જ ધર્મ માનસિક અને રૂહાની તૌર પર તૂટી ગયેલા લોકોને રાહતનો મીઠો જામ પીવાડીને ફરીથી તાજા કરી દે છે, તો હવે આપણે થોડા ઈસ્લામી નુસ્ખાઓને બીજી રૂહાની અને શારીરિક બીમારીઓના મુકાબલામાં રાખીને તપાસ કરવી જોઈએ કે કેવી રીતે ઈસ્લામ આખી દુનિયાને રાહત પહોંચાડી શકે છે ? અને કેવી રીતે અલ્લાહના તે નેક બંદા વ્યસ્ત જિંદગી વિતાવવા છતાંય એમના માથા પર પરેશાનીઓની લકીરો ઉભરાતી ન હતી ? અને મોટી મોટી મુસીબતો ખુશી ખુશી બર્દાશત કરતા હતા ?

## ઈસ્લામ કઈ રીતે શાંતિ આપે છે ?

જુઓ ! જે ઈન્સાન ઈસ્લામ ધર્મ અને તેની તા'લીમાત પર યક઼ીન રાખે છે એના સામે હમેશાં ઈસ્લામી તા'લીમાત હોય છે અને ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક) છે. એ દીને ફિતરતમાં ઈન્સાનને ઉપસ્થિત થનારી સમસ્યાઓનાં પરિણામો બતાવી દીધાં છે. ખુશીનો મોકો હોય તો ખુશીનો ઈઝહાર (પ્રદર્શન) કેવી રીતે કરવો જોઈએ, અને ગમનો માહોલ હોય, હાલાતની આંધીઓ વિરોધી દીશામાં ચાલી રહી હોય તો તે વખતે એનો કેવી રીતે મુક઼ાબલો કરવો, આ બધી વાતો ખુલાસાવાર વર્ણન કરી દેવામાં આવી છે. પોતાની પ્રાકૃતિક તબીયતના પ્રમાણે ઈન્સાનને એવી વ્યસ્ત જિંદગી ગુજારવાથી ઈસ્લામ મના કરે છે જેમાં કેવળ ભૌતિકતા પાછળ આંધળી દોડ અને મનેચ્છાઓનું અનુસરણ હોય, બલ્કે એ એક એવી જિંદગી ગુજારવાનો હુકમ આપે છે જેમાં બધી જિમ્મેદારીઓ તેના સમય પર પૂર્ણ કરવામાં આવે. અલ્લાહ તઆલાના હક્ક઼ો, સમાજ અને પબ્લિકના હક્ક઼ો, બીવા બચ્ચાંના હક્ક઼ો, અને પછી શારીરિક હક્ક઼ો સર્વ એકદમ પ્રમાણિકપણે અદા કરવામાં આવે. એટલા માટે કે મુસલમાનની નિગાહોમાં હમેશાં આખેરતને અગ્રતા પ્રાપ્ય હોય છે, તે એનો એઅ્તેકાદ (માન્યતા) રાખે છે કે બધા હક્ક઼ોના વિશે

અલ્લાહ તઆલાની બારગાહમાં સવાલોનો જવાબ આપવાનો છે, એટલા માટે તે પોતાની વ્યસ્ત જિંદગીમાંથી સમય કાઢી અમુક સમય પોતાના ખાલિક઼ અને માલિકની બારગાહમાં ઝુકી પોતાની આજીજીનો સ્વીકાર કરે છે, એનાથી તેને એ રૂહાની સુકૂન મળે છે જેનો એહસાસ તો પોતે અનુભવીને જ કરી શકાય છે.

નમાઝના વિશે ડિલ કારેંગીએ નોબલ ઈનામ પામેલા એલકેસિસ કારીકના પુસ્તકથી નકલ કર્યું છે કે આજ સુધીમાં સ્ફૂર્તિ પૈદા કરવાવાળી ચીજોમાં સૌથી મોટી શક્તિ નમાઝ જ છે. એવી રીતે સર્વ સંજોગોમાં માન્યતાના અમુક એવા નુસ્ખા ધર્મ આપણને અર્પણ કરે છે કે આપણે ગલત કામોથી આપણા કદમ ખેંચી લઈએ છે અને આપણી ઉલ્ઝનોનો ઈલાજ એ જ નુસ્ખાઓથી કરવાની કોશિશ કરીએ છીએ. ધારો કે એક વિદ્યાર્થી જ્યારે ઈમ્તેહાન (પરીક્ષા)માં નાપાસ થઈ જાય છે તો તેની આંખો સામે અંધારુ છવાઈ જાય છે. અને પછી નિરાશ થઈ તે આત્મહત્યા કરવા તૈયાર થઈ જાય છે, તો એવી વેળા ધર્મ એની સહાય કરે છે. એને નિરાશ ન થવાનો ઈસ્લામી હુકમ યાદ આવે છે, મુસીબતો પર સબ્ર કરવાના ઈનામો યાદ આવે છે, મજબૂત ઈરાદો અને હિંમત કરનારી ઈસ્લામી વાતો દિમાગમાં ફરવા લાગે છે, તક઼દીરની વાત યાદ આવે છે, આત્મહત્યા કરવા પર મળનારી આખેરતની સજા અને પછી આત્મહત્યા કરવાની સ્થિતિમાં કાંઈ હાથ નહીં આવે તેવો ખયાલ આવે છે, જેથી તે આત્મહત્યા કરવાથી રોકાઈ જાય છે. ફરીથી તે કોશિશ કરે છે અને અલ્લાહ તઆલાથી દુઆ કરે છે, એની બારગાહથી લૌ લગાડે છે, અને પછી એક દિવસ એવો આવે છે કે તે કામયાબ થઈ જાય છે. જો ઈન્સાન ગરીબી અને ભૂખનો શિકાર છે તો તે સમયે પણ ધર્મની મહેરબાનીથી નાઉમ્મીદીનો શિકાર નથી થતો, બલ્કે બરાબર કોશિશ કરતો રહે છે. અને જો પછી પણ તે મોહતાજીથી નજાત (છૂટકારો) પ્રાપ્ત નથી કરી શકતો તો તે અલ્લાહની ખુશનુદી (રઝા) સામે પોતાનું માથુ ઝુકાવી પોતાના દિલને સાંત્વન આપે છે. અગર કોઈ ઈન્સાન બેકારીના લીધે ઉલ્ઝનોની જાળમાં સપડાય જાય છે, તો તે વળા પણ ઈસ્લામ ધર્મ આપણી રહનુમાઈ કરે છે. આપણને અલ્લાહ તઆલાનું આ કથન યાદ અપાવે છે :–

ભાવાર્થ : **"શું તમે સમજી લીધું કે અમોએ તમને બેકાર પૈદા કર્યા છે અને શું તમે એ સમજી લીધું છે કે તમે મારી બારગાહમાં પલટી (લોટી)ને નહીં આવો ?!"**

તે વખતે બંદાને એહસાસ થાય છે કે મારે બેકાર સમય વિતાવવો ન જોઈએ એટલા માટે કે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે મારાથી એનો હિસાબ લેશે અને પછી તે બંદો કોઈ કામમાં લાગી જાય છે તો બધી જાતના વિચારો આપમેળે દૂર થઈ જાય છે અને એવી રીતે તે બંદો બધી ઉલ્ઝનોથી છૂટકારો મેળવી લે છે.

ઈસ્લામ ધર્મ આપણને મામૂલી વાતોથી પણ બચવાની તલ્ક઼ીન ફર્માવે છે, એટલા માટે કે આજ નાની વસ્તુઓ મોટી બની આપણને હલાક અને તબાહ કરી દે છે. એ જ હક઼ીક઼તની તરફ માર્ગ આપણને અલ્લાહના રસૂલ ﷺની એ હદીષે પાકથી મળે છે, આપે ઈર્શાદ ફર્માવ્યો : "મામૂલી ગુનાહોથી બચો ! તે એકત્ર થઈને ઈન્સાનને બર્બાદ કરી દે છે બિલ્કુલ એવી જ રીતે જેવી રીતે થોડા લોકો કદી જંગલમાં પડાવ નાખે અને તે લોકો આજુબાજુ તલાશ કરી નાની નાની લાકડીઓ ભેગી કરવા લાગે, થોડીવાર પછી લાકડીઓનો ઢગલો જમા થઈ જાય તો આગ સળગાવી જે ચાહે તે પકાવે."

ઈસ્લામ મુસીબતોથી ઘેરાયેલા ઈન્સાનને રડવાથી મના કરે છે, ભૂતકાળની ગલતીઓથી

સબક (બોધ) લઈ ભવિષ્ય માટે પોતાને તૈયાર કરવાનો હુકમ આપે છે. અલ્લાહ પાક ફર્માવે છે : ''હે દષ્ટિવાળાઓ ! બોધ ગ્રહણ કરો !''

ઈસ્લામ બદલો લેવા માટે તૈયાર ઈન્સાનને પોતાના માટે બદલો લેવાથી રોકે છે. નરમી અને સહનશીલતાની તલ્કીન (શીખામણ) ફર્માવે છે. એટલા માટે કે એનાથી વધારે મુસીબતો જન્મ લે છે અને પરેશાનીઓ વધે છે. ઈસ્લામ ગુસ્સો પીનારા આદમીને સૌથી મોટો પહેલવાન કહીને બેકાબૂ થઈ જવાથી બચાવે છે. ઈસ્લામ એ વાતનો સબક આપે છે કે જિંદગીની કડવાશોથી નિરાશ ન થવું જોઈએ, બલ્કે સબ્ર કરવી જોઈએ, એટલા માટે કે કદી કોઈ બુરાઈ ભલાઈનું કારણ બની જાય છે. એવી રીતે ખાતા લીંબુથી મીઠુ શરબત બનાવી પીવાનું શીખવાડે છે. જાહેર અને આંત્રિક પાકીઝગી માટે ઉભારે છે, એટલા માટે કે તમે રૂહાની અને જિસ્માની રીતે પુર સુકૂન રહો, એકબીજા પર નુક્તાચીની (ટીકા ટીપ્પણ) કરવાથી રોકે છે અને હમેશાં નફ્સની પકડ કરવા માટે ઉભારે છે, એટલા માટે કે બીજો કોઈ આપણા પર નુક્તાચીની (ટીકાઓ) ન કરે અને પછી આપણે ઉલ્ઝનોના શિકાર ન થઈએ.

## દૌલતથી માનસિક શાંતિ શક્ય નથી

જે લોકોને અલ્લાહ તઆલાએ દૌલતથી નવાજ્યા છે પરંતુ તો પણ તે લોકો સુકૂન પ્રાપ્ત નથી કરી શકતા તો એનો મતલબ એ છે કે ખુશી મયસ્સર કરવાવાળી દરેક વસ્તુ દૌલત નથી, બલ્કે એ દૌલત પાછળની દોડ ભૌતિક્તાની ભૂખ છે, એનો હર સમય લૂટાઈ જવાનો ખૌફ છે કેમ કે તે ખુદા પર ઈમાન નથી રાખતો. દુનિયામાં એશો આરામની જિંદગી ગુજારવા છતાંય તે માનસિક પરેશાનીઓ અને બેઈત્મેનાનીની કૈફિયતોમાં સપડાયેલો છે. એનો મતલબ એ છે કે સુકૂન હાંસલ કરવા માટે એ જાત તરફ મન લગાડવાથી મેહરૂમ છે જેના ઝિક્રથી દિલોને ક઼રાર અને જેની યાદથી તબીઅતને ખુશી મળે છે. એક માલદાર જો થોડા માલી નુકસાન પર એકદમ પરેશાન થાય છે તો એનો મતલબ એ છે કે તે કઝા અને તક઼દીરના મસાઈલથી આગાહ નથી, સબ્રની તા'લીમથી અજાણ છે.

કહેવાનો મતલબ એ છે કે જો દુનિયાની બધી બધી જ નેઅમતોની પ્રાપ્તિ છતાંય ઈન્સાન અગર કોઈપણ સમયે કોઈ પર રીતે ચૈન નથી પ્રાપ્ત કરી શકતો તો એનો મતલબ એ છે કે એને થયેલી રૂહાની, જિસ્માની, દિમાગી, માનસિક બીમારીઓ અધર્મતાના લીધે છે અથવા ઈમાન કમજોર હોવાના લીધે છે. જેથી એવા ઈન્સાનને એવા બીમારને ઈશ્કે નબીની દવા આપવાની જરૂરત છે. એટલા માટે કે ઈસ્લામ પાસે અઅ્માલ અને અખ્લાક઼નો એવો ખજાનો છે જે તે અલ્લાહ તરફથી ઉતારવામાં આવ્યો છે જે પોતાના બંદાઓની માનસિક્તાનો હક઼ીક઼ી આલિમ છે, જે બંદાઓનાં દિલોમાં ગુઝરી રહેલા વિચારોથી પણ વાકેફ છે, ઈસ્લામ ધર્મ એક એવો મઝહબ છે જે દુનિયાને બધી રાજનૈતિક, સામાજિક, સંસ્કારિક, માનસિક, શારીરિક અને રૂહાની (આધ્યાત્મિક) પરેશાનીઓથી છૂટકારો અને નજાત અપાવી એવી કુવ્વત (તાક઼ત) અતા કરે છે જેનું કોઈ દષ્ટાંત નથી.

આ ધર્મ દુનિયા અને દીન બંનેવ જમા કરવાનો હુકમ આપે છે, દુઆની તા'લીમ આપે છે તો ઈર્શાદ ફર્માવે છે કે આ શબ્દમાં દુઆ માંગો :–

ربنا اتنافی الدنیا حسنة وفی الاخرة حسنة

''હે અમારા રબ ! અમોને દુનિયામાં પણ ભલાઈ અતા કર અને આખેરતમાં પણ ભલાઈ અતા કર.''

## મુસલમાનોની જવાબદારીઓ શું છે ?

ચર્ચાનો ખુલાસો એ છે કે આજે ઈસ્લામ અને

ઈસ્લામી તા'લીમાતની સૌથી વધારે જરૂર છે. ઈસ્લામના રહમતના ઝરણામાં આબે હયાત છે, સુકૂનનો જામ, રાહતનું શરબત છે, પરંતુ દુનિયા બુદ્ધિના ક્ષેત્રે ઘણી આગળ વધી ગઈ છે એટલા માટે હવે મુબલ્લિગોની જિમ્મેદારીઓ વધી ગઈ છે અને હવે સમય આવી ગયો કે ઉચ્ચ સલાહિયતવાળા ઈસ્લામની દા'વત આપવાવાળા ખુલૂસ અને લિલ્લાહિય્યતથી ભરપૂર ઉચ્ચ શિક્ષણના હથિયારોથી સજ્જ થઈ દુનિયામાં મૌજૂદ બધી માન્યતાઓનો ઈસ્લામથી મુકાબલો કરી ઈસ્લામની મહત્વતા અને ફાયદાને દુનિયા સામે પેશ કરે, એની ખૂબીઓને દુનિયા સામે બયાન કરે, ખાસ કરીને પશ્ચિમી જગત સામે ઈસ્લામના વિશ્વવ્યાપી પાસાંઓ પર પડેલા પર્દાને ઉઠાવવાની કોશિશ કરે, આપણને અલ્લાહની જાતથી ઉમ્મીદ છે કે દુનિયા સામે હક્ક સ્પષ્ટ થઈ જશે. પશ્ચિમ પોતાની ખુલી આંખો વડે ઈસ્લામની હક્કાનિયતનો નઝારો કરશે અને પછી વગર કોઈ ઝઘડે, ઈસ્લામ સામે, પોતાને સરેન્ડર (Surrender) કરી દેશે. એટલા માટે કે આખી દુનિયા ખાસ કરી પશ્ચિમી દુનિયાને દુનિયાની બધી લિઝ્ઝતો પ્રાપ્ત થઈ ચૂકી છે, હવે તેને કેવળ ઈસ્લામનો મીઠો જામ પીવાડવાનો બાકી છે, અગર આપણે એવું કરી શકીએ તો એ ઈન્સાનિયત પર એહસાનની સાથોસાથ બેહતરીન ઉમ્મતનો ફરજ પણ પૂરો થશે. અને અગર એવું ન કરી શક્યા તો આપણે બધાએ અલ્લાહની બારગાહમાં એ દિવસે જવાબ આપવા માટે તૈયાર રહેવું જોઈએ જે દિવસે કોઈ કોઈનો હાલ પૂછવાવાળો નહીં હોય.

**અંદાઝે બયાં ગર ચે શૌખ નહીં હૈ**
**શાયદ કે ઉતર જાએ તેરે દિલમેં મેરી બાત**

*(સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ, ત્રિમાસિક, મુંબઈ, જૂલાઈથી સપ્ટે. ૦૭)*

**હવાલા : (૧)** મુહમ્મદ ગિઝાલી–૪૬, અપની ઝિંદગી ભરસે સંવારિએ, ઉર્દૂ તર્જુમો : અબૂ મસઊદ અઝહર નદવી, (૨) મરજએ સાબિક઼ (૩) હા–મીમ–સજદા : ૪૩ (૪) નં. ૧ મુજબ, પેજ–૩૦૭, (૫) સૂરએ મુઅ્મિનૂન–૧૧૫, (૬) મુસ્નદે અહમદ, નં. ૧ મુજબ, પેજ–૭૮, (૭) સૂ. હશ્ર–૨ (૮) સૂરએ બક઼રહ–૨૦૨

પેજ નં. **૩૧** નું ચાલુ....

છે કે યુનિવર્સિટી, હવાઈ અડ્ડા અને અન્ય સ્થળો પર મુસલમાનોની મસ્જિદ, ઈસાઈઓનું ગિર્જાગર અને યહૂદીઓના હેકલ એક જ સ્થળે બાંધવામાં આવે અને કુર્આન, તૌરેત તથા ઈન્જીલને એક જ કવરમાં પ્રકાશિત કરવામાં આવે. પરંતુ ખરેખર તો આ ખ્યાલ બેહતર છે કે જ્યારે ઈસાઈયત, યહૂદિયત કે જે બંને ઈસ્લામથી જુદા થઈ અસ્તિત્વમાં આવ્યા છે તો પછી શા માટે પોતાના ઘર ઈસ્લામ તરફ પાછા ન ચાલ્યા જાય, આ સિવાય કુર્આન શરીફ કે જે ઈતિહાસની સૌથી સાચી કિતાબ છે તો પછી તૌરત તથા ઈન્જીલ સાથે કેવી રીતે પ્રકાશિત કરવામાં આવે જ્યારે કે ફક્ત તેનાં નામો જ છે અને અસલ લખાણ રીસર્ચ કરવાવાળાઓ માટે શંકાસ્પદ છે જેમાં માણસની કામગીરી પણ સામેલ છે.

અરબ દુનિયામાં તેહરીકે વેહદતુલ અદયાન (ધર્મોના સંગઠન) વિરુધ્ધ ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. અખ્બારુલ મુતઅલ્લીકીનના પૃષ્ઠોમાં ડો. મુહમ્મદ જીરાલ અલ્ફીએ લખ્યું છે કે જ્યારે તે ફ્રાંસમાં તા'લીમ લઈ રહ્યા હતા ત્યારે ત્યાં અખવત ઈબ્રાહીમી નામની એક ચળવળ ચલાવવામાં આવી જેમાં કહેવામાં આવ્યું કે મુસલમાન, ઈસાઈ અને યહૂદી હઝરત ઈબ્રાહીમ عليه السلام ની મઅન્વી ઔલાદ છે તેથી તે ધર્મના અનુયાયીઓએ એક ઝંડા નીચે જમા થઈ જવું જોઈએ, છેવટે આ જ તેહરીક થોડા સમય પછી વેહદતુલ અદયાન (ધર્મોની એકતા)ના નામથી અસ્તિત્વમાં આવી.

*(સાભાર "દીને ફિતરત" લેખક : પ્રો. મસઊદ અહમદ)*

# ઈસ્લામને દબાવવા જગતભરમાં ચાલતી વિચિત્ર ચળવળો !

રજૂ. **મૌલાના ઈમરાન દાઉદ પટેલ ઝંઘારવી** *(દા.ઉ. કાદરિયા ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ ઈસ્લામ)ની વિશ્વસ્તરીય જાગૃતિએ તેના વિરોધીઓને મજબૂર કર્યા કે તેઓ એક બગાવત પ્રેરતા ધર્મનો પાયો નાખે જે દીને ફિતરતની અસરોને નષ્ટ કરી દે, ઉપરોક્ત બગાવતવૃત્તિવાળા ધર્મની બુનિયાદમાં ગુમરાહ ધાર્મિક નેતાઓનો પણ હાથ હોય શકે છે અને ધર્મના બાગીઓનો પણ.

## એક શૈતાની અધર્મની બદ્‌તમીઝીઓ

Modern યુગમાં માણસ ધાર્મિક નેતાઓથી દૂર રહી અધોગતિ તરફ ધકેલાયો જ્યાંથી તેનું પ્રગતિ કરવું મુશ્કેલ દેખાય રહ્યું છે, તદુપરાંત પડતી તરફ ધકેલવું વધુ સાફ દેખાય રહ્યું છે. ૧૯૬૯માં કોલિફોર્નિયાના મશહૂર શહેર સાન્ફ્રાંસિસ્કોના ડો. એન્થોની લાફીએ શૈતાની ધર્મનો દાવો કર્યો અને "ઈન્જીલુશ્શયાતીન" નામની એક કિતાબ પ્રગટ કરી. તેનો બુનિયાદી સિદ્ધાંત એ રહ્યો કે, "બુરાઈ અને ગલત કાર્ય એક પવિત્ર અમલ છે ! શૈતાન અદબ તથા ઈબાદતને પાત્ર છે. (મઅઝલ્લાહ !) તેને પૂજવું ઈબાદતનો સબબ છે." ડો. લાફીએ શૈતાનની પૂજા માટે એક પૂજાસ્થાન પણ બનાવ્યું જેનું નામ "કલીસા" કે "મઅબૂદુશ્શયાતીન" રાખવામાં આવ્યું. આ હકીકતનો પર્દાફાશ ઈ.સ. ૧૯૯૭માં થયો જ્યારે ઈજિપ્તની ફોજે કેરોમાં છાપો મારી તેના અનુયાયીઓને ગિરફતાર કર્યા જેમાં વધુ પડતા સ્કૂલો તથા કોલેજોના Students કે જેઓ યહૂદી તથા ઈસાઈ ધનવાન પરિવારથી સંબંધિત યુવાનો હતા.

ઉપરોક્ત ધર્મોમાં **મ્યુઝિકને પવિત્ર સમજવામાં આવે છે. પોપ મ્યુઝિકનો સંબંધ તે જ ધર્મથી છે કે જે આપણા સમાજમાં પ્રવેશ કરી ચૂક્યું છે.** તેના અનુયાયીઓ પોતાની ઓળખ માટે ચામડાના બનેલાં કપડાં પહેરે છે જેના પર માનવજાતની ખોપરીઓનાં ભયાનક ચિત્રો અને ભારદાર વાક્યો લખેલાં હોય છે. મોટા ભાગે માણસની ખોપરીઓ પર (×) ગુણાકારના નિશાન હાડકાંઓ દરમ્યાનમાં હોય છે કે જે તેઓનું ધાર્મિક નિશાન છે. તેમની વધુ નિશાનીઓ નીચે પ્રમાણે છે :

**(૧)** નખ મોટા રાખવા સવાબ સમજે છે.

**(૨)** મોટા મોટા વાળ રાખે છે.

**(૩)** પોતાના બદન પર જુદા જુદા જંગલી પ્રાણીઓની શકલો અથવા તેઓ ખૂદના Monogram બનાવે છે.

**(૪)** સ્ત્રીઓ પોતાના ચહેરાને Black રાખે છે અને ગેહરો લાલ રંગ ઈસ્તેમાલ કરે છે.

**(૫)** યુવાન છોકરા, છોકરીઓ ખુલ્લેઆમ વાસનામય સેક્સી પ્રવૃતિઓ કરે છે.

**(૬)** ખાસ તરીકા પ્રમાણે આગની પૂજા કરે છે તથા "ઈન્જીલુશ્શયાતીન" પઢે છે જેમાં શૈતાનની મજબૂતાઈનું વર્ણન હોય છે.

**(૭)** ધર્મના પ્રચાર પ્રસાર માટે Five Star હોટલોમાં મ્યુઝિકના પ્રોગ્રામો કરે છે.

**(૮)** બાળકોના કત્લને સવાબ સમજે છે તેનાથી શૈતાન ખુશ થાય છે.

ઈજિપ્તના આલિમ શેખ નસ્ર ફરીદે તે ધર્મના અનુયાયીઓને મુર્તદ અને વાજિબુલ કત્લ ઠરાવ્યા છે જેનું અલ્ અઝહર યુનિવર્સિટીના શૈખુલ જામિયા સૈયદ તન્તાવીએ સમર્થન કર્યું છે.

શૈતાની ધર્મની Activitiesનું મોટું કારણ ધાર્મિક વડાઓની બદ્અમલી અને World Level પર દીને ફિતરતને ન અપનાવવો. જો દીને ફિતરતને યોગ્ય Spritથી અપનાવવામાં આવત તો આજે આ પરિસ્થિતિ ઉભા ન થાત.

## ઈસ્લામનો બાગી બનાવતી કિતાબ !

વધુમાં કે બ્રિટનની જીન્ન એન્ડ કંપનીએ એક કિતાબ પ્રકાશિત કરી જેનું ટાઈટલ God and Godesses જેને Oxford Univrsityએ પ્રકાશિત કરી છે. આ કિતાબ ઈસ્લામાબાદની Froebl's International Schoolના કોર્સમાં સામેલ હતી, તેને એટલી સાવચેતીપૂર્વક પઢાવવામાં આવતી કે કાનો કાન કોઈને તેની જાણ ન થાય. આ કિતાબ Studentsને સ્કૂલની બહાર લઈ જવાની પરવાનગી ન હતી. ઉપરોક્ત કિતાબનો મુખ્ય હેતુ બાળકોને અલ્લાહની વિરુદધ બગાવત માટે ઉશ્કેરવા. નબીપાક ﷺનો મજાક ઉડાડવો અને ઈસ્લામી સિદ્ધાંતો તથા સંસ્કૃતિને દાગદાર કરવી.

## ઈન્ટરનેટ પર ચાર સૂરતો વડે ધોકો

ઈન્ટરનેટ પર કુર્આન શરીફની ચાર સૂરતો પેશ કરવામાં આવી છે જેનાં નામ તથા વિષયો ઘડવામાં આવ્યા છે અને આ બધું આંતરરાષ્ટ્રીય લેવલ પર થઈ રહ્યું છે. સૂરતોનાં નામ તથા વિષયો આ મુજબ છે જેનાથી તેમના હેતુઓ તથા મક્સદોનો બખૂબી અંદાજો લગાડી શકાય છે :–

**(૧)** સૂરતે તસજ્જુદ (હઝરત ઈસા علیہ السلام વિશે પંદર આયતો)

**(૨)** સુરતુલ ઈમાન (હઝરત ઈસા علیہ السلام અને તેમના હવારીઓ વિશે દસ આયતો)

**(૩)** સુરતુલ મુસ્લિમુન (અગ્યાર આયતોમાં તોરૈત તથા ઈન્જીલ છોડવાવાળાઓ માટે ધમકીઓ અને મઆઝલ્લાહ ! સરકાર ﷺને ગુમરાહ કરવાવાળા કહેવામાં આવ્યા છે.)

**(૪)** સુરતુલ વસાયા (સોળ આયતો જેમાં હઝરત ઈસા علیہ السلامને ખાતમુન્નબીય્યીન અને શરીઅત મન્સૂખ કરવાના મુખ્તાર દર્શાવાયા છે.)

## કુર્આનમાં ફેરફારનો નિષ્ફળ પ્રયાસ !

વધુ એક ખબર અમેરિકાના ડો. શબ્બીર અહમદની કિતાબ ''દસ્તક''થી જાણવા મળી કે કલામુલ્લાહના શબ્દો બદલવામાં આવી રહ્યા છે, હુરૂફ (અક્ષરો) તબ્દીલ થઈ રહ્યા છે, એઅરાબો (ઝેર, ઝબર પેશ) છોડી દેવાયા છે, આયતોના નંબરોમાં ઉલટફેર થઈ રહ્યો છે, એટલે સુધી કે કુર્આન શરીફની સૂરતોનાં નામ બદલી અવનવાં નામો રાખવામાં આવી રહ્યાં છે. આ બધું કહેવાતા ખાદિમુલ હરમૈન શરીફૈન મલિક ફહદ બિન અબ્દુલ અઝીઝના નામથી ઈ.સ. ૧૯૯૬માં મલિક ફહદ પ્રિન્ટિંગ પ્રેસ મદીના મુનવ્વરાથી પ્રકાશિત થવાવાળા મુસ્હફુલ મદીનામાં ઉપ્લબ્ધ છે.

## વિવિધ ધર્મોની એકતા (સંગઠન)નું ભૂત !

બીજી તરફ વેહદતુલ અદયાન (ધર્મોની એકતા)નું એક નવું ચિત્ર પેશ કરવામાં આવ્યું. યહૂદી તથા નસારાએ વર્તમાનપત્રો, સામયિકો વગેરે પ્રચાર પ્રસારના માધ્યમો થકી દુનિયાભરના માણસોને દા'વત આપી કે તેઓ ઈસ્લામ, ઈસાઈયત અને યહૂદિયતમાંથી કોઈપણ ધર્મથી સંબંધ ધરાવતા હોય તેઓ આ બુનિયાદ પર વેહદતુલ ઈમાન (ધર્મોની એકતા)ના પ્લેટફોર્મ પર જમા થઈ જાય કે આ ત્રણેય ધર્મો આસ્માની કિતાબો પર આધારિત છે. એના માટે તેઓની તજવીઝ પણ

વધુ પેજ નં. ૨૭ પર....

# તબ્લીગી જમાઅત કે ત્રાસવાદી જમાઅત ?!

રજૂકર્તા પટેલ શબ્બીર અલી રઝવી તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

આપણા ગયબ બતાવનાર નબી કરીમ ﷺએ કિયામત સુધી દુનિયામાં થનારા બનાવોની ખુદાદાદ ઈલ્મ વડે પેશનગોઈઓ કરી આપી છે એને નજરો સમક્ષ રાખીને ૧૪૦૦ વરસના ઈતિહાસનો અભ્યાસ કરનાર પોતાની નજરે જો એનો અનુભવ કરે તો એનું ઈમાન મજબૂતથી અધિક મજબૂત થતું ચાલ્યું જાય એવા બનાવો જગતભરમાં બન્યા છે અને બનતા રહે છે. એવી જ એક પેશનગોઈમાં એક આગાહી હુઝૂરે અકરમ ﷺએ કરી હતી.

## ૧૪૦૦ વરસ પહેલાં હુઝૂર ﷺનો નિર્દેશ

★ બુખારી તથા મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺનો ચહેરો મુબારક પૂર્વ તરફ હતો અને આપ ﷺએ ફર્માવ્યું : **ઈન્નલ ફિત્નલ હાહુના** (અર્થ) : "ફિત્નો અહીં છે."

★ ઈમામ અહમદ ઈબ્ને હંબલે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : આપે પોતાનો ચહેરો મુબારક સૂર્ય નીકળવાની દિશા (પૂર્વ) તરફ કર્યો અને ફર્માવ્યું, "અહીંથી શૈતાની જમાઅત નીકળશે." અને ફર્માવ્યું, "અહીંથી ધરતીકંપો અને ફિત્ના ઉઠશે."

★ બુખારી તથા મુસ્લિમ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "કુફ્રનું માથુ પૂર્વની તરફ છે." એક હદીષમાં કહ્યું : "ઈમાન યમની છે અને ત્યાંથી (નજદ પૂર્વમાં છે) ફિત્ના છે જ્યાંથી શૈતાનનું શીંગડુ ફૂટશે."

★ બુખારી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે, હુઝૂર ﷺએ શામ તથા યમન માટે બરકતની દુઆ કરી, તો નજદના સહાબાએ નજદ માટે દુઆ કરવા અર્ઝ કરી, તો આપે ફરી શામ તથા યમન માટે જ દુઆ કરી. ત્રીજીવાર સહાબાએ અર્ઝ કરતાં આપ ﷺએ ફર્માવ્યું : ત્યાંથી (નજદથી) ધરતીકંપો અને ફિત્ના છે અને ત્યાંથી શૈતાની જમાઅત નીકળશે.

## ઈસ્લામી જગતમાં ધરતીકંપ !

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! એકદમ ઠંડા દિલે ઉપરોક્ત હદીષોને ફરીથી વાંચી જાવ અને વિચારો કે રસૂલે કરીમ ﷺએ પોતાની ઉમ્મતને ૧૪૦૦ વરસ પહેલાંથી જ કેટલા સ્પષ્ટ શબ્દોમાં નજદથી ઉઠનાર શૈતાની જમાઅતથી ચેતવી દીધા હતા ! અને ખરેખર એ શૈતાની જમાઅતનો સરદાર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદમાં હિ.સ. ૧૧૧૫માં જન્મ્યો અને વહાબી ફિર્કાનો પાયો નાખ્યો જેનાથી ઈસ્લામી જગતમાં એવા ફિત્ના તથા ધરતીકંપો સર્જાયા જેનાથી ઈસ્લામી કિલ્લાની ઈંટો હચમચી

ઉઠી ! એ નજદી વહાબી ફિર્કાનો અભ્યાસ કરતાં યકીન થઈ જશે કે જે આપણા ગયબ જાણનાર નબી ﷺએ ફર્માવ્યું હતું તે અક્ષરસઃ થઈને રહ્યું અને હજી થઈ રહ્યું છે અને થતું રહેશે. આ વાત ઈમાનની ફિકરમાં રહેનારાઓ માટે એક ચિંતનનો સબબ છે કે એમનાથી હમેશાં સાવધાન રહે.

હુઝૂર ﷺ પર આપણી જાનો અગણિતવાર કુર્બાન ! શું સ્પષ્ટ આગાહી કરી આપી કે "અહીંથી શૈતાની જમાઅત ઉઠશે ! અહીંથી ફિત્ના ઉઠશે ! અહીંથી ધરતીકંપો ઉઠશે !" ખરેખર, **ઈસ્લામી ઈતિહાસમાં ગમે તેટલા ફિત્ના ઉઠયા પણ કોઈનાથી ઈસ્લામી આલમને એટલું નુકસાન નથી થયું જેટલું આ વહાબી, નજદી ફિર્કાથી થયું છે.** પૂરા ઈતિહાસમાં ઈસ્લામી જગતને કમજોર કરે તથા હચમચાવી દે તેવો કોઈ ધરતીકંપ હોય તો આ જ નજદી વહાબી ફિત્નાનો છે કે સેંકડો વરસોની એવી મજબૂત ઈસ્લામી તુર્કી સુન્ની "ઉષ્માની હુકૂમત" સમગ્ર અરબ જગત પર હતી કે યહૂદી, ઈસાઈ યૂરોપવાસીઓની ઈસ્લામના ઉદયથી ઈસ્લામના કિલ્લાને હચમચાવવાની ચાલતી કોશિશો સતત નિષ્ફળ જતી રહી અને ઈસ્લામી જગતનો યૂરોપ પર રુઆબ, દબદબો તથા ધાક હતી, સીધી લડાઈમાં સેંકડો વરસો સુધી ન ફાવતાં તેમણે જાસૂસો થકી મુસલમાનોમાં એવા માણસો શોધ્યા અને નસીબજોગ મુહમ્મદ ઈબ્ને અબ્દલ વહહાબ તથા મુહમ્મદ ઈબ્ને સઊદ મળી ગયા તેમને અંગ્રેજોએ લશ્કર, નાણા વગેરેની સહાય કરી અને આ ગદ્દારોની બગાવતથી જગતમાંથી સેંકડો વરસની ઈસ્લામી મજબૂત સલ્તનતનો નાશ થયો અને મુસલમાનોની એક મજબૂત શક્તિ ખત્મ થઈ ગઈ અને નાના નાના ટુકડાઓ પર અરબના અમીરો રાજ કરતા થઈ ગયા, એ પણ નામના જ રાજા રહ્યા ! અસલ સત્તા તો બ્રિટન ગવર્નમેન્ટની રહી જેના માટે કરારો પણ થયા જે કિતાબોમાં પ્રસિદ્ધ પણ થઈ ચૂક્યા છે. અને હાલનું સઊદી અરબ **અલમદદ ! યા બ્રિટન ! અલમદદ ! યા અમેરિકા ! યા બુશ !** કરીને જીવી રહ્યું છે એ આપણી આંખો જોઈ રહી છે.

આજે "ખાદિમુલ હરમૈન"ના આ લકબધારીઓ બ્રિટન-અમેરિકાની હાઈબ્રીડાઈઝ્ડ નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલ થકી પેલેસ્ટાઈન, લેબનોન તથા અન્ય મુસ્લિમ દેશો પર થતા જુલ્મો સિતમ સામે જરાય ચું કે ચા કરતા નથી, અફઘાન તબાહ થયું ઈરાક તબાહ થયું અને હવે ઈરાન પર નજરો બ્રિટન-અમેરિકા વગેરેની મંડાયેલી છે. **ઈસ્લામી જગતનાં અંગો કપાઈ કપાઈને ટુકડા થઈ રહ્યાં છે છતાં એમને કોઈ જ પડી નથી ! કોઈ જ પ્રત્યાઘાત તેમના તરફથી નથી જોવા મળતો.** ઈસ્લામ વિરુધ્ધ કે નબી પાક ﷺની ગુસ્તાખી જગતમાં કરવાના બનાવો બન્યા, **આખુ ઈસ્લામી વિશ્વ ખળભળી ઉઠયું પણ સઊદી ખામોશ છે !** શાથી ?! એટલે જ કે સઊદી-યહૂદી, સઊદી-ઈસાઈ એ એક જ છે, ભાઈ ભાઈ જ છે, કેવળ સઊદી નામ જ છે, નહીં તો એનો સર્વ રિમોટ કન્ટ્રોલ યૂરોપ અમેરિકાના હાથમાં છે, અને યૂરોપ અમેરિકા વિવિધ બહાનાંઓ બનાવી વારાફરતી મુસ્લિમ દેશોને તબાહ કરી રહેલ છે કેમ કે નજદી વહાબીની ગદ્દારીઓએ મુસ્લિમોની શક્તિઓનો ખાત્મો બોલાવી દીધો છે.

## નજદથી ઉઠેલા આંચકા હિંદમાં પહોંચ્યા

હવે તમને સમજાઈ ગયું હશે કે જગતભરમાં મુસ્લિમોની તબાહીનો સીધો જિમ્મેદાર કોઈ હોય તો તે આ જ સઊદી નજદી વહાબી જ છે. એટલુ જ નહીં પણ વિશ્વભરમાં વહાબિયત ફેલાવવા અઢળક નાણાનો ધોધ તેણે ખુલ્લો મૂક્યો છે જેનાથી જગતભરમાં ખાસ કરીને હિંદ તથા પાક.માં સહીહુલ અકીદા

મુસલમાનોનું ચૈન સુકૂન હણાઈ ચૂક્યું છે. એ જ નજદી વહાબી પેશ્વા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબની ''કિતાબુત્તૌહીદ'' નામની કિતાબ જેનો અનુવાદ ''તક્વિયતુલ ઈમાન'' જે તૌહીદની આડમાં નબી, વલીઓની ગુસ્તાખીઓથી લબરેઝ છે જેને અંગ્રેજોએ તે દૌરમાં છપાવીને વહેંચી હતી ! જેનાથી મુસલમાનોમાં વિખવાદ તથા લડાઈ ઝઘડાઓ શરૂ થયા અને આજ સુધી સુન્ની વહાબીના ઝઘડા શહેરે શહેરે ગામે ગામ થતા રહે છે. હુઝૂર ﷺની આગાહી પ્રમાણે નજદથી ઉઠેલા ધરતીકંપના આંચકા હજી ચાલુ છે જેનાથી આપણે સૌ પરેશાન છીએ.

જે રીતે નજદી વહાબીઓએ અંગ્રેજોના પીઠબળ હેઠળ **ત્રાસવાદ ફેલાવીને અસંખ્ય મુસલમાનોને કત્લ કર્યા તથા સહાબાએ કિરામનાં, અહલે બયતનાં મઝારો, યાદગાર મસ્જિદો તોડી પાડી જુલ્મનો કાળો કેર વર્તાવીને મક્કા શરીફ, મદીના શરીફ પર પોતાનો કબજો જમાવ્યો હતો,** તો આજે આપણા ત્યાં એ જ ત્રાસવાદી ફિર્કા નજદી વહાબીના નાણાથી ઉછરેલી એના જ નક્શે ક્દમ પર ચાલતી ''દેવબંદી તબ્લીગી જમાઅત'' પણ ઠેર ઠેર ત્રાસવાદનો માહોલ ખડો કરી રહી છે. અગાઉ પણ અમુક સમાચારો મારપીટ કરી ગુંડાગીરી કરીને સુન્નીઓને તેમની ઈબાદતોમાં વિઘ્નો ઉભા કરી ત્રાસવાદ ફેલાવવાના આ જમાઅતવાળાઓ થકી અમે રજૂ કરી ચૂક્યા છીએ અને હાલમાં કેટલાક બનાવો બન્યા છે તેનો ચિતાર પણ જોઈ લો, અને વિચારો કે ઈસ્લામનો પ્રચાર કરવાનો દાવો કરતી આ જમાઅતમાં **તબ્લીગનો આ ત્રાસવાદ થકી દીન ફેલાવવાનો તરીકો** કઈ રીતે ઈસ્લામના શાંતિના પયગામ સાથે મેળ ખાય છે ?!

આશ્ચર્યની વાત છે કે મુશ્રિકોના પેશ્વાઓનું સાલો ઓઢાડી સન્માન કરતા આ જમિયતવાળા, તબ્લીગ જમાઅતવાળા તથા મંદિરોમાં પૂજારી પાસે મૂર્તિના ચરણોમાં ઉભા રહી પ્રસાદ મેળવી આરોગનારા દેવબંદી મુફ્તીઓ કયા મોઢે કોઈ સુન્નીને શિર્ક, કુફ્રના ફત્વા આપી શકે છે ?! *(જુઓ કિતાબ : કૌમી એકતાના નામે ધર્મોમાં ભેળસેળથી બચો !)* તો આવા ડુપ્લિકેટ તૌહીદના ઠેકેદારોના અનુયાયીઓ થકી થતા ત્રાસવાદના નમૂના જોઈ લો :–

## આતંકવાદના તરો તાજા બનાવો !

સેલંબામાં મસ્જિદના પંથ અંગે તકરારમાં એકની ભારે મારપીટ

*(તા. ૩૦–૯–૦૭, ગુજરાત સમાચાર)* દેડીયાપાડા,તા.૨૯

નર્મદા જીલ્લાના સાગબારા તાલુકાના વેપારી મથક સેલંબા ગામ ખાતે બે મુસ્લિમ જુથો વચ્ચે મસ્જિદના પંથ બાબતે ઝગડો થતાં એક વ્યક્તિને છ વ્યક્તિઓએ માર મારતાં અને જાનથી મારી નાખવાની ધમકી આપતાં સાગબારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

મુસ્લિમોના બે જૂથ વચ્ચે વિવાદમાં છ ઈસમોનો એક પર હુમલો

પહેલેથી જ સુન્ની એવા આ **સેલંબા** (જિ. નર્મદા) કસ્બામાં અહલે સુન્નતની મસ્જિદ છે જેનું સંચાલન સુન્નીઓ કરે છે, અમુક વરસોથી વહાબિયત દેવબંદિયતનું નજદથી ઉઠેલુ પ્રદુષણ ફેલાતુ ફેલાતુ ત્યાં પણ પહોંચ્યું અને અમુક વ્યક્તિઓ દેવબંદી અકીદાની થઈ જતાં તેમને આસપાસના દેવબંદી મર્કઝો તરફથી પીઠબળ મળતાં તેમની દાનત બગડી અને સુન્નીઓની કનગડત શરૂ કરી અને કેટલીક માંગણીઓ તથા હક્ક દાવા ''સંસ્થાની વક્ફ મિલ્કત''માં કરવા લાગ્યા, જેમાં સફળતા ન મળતાં ત્રાસવાદ ફેલાવવા તથા ભયનું વાતાવરણ ખડુ કરવા ઝઘડો કરી મારપીટ કરી અને મુસ્લિમોની શાંતિમાં પથરો નાખ્યો. *(જુઓ ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર વગેરે, તા. ૩૦–૯–૦૭)*

**સેલંબામાં મસ્જિદના પંથ બાબતે બે મુસ્લિમ જૂથો વચ્ચે મારામારી**

■ **એક વ્યકિતને**

સાગબારા તાલુકાના સેલંબા લઘુમતીઓ માટેની મસ્જિદ

આરોપીઓએ રહીમભાઈ મેમણને ઢીકા પાટુનો માર માર્યો હતો અને

*(તા. ૩૦–૯–૦૭, દિવ્ય ભાસ્કર)*

આ એક જગાની જ વાત નથી આ બીજો બનાવ પણ જોઈ લો :–

## કણજરીમાં મુસ્લિમોનાં બે જૂથ ઝઘડતાં પાંચ જણાને ઈજા

નડીયાદ. તા.૩૦ | શિ

નડિયાદ તાલુકાના કણજરી ગામે ગુરુવારે રાત્રે મુસ્લિમોના | મ

*(તા. ૧–૧૦–૦૭, ગુજરાત સમાચાર*

**દફનવિધિ બાદ અઝાન પઢાવવાના મામલે વાત વણસી : કુલ ૧ ૧ વ્યક્તિઓ સામે ફરિયાદ**

''**કણજરી** (તા. નડીયાદ) ખાતે તબ્લીગી જમાઅતવાળાના ગૃપે સુન્ની મૈયત થતાં દફન વિધિ બાદ કબર પર અઝાન આપનાર સુન્ની મોલ્વીને તથા અન્ય સુન્નીઓને ફટકારીને કબ્રસ્તાનમાં આતંક ફેલાવ્યો ! કબ્રસ્તાનમાં મુડદાંની પણ આમન્યા ન રાખી એટલું જ નહીં પણ પછી મરનારના ઘરે પહોંચીને પણ આંતક ફેલાવવા ધમાલ મચાવી ! **શું ઈસ્લામ આવી તબ્લીગનો તરીકો શીખવાડે છે ?!** *(જુઓ વર્તમાન પત્રો, તા. ૧–૧૦–૨૦૦૭)* (દૈનિક પત્રમાં શિયા અને સુન્ની ભૂલમાં છાપ્યું છે.) સુન્નીઓની મસ્જિદોમાં આવી તેમના વરસોથી ચાલતા તેમજ શરીઅતથી સાબિત

## કણજરીમાં એક જ કોમના બે જુથોની અથડામણ : પાંચને ઈજા

**વૃદ્ધાની દફનવિધિ બાદ એકાએક મામલો બિચક્યો**

**ભાસ્કર ન્યૂઝ. નડિયાદ**

નડિયાદ તાલુકાના કણજરી ગામમાં ગુરૂવારે રાત્રિના શિયા અને સુન્ની

મૌલવીને કહેલ કે તમે અજાન કેમ પઢાવો છો ? તેમ કહી ધક્કો માર્યો હતો. આ વખતે

નોંધાવતા પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

*તા. ૨૯–૯–૦૭, દિવ્ય ભાસ્કર, ચરોતર આવૃત્તિ*

તરીકાઓની વિરુધ્ધ હઠધર્મીથી વર્તીને ધાંધલ ખડુ કરવું અને ઝઘડાઓ કરવા, જબરદસ્તી તબ્લીગી નિસાબ પઢવી, જબરદસ્તી સુન્ની મહોલ્લામાં ગશ્ત કરવા જવું, ના પાડવા છતાં જીદ કરવાનુ, મારપીટ કરવી, ખૂનો કરવાં (જેમ કે ભરૂચમાં થોડા વરસો પર સ્ટેશન મસ્જિદ પાસે આવા જ ઝઘડામાં એમના તરફથી સુન્નીનું ખૂન થયેલું) **આ ક્યાંની તબ્લીગ છે ?** આ કેવી ઈસ્લામની તબ્લીગ કરતી જમાઅત છે કે **કબ્રસ્તાનમાં માથાં ફોડી રહી છે ?** મૈયત સામે પડયું છે અને ખેંચા ખેંચી થઈ રહે છે !! વિચારવાની વાત છે કે સુન્નીઓને વિના શરઈ સબૂતે મુશ્રિક કહેનાર આ જમાઅતના માણસો સુન્ની (તેમની નજરે મુશ્રિક) છે છતાં તેમની મસ્જિદમાં તેમની પાછળ નમાઝ પઢવા જાય છે ! અને ત્યાં અહલે સુન્નતના તરીકા વિરુધ્ધ વર્તીને વાતાવરણ તંગ કરે છે. તથા સુન્ની મૈયત (તેમની નજરે મુશ્રિક) હોવા છતાં વણ બોલાવ્યે કબ્રસ્તાને પહોંચી જવું અને પછી ત્યાં દંગલો કરવાં એ ત્રાસવાદ નથી તો શું છે ?! **કબર પર અઝાન આપવામાં કયા શિર્કના શબ્દો હતા કે અપશબ્દો હતા જેના માટે આવો ત્રાસવાદ ફેલાવવો પડયો ?!** અને સુન્ની તેની મૈયતની કૃબ્ર પર પઢે છે, તમારી મૈયતની કૃબ્ર પર તો નથી પઢતા, પછી શા માટે રોકો છો ?! (''અઝાને કબ્રની સાબિતી''નો લેખ પણ આ અંકમાં વાંચી લેશો કે શરીઅતની રૂએ એ જાઈઝ છે કે નહીં.)

સુન્ની મૈયતમાં રહાડપોર (ભરૂચ) ખાતે પણ અઝાન દાદાગીરીથી ન પઢવા દેવાનો બનાવ થોડા સમય પર બન્યો, ત્રણ વરસ પર બોટાદ (જિ. ભાવનગર)માં આવો જ ઝઘડો કરી જમાઅતીઓએ સુન્નીઓની મારપીટ કરેલી જેમાં એક માણસ સીરીયસ થઈ ગયેલો. આવા આતંક ફેલાવવાના, ધાક ધમકીના બનાવો હવે ઠેરઠેર બની રહ્યા છે. હાલમાં આછોદ (તા. આમોદ, જિ. ભરૂચ) ખાતે આછોદના વતની ઈમરાનભાઈ જે સુન્ની છે તેમના કહ્યાનુસાર તેમના વાલિદની નમાઝે જનાઝા એ સુન્ની હાફિઝ પાસે પઢાવવા ચાહતા હતા તો **મૈયતના પુત્રને બાપના જનાઝા પાસે ધક્કે ચઢાવાયો !** અને પછી ૫૦–૬૦ યુવાનોનું ટોળુ મારવા ટાંપતુ હતું પણ અમુક વ્યક્તિના કારણે તે ભાઈ બચી ગયા ! આવો જ બનાવ એ જ ગામમાં આગળ પણ બન્યો કે સુન્ની મરનાર ડોશીમાની જનાઝાની નમાઝ જબરદસ્તી ત્યાંના દેવબંદી ઈમામે પઢાવી, દમણ ખાતે સુન્નીઓ લઘુમતિમાં છે ત્યાં તેમનો બહિષ્કાર કરવામાં

આવ્યો છે કે અમારી જ મસ્જિદે અમારી પાછળ જ નમાઝ પઢો ! દૈનિકપત્રોમાં છે કે **વડોદરા**માં તા. ૭–૧૦–૦૭ ના (રમઝાનમાં) સુન્નીઓની બનાવેલી ઝકરિયા મસ્જિદમાં ઈકામત વખતે ઊભા થવા બાબતે આ જ તબ્લીગી જમાઅતીઓએ મસ્જિદમાં મારા મારી કરાવી દીધી !

એવું જ **''નેત્રંગ''** (તા. વાલિયા, જિ. ભરૂચ)માં ચાલુ રમઝાનમાં થયું છે કે સુન્નીઓની મસ્જિદ જૂની તો પચાવી ગયા તેમજ ત્યાં કુલ ત્રણ જમાઅતી મસ્જિદો છે અને એક જ સુન્નીઓની અલગ છે છતાંય ત્યાંના જમાઅતી લોકો સુન્નીઓની મસ્જિદમાં આવી જબરદસ્તી ઈકામત વખતે (હય્ય અલસ્સલાહ–હય્ય અલલ ફલાહ વખતે ઉભા થવાને બદલે) ડાકૂઓ જેમ અગાઉથી જ ઉભા થઈ જાય છે ! કે જે સુન્નત વિરુધ્ધ અને મકરૂહે તહરીમી છે. પછી તબ્લીગી નિસાબ કિતાબ જબરદસ્તી સુન્નીની મસ્જિદમાં દાદાગીરીથી પઢે છે, વળી કહે છે કે એક જુમ્આ તમારો ને એક જુમ્આ અમારો ઈમામ અહીં નમાઝ પઢાવશે ! ઈદ પણ તમારે અમારી સાથે જ કરવી પડશે, ઈદની નમાઝ પણ એ રીતે ભેગી પઢવી પડશે ! ટ્રસ્ટી તથા ઈમામોને ધોલ ધપાટ કરીને તથા અન્ય લોકોની મારપીટ કરી માથાં ફોડીને આંતક ફેલાવી ગામના સુન્નીઓને ડરાવવામાં આવી રહ્યા છે અને આ ત્રાસવાદ ફેલાવનારાની બીકમાં સૌ ત્યાં દબાઈ ગયા છે અને આ લખાય છે ત્યાં સુધીમાં સમાચારો મળ્યા છે કે સુન્નીઓ તેમની પાછળ ઈદની નમાઝ પઢવાની તેમની શર્ત માં હા પાડી ચૂક્યા છે ! કોંગ્રેસના એક લઘુમતિના બની બેઠલા નેતાને ભરૂચમાં વાત કરતાં તેમણે આ પ્રશ્ને કાંઈ કરવા ના પાડી દીધી. કહે છે કે સ્થાનિક પોલીસ તેની વિરુધ્ધ ફરિયાદ પણ લેતી નથી, એવા સમયે પબ્લિકને ત્રાસમાં સહાય ન કરી શકનાર આ નેતાઓ શા કામના ?! તો ઈલેક્શન વેળા વોટ માંગવા આવનાર આ કોંગ્રેસીઓ માટે પણ આવતા ઈલેક્શનોમાં સુન્નીઓએ પણ વિચારવાનું રહ્યું. કહે છે કે આ ત્રાસ ફેલાવતા નેત્રંગના જમાઅતી એ કોંગ્રેસના ખાસ માણસો છે.

વિચારવાની વાત છે કે જ્યારે બંનેના અકીદા વિરોધાભાસી હોવાને કારણે બંને અલગ અલગ મસ્જિદોમાં નમાઝ પઢે છે તો પછી શા માટે આવો જોર જુલમ અને ત્રાસવાદ ફેલાવાઈ રહ્યો છે ? શરીઅતમાં આવું ક્યાં છે કે દીનમાં જબરદસ્તી કરો ?! કુર્આનમાં તો છે કે **''દીનમાં કોઈ જબરદસ્તી નથી.''** *(સૂરએ બકરહ–૨૫૬)* તો પછી શા માટે આવી જબરદસ્તીઓ થઈ રહી છે ?! આ લખાય છે ત્યારે એ જ નેત્રંગમાં સુન્નીઓમાં આતંક ફેલાવનારના એક ભાઈ તથા બે ભત્રીજાઓની એટ્રોસિટી એક્ટ હેઠળ પોલીસે ધરપકડ કર્યાના સમાચાર આજના તા. ૫–૧૦–૦૭ના ''દિવ્ય ભાસ્કર'' દૈનિક (પેજ નં. ૧૬)માં વાંચવા મળ્યા કે આદિવાસી વિધવા પર ત્રાસ ગુજારવાનો કેસ એમના પર થયો છે. જોઈ લો ! ભાઈઓ ! **આ છે તબ્લીગી જમાઅતની તબ્લીગનો તરીકો** ! કેવળ ભોળો, ડાહ્યો, ડમરો, ગરીબડો ચહેરો બનાવી મીઠી મીઠી વાતો કરનારા જમાઅતીઓના અસલી ચહેરાને પણ ઓળખી લો ! આવું તો ઠેર ઠેર બની રહ્યું છે જેથી સુન્નીઓએ જાગૃત થવાની જરૂર છે અને જ્યાં આવી કનડગતો થઈ રહી હોય તેના સામે પગલાં લેવા કાયદેસર રીતે રાજ્ય કક્ષા કે કેન્દ્ર કક્ષાએ રજૂઆતો કરી કાર્યવાહીઓ કરવી જોઈએ અને આ ત્રાસવાદ વિરુધ્ધ ચળવળ ઉપાડવી જોઈએ. આશા છે કે સુન્ની આગેવાનો તથા સુન્ની વકીલો આ લેખમાં વિગતો દર્શાવી છે તેના અનુસંધાનમાં પોતાની પહોંચ પ્રમાણે કોશિશો કરીને દીનને ખાતર કાંઈક કરવા આ ક્ષેત્રે પ્રગતિ સાધશે, ઈન્શાઅલ્લાહ ! અને આવા ત્રાસવાદી વલણ અપનાવનારાઓના પંજામાંથી ગરીબ સુન્નીઓને છોડાવશે.

## વિધવાને માર મારતાં ત્રણ સામે એટ્રોસિટીની ફરિયાદ

વાલિયાના કોસ્યાકોલા ગામનો બનાવ : ફરિયાદ ન લેવાતાં ઉચ્ચકક્ષાએ રજૂઆત

ભાસ્કર ન્યૂઝ.વાલિયા
વાલિયા તાલુકાના કોસ્યાકોલા ગામની ... ખાતે રહે છે ... નોકરી કરે છે. ...

(તા. ૫–૧૦–૦૭, દિવ્ય ભાસ્કર)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# વાંધાઓના જવાબો સહિત
# અઝાને કબ્રની સાબિતી

કાર્યાલય

અમુક આલિમોએ અઝાને કબ્ર (કબ્ર પર અઝાન દેવા)ને સુન્નત ફર્માવ્યું છે. *(અલ્લામહ ઈબ્ને હજર મક્કી, અલ્લામહ ખયરુલ મિલ્લતે વદ્દીન રમલી, શરહે અબાબ તથા હાશિયા બેહરુર્રાઈક)*

અહીં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ તથા અન્ય આલિમોની રજૂ કરેલ દલીલોમાંથી અમુક દલીલોના આધારે સાબિતી રજૂ કરીએ છીએ :-

**દલીલ નં. ૧ :** જ્યારે બંદાને કબ્રમાં મુન્કર નકીર સવાલ કરે છે ત્યારે મરદૂદ શયતાન ત્યાં પણ જવાબામાં વિક્ષેપો નાખી બહેકાવે છે.

ઈમામ તિર્મિઝી મુહમ્મદ ઈબ્ને અલી નવાદેરુલ વુસુલમાં ઈમામે અજલ હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہથી રિવાયત કરે છે, "જ્યારે મુડદાથી સવાલ થાય છે કે તારો રબ કોણ છે ?" ત્યારે શયતાન આવે છે અને પોતાની તરફ ઈશારો કરે છે કે હું તારો રબ છું. એટલા માટે હુકમ છે કે મૈયત જવાબ આપવા સમર્થ રહે તે માટે દુઆ કરવી જોઈએ.

ઈમામ તિર્મિઝી ફર્માવે છે કે હુઝૂર ﷺ મૈયતને દફન કરતી વખતે દુઆ ફર્માવતા કે, "ઈલાહી તેને શયતાનથી બચાવ." જો કબ્રમાં શયતાનની કોઈ દખલ ન હોત તો હુઝૂર ﷺએ આ દુઆ શા માટે ફર્માવી ?!

સહીહ હદીષોથી સાબિત છે કે અઝાન શયતાનને ભગાડે છે.

**હદીષ (૧) :** સહીહ બુખારી અને મુસ્લિમ વગેરેમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે, હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે કે, "જ્યારે મોઅઝ્ઝિન અઝાન કહે છે ત્યારે શયતાન પીઠ ફેરવીને હવા છોડતો ભાગે છે."

**હદીષ (૨) :** સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે, જ્યારે અઝાન થાય છે ત્યારે શયતાન ૩૬ માઈલ દૂર ભાગી જાય છે.

**હદીષ (૩) :** ઈમામ અબુલ કાસિમ સુલૈમાન ઈબ્ને અહમદ તિબ્રાનીએ કિતાબ અવસતે મઆજીમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી સાબિત કર્યું છે કે, "જ્યારે શયતાનનો ખટકો (ભય) હોય ત્યારે તરત જ અઝાન કહો તે દૂર ભાગી જશે."

આથી સાબિત થયું કે મૈયતને શયતાનની દખલગીરીમાંથી બચાવવા અઝાન દેવી જોઈએ, તેમ કરવાથી મૈયતની ઉમદા મદદ થાય છે.

**દલીલ નં. ૨ :** ઈમામ અહમદ, તિબ્રાની અને બયહકી, હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે : જ્યારે હઝરત સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہને દફન કરી કબ્ર બંધ કરવામાં આવી ત્યારે હુઝૂર ﷺએ ઘણીવાર સુધી **સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !** ફર્માવ્યું. અને સહાબાએ કિરામ પણ સાથે સાથે **સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !** કહેતા રહ્યા. ત્યારબાદ હુઝૂરે પાક ﷺ **અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !** ફર્માવતા રહ્યા અને સહાબાએ કિરામ પણ હુઝૂર ﷺની સાથે અલ્લાહુ અકબર ! **અલ્લાહુ અકબર !** કહેતા રહ્યા. ત્યારબાદ સહાબાએ કિરામે હુઝૂરની બારગાહમાં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ! ﷺ આપે શરૂમાં તસ્બીહ (સુબ્હાનલ્લાહ) અને ત્યારબાદ તકબીર (અલ્લાહુ અકબર) શા માટે ફર્માવી. ઈર્શાદ થયો કે આ નેક મર્દ (હઝરત સઅદ) પર તેમની કબર તંગ થઈ હતી ત્યાં સુધી

કે અલ્લાહ તઆલાએ તેમનાથી તે તકલીફ દૂર ફર્માવી અને કબ્ર પહોળી ફર્માવી દીધી.

અઝાનમાં **અલ્લાહુ અકબર** શબ્દ છ વખત આવે છે આથી તે અયન સુન્નત કાર્ય થયું, અઝાનના વધારાના શબ્દોથી કાંઈપણ નુકસાન નથી અને તે સુન્નત અમલથી વિરુધ્ધ પણ નથી કેમ કે તે ઝિક્રે ખુદા છે. આ તરીકો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત ઈમામ હસને મુજતબા رضی اللہ عنہ વગેરેના તરીકા પ્રમાણે જ છે.

હિદાયહમાં છે કે, તે કલેમાતમાં ઘટાડો ન કરવો જોઈએ, કેમ કે તે પ્રમાણે જ હુઝૂર ﷺથી નકલ કરવામાં આવ્યું છે. અને જો તેમાં વધારો કરવામાં આવે તો જાઈઝ છે કેમ કે તેમાં ખુદાની તારીફ અને તેની બંદગીનું વર્ણન છે માટે બીજા કલેમાઓનો વધારો કરવાની મનાઈ નથી.

**દલીલ નં. ૩ :** સુન્નત હદીષ અને ફિકહથી સાબિત છે કે સકરાત (નઝઅ)ની હાલતમાં મૈયત પાસે **લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢતા રહો કારણ કે તે સાંભળીને (તેને) કલ્મો યાદ આવે.

**હદીષ :** હદીષે મુતવાતિરમાં અહમદ, મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નિસાઈ અને ઈબ્ને માજહએ હઝરત અબી સઈદ ખુદરી, હઝરત અબૂ હુરૈરહ્ અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી છે કે, હુઝૂર અકદસ ﷺએ ફર્માવ્યું છે, "તમારા મુર્દા (મૈયતો)ને **લાઈલાહ ઈલ્લલ્લાહ** શીખવાડો." જે શખ્સ સકરાતની હાલતમાં છે તે મુડદા જેવો જ છે તેને કલ્મો શીખવાડતાં ખુદાના ફઝ્લથી તે કલ્મા સાથે તેનો ખાત્મો ઈમાનની હાલતમાં થાય અને શયતાનના ભૂલાવવામાં કે બહેકાવવામાં ન આવે.

અને જે દફન થઈ ચૂકેલ ખરેખર મુડદુ છે તેને કલ્મો શીખવડાવાથી તે મુન્કર નકીરના સવાલોના જવાબો શયતાનથી બચીને આપી શકે. બેશક ! અઝાનમાં **લાઈલાહ ઈલ્લલ્લાહ** શબ્દ ત્રણ જગ્યાએ આવે છે.

**નકીરૈન (મુન્કર તથા નકીર)ના ત્રણ સવાલો છે :–**

(૧) **મર્રબ્બુક** : તારો રબ કોણ છે ? (૨) **મા દીનુક** : તારી દીન કયો છે ? (૩) **માકુન્ત તકૂલુ ફી હાઝર્રજુલ** : તું આ મર્દ એટલે કે નબી ﷺના બારામાં શું અકીદો રાખતો હતો ?

હવે અઝાનની શરૂઆતમાં **અલ્લાહુ અકબર** ચાર વખત, **અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** બે વખત અને છેવટે **અલ્લાહુ અકબર** બે વખત આવે છે. તે પહેલા સવાલ મર્રબ્બુક ? (તારો રબ કોણ છે ?)નો જવાબ શીખવાડશે. તે શબ્દો સાંભળી યાદ આવશે કે, મારો રબ અલ્લાહ છે. અને **અશ્હદુ અન્ના મુહમ્મદર્રસૂલુલ્લાહ** (બે વખત) આ શબ્દો ત્રીજા સવાલ **માકુન્ત તકૂલુ ફી હાઝર્રજુલ**નો જવાબ બતાવશે કે એ શબ્દો સાંભળી યાદ આવશે કે હું તેમને (નબીને) અલ્લાહના રસૂલ સમજતો હતો. હવે **હય્ય અલસ્સલાહ** (બે વખત) અને **હય્ય અલલ ફલાહ** (બે વખત) આ શબ્દો બીજા સવાલ **મા દીનુક !** તારો દીન કયો છે ? નો જવાબ બતાવશે કે મારો દીન તે હતો કે જેમાં નમાઝ દીનનો રૂકન અને પાયો હતી. **અસ્સલાતુ ઈમાદુદ્દીન** (અર્થ) : નમાઝ દીનનો પાયો છે. *(હદીષ)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કિતાબ "હયાતુલમવાત ફી બયાને સેમાઈલ અવમાત"નું વાંચન કરો જેમાં ૭૫ હદીષો અને ૩૭૫ બુઝુર્ગાને દીનના કથનોથી સાબિત કર્યું છે કે મુડદાઓનું સાંભળવું, જોવું, સમજવું હક્ક છે. અને એના પર અહલે સુન્નત વ જમાઅતનો ઈજમાઅ છે. જેથી એના ઈન્કારનો કોઈ સવાલ જ નથી. છતાં જાણ ખાતર નીચે બે હદીષો બયાન

કરવામાં આવે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺ એહલે કલીબ પાસે આવ્યા. (એહલે કલીબ તે કૂવાને કહે છે જેમાં જંગે બદરના પ્રસંગે મક્કાના કાફિરોના સરદારો જેવા કે અબૂ જહલ, ઈબ્ને હિશામ, ઉમૈયહ બિન ખલફ, ઉત્બા બિન રબિયહ, શયબાહ ઈબ્ને રબિયહને નાખવામાં આવ્યા હતા અને તેઓના પર અઝાબ થઈ રહ્યો હતો). તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો : "તમે તમારા રબનો વાયદો હક્ક પામી લીધો ?" ત્યારે હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવી. આપ મુડદાંઓને પોકારો છો ?! તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, "તેઓ તમારા કરતાં વધુ સાંભળે છે પણ જવાબ નથી દેતા." *(બુખારી શરીફ, ભાગ-૧, પારા-૫, બાબ : મા જાઅ ફી અઝાબિલ કબ્ર, પેજ-૧૮૩)*

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે મૈયતને કબ્રમાં રાખવામાં આવે છે ત્યારબાદ દોસ્તો તથા સગાંઓ જવા લાગે છે. એટલે સુધી કે તે તેઓના જોડાઓના અવાજને પણ સાંભળે છે. *(બુખારી શરીફ, ભાગ-૧, પારા-૫, બાબ મૈયતુયસ્મઊ ખફકન નિઆલિ, પેજ-૧૭૮)*

**દલીલ નં. ૪ : હદીષ :** અબૂ યઅલા અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવે છે કે **ઉત્ફિલ હરીકા બિત્તકબીર** (અર્થ) : આગને તકબીર વડે ઠંડી કરો (ઠારો).

**હદીષ :** ઈબ્ને અદી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા ઈબ્નુસ્સુન્ની ઈબ્ને અસાકિર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂરે પુરનૂર ﷺ ફર્માવે છે, "જ્યારે આગ જુઓ ત્યારે **અલ્લાહુ અકબર** ખૂબ કહેતા રહો કે તે આગને ઠારી નાખે છે."

અલ્લામહ મનાવી તફસીરે શરહે જામેઅ સગીરમાં ફર્માવે છે કે, તકબીર (અલ્લાહુ અકબર) કહે કારણ કે તેમ કરવાથી આગ ઠરી જશે.

મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં કે, "હુઝૂર ﷺ કબ્ર પર ઘણીવાર સુધી **અલ્લાહુ અકબર** કહેતા રહ્યા." લખે છે કે, તે તકબીર (અલ્લાહુ અકબર) કહેવું ખુદાના ગઝબને ઠંડો કરવા માટે છે. એટલા માટે આગને જોઈને તકબીર કહેવું મુસ્તહબ છે.

"વસીલતુન્નજાત"માં "હયરતુલ ફિકહ"ના હવાલાથી છે કે કબ્રસ્તાનવાળાઓ (મુદડાઓ) પર તકબીર કહેવામાં હિકમત છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે, **ઈઝા રઅયતુમુલ હરીકા ફકબ્બિરૂ,** "આગ લાગે અને તમારા હાથથી ઠરે તેમ ન હોય તો તકબીર કહો." કારણ કે તે તકબીરની બરકતથી આગ ઠરી જશે. કબ્રનો અઝાબ આગથી છે અને તમારા હાથ ત્યાં પહોંચી નથી શક્તા માટે તકબીર કહેવી જોઈએ કે જેથી (મૈયતને) દોઝખની આગથી છૂટકારો મળે.

**દલીલ નં. ૫ :** ઈબ્ને માજહ અને બયહકીએ સઈદ ઈબ્ને મુસૈયબથી રિવાયત કરી છે કે હું હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની સાથે એક જનાઝામાં ગયો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે તે મૈયતને જ્યારે મૂક્યું તો **બિસ્મિલ્લાહિ વ ફી સબીલિલ્લાહ** કહ્યું. જ્યારે કબ્ર બંધ કરવા લાગ્યા તો કહેવા લાગ્યા કે, ઈલાહી ! તેને (મૈયતને) શયતાનથી બચાવ અને અઝાબે કબ્રથી સુરક્ષિત રાખ. ત્યારબાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે ફર્માવ્યું કે, આવું મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે.

ઈમામ તિર્મિઝી અમ્ર ઈબ્ને મુર્રા તાબઈથી રિવાયત કરે છે કે, મુડદાને કબ્રમાં દફન કરતી વખતે સહાબાએ કિરામ અને તાબઈન આ દુઆ કરવાને મુસ્તહબ સમજતા હતા કે, ઈલાહી ! તેને શયતાનથી પનાહ દેજે.

ઈબ્ને અબી શયબા (ઈમામ બુખારી અને ઈમામ મુસ્લિમના ઉસ્તાદ) પોતાની કિતાબમાં હઝરત ખૈસમાથી રિવાયત કરે છે કે સહાબાએ કિરામ જ્યારે કોઈ મૈયતને દફન કરતા ત્યારે આ દુઆને મુસ્તહબ જાણતા હતા કે, અલ્લાહના નામથી અલ્લાહની રાહમાં રસૂલુલ્લાહ ﷺની મિલ્લત પર, ઈલાહી ! તેને (મૈયતને) અઝાબે કબ્ર, દોઝખ અને મલઊન શયતાનની ધોકાબાઝીથી પનાહ બખ્શ.

ઉપરોક્ત હદીષોથી સાબિત થયું કે તે સમય (દફન પછી તરત) શયતાનની દખલગીરીનો સમય છે અને શયતાનને દૂર કરવો સુન્નત છે. અને એ ઉપરાંત દલીલો પૂરવાર કરે છે કે શયતાનને દૂર કરવા માટે અઝાન આપવું શરીઅત મુજબ જ છે.

**દલીલ નં. ૬** : હદીષ : અબૂ દાવૂદ, હાકિમ અને બયહકી હઝરત ઉષ્માનગની رضی اللہ عنہથી રિવાયત કરે છે કે મુર્દાને દફન કર્યા બાદ કબ્ર પાસે ઉભા રહી હુઝૂર ﷺ સહાબાએ કિરામને ફર્માવતા કે, તમારા ભાઈ માટે દુઆ કરો કે નકીરૈનના જવાબ આપવામાં સાબિત કદમ રહે કેમ કે હવે તેનાથી સવાલ થશે.

**હદીષો** : સઈદ ઈબ્ને મન્સૂરે "સુનન"માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કર્યું કે મુડદાને દફન કર્યા બાદ કબ્ર બંધ કરી દેવામાં આવતી ત્યારે હુઝૂર ﷺ કબ્ર પાસે ઉભા રહી દુઆ માંગતા કે ઈલાહી ! સવાલના સમયે તેની ઝબાન દુરુસ્ત રાખ અને કબ્રમાં તેના પર એવી બલાઓ (આજમાઈશો) ન નાખ કે જેને સહાન કરવાની શક્તિ તેનામાં ન હોય.

ઉપરોક્ત હદીષો બતાવે છે કે દફન પછી દુઆ કરવી સુન્નત છે.

ઈમામ આજેરી ફર્માવે છે કે દફન પછી થોડીવાર મૈયત માટે દુઆ માંગવી મુસ્તહબ છે. મુલ્લા અલી કારી "મિર્કાત શરહે મિશ્કાત"માં ફર્માવે છે કે, **કુલ્લુ દુઆ ઝિકરુન વકુલ્લુ ઝિકરિન દુઆ** દરેક દુઆ ઝિક્ર છે અને દરેક ઝિક્ર દુઆ છે.)

**હદીષ** : હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે હે લોકો ! પોતાની જાનો પર નરમી કરો, તમે કોઈ બહેરા કે ગેરહાજરથી દુઆ નથી કરતા પરંતુ સાંભળવા અને જોવાવાળા (રબ)થી દુઆ કરો છો.

ઉપરોક્ત બેઉ હદીષોમાં **અલ્હમ્દુલિલ્લાહ !** અને **અલ્લાહુ અકબર !** બંનેને હુઝૂરે દુઆ જણાવ્યું. તો અઝાનનું દુઆ તથા સુન્નત હોવામાં શું શંકા રહી ?

**દલીલ નં. ૭** : હદીષ : અબૂ દાવૂદ, ઈબ્ને હબ્બાન અને હાકિમે હઝરત ઈબ્ને સઅદ સ્સાએદી رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલે અકરમ ﷺ ફર્માવે છે કે બે દુઆઓ રદ નથી થતી, એક અઝાનના સમયે બીજી કાફિરો સાથેના જેહાદમાં.

**હદીષ** : અબૂ યઅલા, હાકિમ, અબૂ દાવૂદ વગેરેએ હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત કરી છે કે, હુઝૂર ﷺ ફર્માવે છે કે, જ્યારે અઝાન આપનારો અઝાન આપે છે ત્યારે આસમાનના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ કબૂલ થાય છે.

ઉપરોક્ત હદીષો અઝાનથી દુઆ કબૂલ થવા વિશે બતાવે છે.

**દલીલ નં. ૮** : **હદીષ** : ઈમામ અહમદ તિબ્રાની, અબૂ દાવૂદ, નિસાઈ, ઈબ્ને માજહ, ખુઝૈમહ, ઈબ્ને હબ્બાન વગેરેએ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબૂ હુરૈરહ્ બરા ઈબ્ને આઝિમ, અબી ઉમામા તથા અનસ ઈબ્ને માલિક આમ પાંચ સનદોથી રિવાયત કરેલ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યાં સુધી અઝાનનો અવાજ પહોંચે તેટલી પહોળાઈ (વિશાળતા) જેટલી મોઅઝ્ઝિન માટે મગફિરત આવે છે અને જે પણ સૂકી તથા લીલી

વસ્તુઓ સુધી અઝાનનો અવાજ પહોંચે તે સર્વ વસ્તુઓ અઝાન દેનારના માટે મગફેરત ચાહે છે.

ઉપરોક્ત હદીષથી સાબિત થયું કે અઝાન આપવાથી મગફિરત કરી દેવામાં આવતી હોવાથી તેની દુઆ જલ્દી કબૂલ થાય છે. હદીષમાં આવ્યું છે કે, **મગફૂર** (મગફિરત પામેલા)થી દુઆ મંગાવવી જોઈએ.

**દલીલ નં. ૯** : હદીષ : ઈમામ અહમદે મઆઝ ઈબ્ને જબલથી તથા ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, ''અલ્લાહના ઝિક્રથી વધીને કોઈ ચીજ અઝાબે ઈલાહીથી બચાવનાર નથી.''

**હદીષ** : કબીરમાં મઅકલ ઈબ્ને યસાર رضی اللہ عنہની હદીષમાં વર્ણવવામાં આવ્યું છે કે, હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે જે સ્થળે અઝાન આપવામાં આવે છે તે સ્થળને અલ્લાહ તઆલા તે દિવસ માટે અઝાબથી અમન (મુક્તિ) આપે છે.

મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ પોતાની મશ્હૂર કિતાબ ''શરહે અયનુલ ઈલ્મ''માં કબ્ર પાસે કુર્આન, તસ્બીહ પઢવા અને રહમત તથા મગફિરતની દુઆ કરવાની વસિયત કરીને ફર્માવે છે, (અર્થ) : જેટલા પણ ઝિક્રો છે તે મૈયતને કબ્રમાં ફાયદો પહોંચાડે છે.

ઈમામ બદરુદીન મહમૂદ અયની શરહે સહીહ બુખારીમાં કબ્ર પાસે હદીષ બયાન કરવાના પ્રકરણમાં ફર્માવે છે કે મૈયત માટે લાભદાયી છે કે મુસલમાનો તેની કબ્ર પાસે એકત્ર થઈ કુર્આન શરીફની તિલાવત કરે અને ઝિક્ર કરે જેનાથી મૈયતને ફાયદો (સવાબ) મળે.

તો, જેઓ કબ્ર પર અઝાન આપવાની મનાઈ કરે છે તેઓ આ પરથી વિચારે કે કબ્ર પર અઝાન આપવી શું ઝિક્ર નથી ? કે પછી મૈયતને સવાબ મળે તે તેમને રૂચતું નથી ?!

**દલીલ નં. ૧૦** : ઈમામ અતા અને ઈમામ કાઝી અયાઝે આયતે કરીમહ **વરફઅના લક ઝિક્રક**ની તફસીરમાં ફર્માવ્યું છે કે, હે મહબૂબ ! صلی اللہ علیہ وسلم મેં તમને મારી યાદોમાંથી એક યાદ બનાવેલ છે. જે તમારો ઝિક્ર કરે છે તે મારો જ ઝિક્ર છે.

**હદીષ** : ઝિક્ર કરવાવાળાઓને ફરિશ્તાઓ ઘેરી લે છે અને ખુદાની રહમત તેઓને ઢાંકી દે છે, તેઓ પર શાંતિ અને ચૈન ઉતારવામાં આવે છે. *(મુસ્લિમ, તિર્મિઝી)*

આમ અઝાનથી રહમતે ઈલાહી ઉતરશે. મુસલમાન ભાઈઓની ભલાઈનું કામ કરવાની શરીઅતમાં મનાઈ નથી

**દલીલ નં. ૧૧** : મદારિજુન્નુબુવ્વત, ભાગ-૧, પેજ-૬૨, પ્રકરણ-૩માં લખ્યું છે કે મૈયત પોતાના સગાવહાલાંઓથી વિખૂટો પડીને અંધારી અને સાંકડી જગ્યામાં પહોંચે છે ત્યારે ભારે ગુંગળામણ અને ગભરાટ અનુભવે છે. અને ભાન શાન ખોઈ બેસે છે ત્યારે અઝાન સહાય કરે છે.

અઝાન ઝિક્રે ખુદા છે અને અલ્લાહનો ઝિક્ર દિલોને શાંતિ આપે છે.

અબૂ નુઈમ અને ઈબ્ને અસાકિરે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, હઝરત આદમ علیہ السلامજન્નતથી હિંદ (સિલોન)માં ઉતર્યા અને તેમને સખત ગભરામણ થઈ તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ અઝાન આપી.

હવે, કબ્રમાં આપણા મુડદાની બેચૈની દૂર કરવા અઝાન આપીએ તો ખોટુ શું છે ?!

**હદીષ** : ઈમામ મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, ઈબ્ને માજહ અને હાકિમે હઝરત અબૂ

હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે, હુઝૂર ﷺ ફર્માવે છે કે, અલ્લાહ તઆલા બંદાની મદદમાં છે જ્યાં સુધી બંદો પોતાના મુસલમાન ભાઈની મદદમાં છે.

**હદીષ** : શયખૈન તથા અબૂ દાવૂદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જે પોતાના મુસ્લિમભાઈની હાજત પૂરી કરવામાં રહે છે તો અલ્લાહ તેની હાજત પૂરી કરે છે. અને જે કોઈ મુસલમાનની તકલીફ દૂર કરે છે તો તેના બદલામાં અલ્લાહ તઆલા કયામતના દિવસની મુસીબતોમાંથી એક મુસીબત દૂર ફર્માવશે.

**દલીલ નં. ૧૨** : મુસ્નદુલ ફિરદૌસમાં હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે, એક વખત હુઝૂર ﷺએ મને ગમગીન જોયો તો આપે ફર્માવ્યું કે, હે અલી ! હું તમને ગમગીન જોઈ રહ્યો છું ! તમો તમારા ઘરવાળાઓમાંથી કોઈને કહો કે તમારા કાનમાં અઝાન આપે, કેમ કે અઝાન ગમગીનીને દૂર કરે છે.

આથી સાબિત થાય છે છે કે દફન પછી મૈયત ગમગીન અને પરેશાન હોય છે ત્યારે અઝાન આપવામાં આવે તો શરીઅતની શું મનાઈ છે ?

**દલીલ નં. ૧૩** : હદીષ : કબીરમાં તિબ્રાનીએ હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે :–

**(અર્થ)** : દરેક માટી, પથ્થર અને ઝાડ પાસે અલ્લાહનો ઝિક્ર કરે.

અલ્લાહ તઆલાએ બંદાને હર હાલતમાં તેનો ઝિક્ર કરવાનો હુકમ આપ્યો છે. અઝાન ઝિક્રે ખુદા છે. હુકમ છે કે દરેક પથ્થર અને ઝાડ પાસે ખુદાનો ઝિક્ર કરો તો શું મુસલમાનની કબ્રના પથ્થરો માટે તે હુકમથી બાદ રાખવામાં આવ્યા છે ?

ઈમામ અજલ અબૂ સુલૈમાન ખત્તાબી કબ્ર પાસે ઉભા રહીને "તલકીન" કરવા બાબત ફર્માવે છે, અમો તેના બારામાં કોઈ મશ્હૂર હદીષ નથી પ્રાપ્ત કરતા પણ તેમાં કોઈ વાંધો નથી.

કબ્ર પર અઝાન તલકીન છે અને તલકીન સુન્નત છે.

**હદીષ નં. ૧૪** : ઈમામ અજલ અબૂ ઝકરિયા નવવી શારેહે સહીહ મુસ્લિમ કિતાબુલ અઝકારમાં ફર્માવે છે કે, મુસ્તહબ છે કે દફન બાદ કબ્ર પાસે, એક ઊંટ ઝબહ કરીને ગોશ્ત વહેંચી દેવામાં આવે તેટલા સમય લગી તિલાવતે કુર્આન, દુઆ, વાએઝ, નસીહત, નેક બંદાઓનું ઝિક્ર અને હિકાયતમાં પરોવાયેલા રહે.

શયખ મોહક્કિક મૌલાના અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "લમ્આત શરહે મિશ્કાત"માં જણાવે છે કે, અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની હદીષ અનુસાર મેં ઘણા આલિમોથી સાંભળ્યું છે કે દફન કર્યા બાદ કોઈ ફિક્હી મસ્અલો બયાન કરવું મુસ્તહબ છે.

કુર્આન શરીફનો ખતમ પણ વધુ અફઝલ છે.

ઉલમાએ કિરામે કબ્ર પાસે નેક બંદાઓનો ઝિક્ર, કુર્આનનું ખતમ, ફિકહના મસાઈલ અને ફર્ઝોના વર્ણનને મુસ્તહબ ઠરાવ્યું છે. જો કે તે માટે કોઈ હદીષ તે જ બારામાં નથી પણ કારણ ફક્ત મૈયતને રહમતથી સહાય થવાનું છે. અઝાનથી રહમત નાઝિલ થાય છે.

કબ્ર પાસે કયા કારણસર અઝાન મુસ્તહબ નથી ? અઝાન આપનાર અને મૈયતને અઝાનના ફાયદાઓથી વંચિત રાખવામાં જાહિલોને કોઈ ફાયદો થાય છે ખરો ?!

હુઝૂર ﷺ ફર્માવે છે કે તમારામાંથી જે પણ પોતાના મુસલમાન ભાઈને ફાયદો પહોંચાડવા શક્તિમાન હોય તે જરૂરથી ફાયદો પહોંચાડે. *(મુસ્લિમ શરીફ)*

## વિરોધીઓના વાંધાઓ અને તેના સચોટ જવાબો

કબ્ર પર અઝાન દેવાના બારામાં વિરોધીઓના વાંધા કેટલા પોકળ અને બોદા છે તે અહીં સાબિત કરવામાં આવે છે :–

**વાંધો (૧)** : કબર પર અઝાન આપવી એ બિદઅત છે અને દરેક બિદઅત હરામ છે વળી હુઝૂરે કબર પર અઝાન આપી હોય તેવું સાબિત નથી.

**જવાબ** : હુઝૂર ﷺએ મુદડાની દફન ક્રિયા બાદ કબર પર અલ્લાહ તઆલાનું ઝિક્ર, તસ્બીહ અને તકબીર કહી અને જે કાર્યનું મૂળ (અસ્લ) સાબિત હોય તે સુન્નત છે. એ કાર્ય વધુ પ્રમાણમાં કરવાની મનાઈ નથી. અઝાનમાં તકબીર પણ છે એટલે તે સુન્નત તરીકે સાબિત છે આમ છતાં જો તેને બિદઅત માની લેવામાં આવે તો તે બિદઅતે હસ્નહ (સારી બિદઅત) છે.

ફતાવાએ રશીદિયહ, ભાગ–૧, વિષય : બિદઅતો વિશેનો, પેજ–૮૯, પ્રમાણે કોઈએ મોલ્વી રશીદ અહમદ ગંગોહીને પ્રશ્ન કર્યો કે મુસીબત વેળાએ બુખારી શરીફનું ખત્મ કરાવવું એ ખુલફાએ રાશિદીન, તાબઈન અને તબએ તાબઈન એ ત્રણેના સમયથી સાબિત છે કે નહીં ? અને એ બિદઅત છે કે નહીં ?

જવાબમાં મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી લખે છે કે, એ સમયમાં બુખારી લખાઈ ન હતી તેમ છતાં આવું ખત્મ કરવું દુરુસ્ત છે. કેમ કે ઝિક્રમાં ખૈર પછી કરવામાં આવેલી દુઆ કબૂલ થાય છે અને તેની અસ્લ શરીઅતથી સાબિત છે માટે એ બિદઅત નથી.

એ જ કિતાબમાં પેજ–૮૮ પર લખ્યું છે, ખાણુ તારીખ નક્કી કરીને ખવડાવવું બિદઅત છે, જો કે સવાબ મળી જશે.

આ જાણી લીધા બાદ હવે વિરોધીઓ બતાવે કે બુખારીના ખત્મ અને વરસીની ફાતેહા જો બિદઅત હોય તો એના પર સવાબ શા માટે મળે ? અને જો એમની માન્યતામાં દરેક બિદઅત હરામ હોય તો પછી હરામ કાર્યમાં સવાબ શાનો ?

**વાંધો (૨)** : શામીમાં અઝાનના પ્રકરણમાં અઝાને કબ્રનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ એ સાથે એવું પણ જણાવવામાં આવેલું છે કે, (અર્થ) : આ અઝાનનો ઈબ્ને હજરે "શરહે અબાબ"માં નકાર કર્યો છે. આથી જાણવા મળ્યું કે કબરની અઝાન મરદૂદ છે.

**જવાબ** : પ્રથમ તો એ કે ઈબ્ને હજર શાફઈ મઝહબના અનુયાયી છે. ઘણા આલિમો જેમાં અમુક હનફી પણ સામેલ છે તેઓ ફર્માવે છે કે કબરની અઝાન સુન્નત છે પણ ઈબ્ને હજર શાફઈ તેનો વિરોધ કરે છે. હવે કહો, હનફીઓ પોતાના સર્વાનુમતિ નિર્ણય પર અમલ કરશે કે શાફઈ કથનનું અનુસરણ કરશે ?

બીજું એ કે ઈમામ ઈબ્ને હજરે કબર પર અઝાન દેવાની મનાઈ નથી કરી પણ તેનું સુન્નત હોવા વિશે ઈન્કાર કર્યો છે. હવે જો કોઈ કહે કે બુખારી શરીફ છાપવી એ સુન્નત નથી તો બિલકુલ સાચુ કથન હશે કેમ કે હુઝૂર ﷺના સમયમાં બુખારી શરીફ હતી પણ નહીં અને છાપવાના યંત્રો પણ ન હતાં એટલે તેના સુન્નત હોવાનો તો સવાલ જ ન રહ્યો. પરંતુ તે સુન્નત નથી તેથી જાઈઝ પણ નથી એવો એનો અર્થ થતો નથી.

અલ્લામા શામી લખે છે કે, આવા પ્રસંગોએ અઝાન સુન્નત છે, ઈબ્ને હજરે તેનો ઈન્કાર કર્યો છે પણ જાઈઝ હોવાનો ઈન્કાર નથી કર્યો. માત્ર એ સુન્નત હોવાનો જ ઈન્કાર કર્યો છે. શામીનું લખાણ તે લખાણ જેના પર વાંધાનો પાયો નાંખ્યો છે તે લખાણને સમજવા માટે બુદ્ધિની જરૂર છે !

બીજું એ કે અલ્લામહ ઈબ્ને હજર (માની લો

કે) ખાસ કરીને અઝાને ક઼બ્રનો ઈન્કાર કરે તો પણ કોઈ એક આલિમના ઈન્કારથી કોઈ કાર્ય હલાલ કે હરામ નક્કી થઈ શકે ખરું ?! કદાપિ નહીં. જાઈઝ કે નાજાઈઝ સાબિત કરવા શરઈ દલીલ જરૂરી છે. શરઈ દલીલ વિના તો કરાહતે તન્ઝીહી પણ સાબિત થતી નથી.

વિરોધીઓ અઝાને ક઼બ્રને હરામ ગણાવે છે. જ્યારે ફુક઼હા ખાસ મનાઈ વગરની કોઈ ચીજને મકરૂહે તન્ઝીહી પણ નથી માનતા.

**વાંધો (૩)** : ફુક઼હા કહે છે કે ક઼બર પર ફાતિહા સિવાય બીજુ કાંઈ કરવું ન જોઈએ. કબર પર અઝાન એ ફાતિહા સિવાયનું કામ છે આથી તે હરામ છે. મોલ્વી ઈસ્હાક સાહબ "માઈતએ મસાઈલ"માં ક઼બર પરની અઝાનને મકરૂહ કહે છે.

**જવાબ** : ક઼બર ઉપર જઈને ઝિયારત અને દુઆ સિવાય બીજું કાંઈ કરવું તે મકરૂહ છે એવું બહરુર્રાઈકનું કથન સાચુ છે પણ આ કથન ક઼બરની ઝિયારત કરવા જવાના પ્રસંગને લાગુ પડે છે દફન ક્રિયા બાદ અઝાન માટે નથી. જો તે કથન દફન ક્રિયાને પણ આવરી લે તો પછી મૈયતને કબરમાં ઉતારવી, તખ્તો દેવો, માટી નાખવી અને દફન પછી તલક઼ીન કરવી (જે ફતાવાએ રશીદિયહમાં જાઈઝ છે) તે બધાની મનાઈ છે એમ માનવું પડશે. એવું જ હોય તો મૈયતને જંગલમાં પડતું મૂકી ફાતિહા પઢી ભાગી આવવું એવો અર્થ થાય !

મોલ્વી અશ્રફ અલી સાહબ (દેવબંદી)ની હિફઝુલ ઈમાનમાં એક સવાલ છે કે શાહ વલીયુલ્લાહ સાહબ કશ્ફે કુબૂરનો તરીકો વર્ણવે છે કે, એ પછી ક઼બરનો સાત ચક્કરનો તવાફ કરે અને એમાં તકબીર કહે અને જમણી તરફથી શરૂ કરે અને ક઼બરના પગની તરફ પોતાનું મોં રાખે." આ પરથી શું ક઼બરનો તવાફ અને સજદો જાઈઝ ઠર્યો ? હિફઝુલ ઈમાન, પેજ ૬ ઉપર એનો જવાબ છે કે આ તે પારિભાષિક તવાફ નથી જે તા'ઝીમના માટે કરવામાં આવે છે પણ ક઼બરમાંની શખ્સિયત સાથે વાસ્તો પેદા કરે એનાથી ફયઝ હાંસલ કરવા માટે ક઼બરની ચારે બાજુ માત્ર ફરવું એ અર્થ છે.

જો ક઼બર પર ઝિયારત અને દુઆ સિવાય કોઈ કામ જાઈઝ નથી તો ક઼બરનો તવાફ અને તેનાથી ફયઝ મેળવવાનું કેમ જાઈઝ છે ?! હિફઝુલ ઈમાનના લખાણથી તે ઉલ્ટુ ફલિત થાય છે કે ક઼બરોથી ફયઝ મળે છે ! જો કે વિરોધીઓના ધર્મ ગ્રંથ 'તક઼વિયતુલ ઈમાન'માં શિર્ક બતાવેલ છે !

મોલ્વી ઈસ્હાક સાહબ વિરોધીઓના વડેરા છે. એમની દલીલ સ્વીકારી લેવાય નહીં કારણ કે એવો કોઈ નિયમ પણ નથી કે જે સુન્નતથી સાબિત ન હોય તે મકરૂહ છે, નહીંતર કુર્આનના સિપારા તથા એઅરાબ તેમજ બુખારી શરીફ પણ એ રીતે તો મકરૂહ જ ઠરવાનાં ! કેમ કે એ સુન્નતથી સાબિત નથી.

**વાંધો (૪)** : અઝાન તો નમાઝની જાણ માટે છે. દફનવેળાએ વળી કઈ નમાઝ થવાની હોય છે કે અઝાન આપવી જરૂરી બને ? આથી એ અઝાન નાજાઈઝ છે.

**જવાબ** : મિશ્કાત ફઝલુલ ઈઝ્ન પ્રકરણમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "તમે બિલાલની અઝાનથી રમઝાનની સહેરી ખત્મ ન કરી દો, તેઓ તો લોકોને જગાડવા માટે અઝાન આપે છે. નબવી કાળમાં સહેરીના સમયે નોબત વગાડીને કે સાયરન વગાડીને નહીં પણ અઝાનથી લોકોને ઉઠાડવામાં આવતા હતા. અહીં વિરોધીઓ શું કહે છે ?

શામીમાં નમાઝ ઉપરાંત બાળકના કાનમાં, ગમગીન, વાઈવાળા, ગુસ્સાવાળાના કાનમાં, લશ્કરોમાં યુદ્ધ વખતે, આગ લાગે ત્યારે, મૈયતને કબરમાં ઉતારતી વેળાએ, દુષ્કાળમાં, મુસીબતમાં, જિનની સરકશી વખતે, જે માણસ અથવા જાનવરની આદત ખરાબ હોય તેની સામે અઝાન

દેવાનું મુસ્તહબ બતાવ્યું છે.

આમ અઝાન બાબતે શામીમાં અનેક જગાઓ બતાવેલી છે તે બાબતે વિરોધીઓ શું કહેશે ?

**વાંધો (૫)** : વહાબી, દેવબંદી કહે છે કે અઝાને કબ્રના જાઈઝ હોવા માટેની કોઈ દલીલ નથી માટે તે બિદઅત અને નાજાઈઝ છે.

**જવાબ** : તો શું વહાબીઓ પાસે અઝાને કબ્ર નાજાઈઝ હોવાની કોઈ દલીલ છે ? જે બાબત જાઈઝ અને નાજાઈઝ હોવાનો શરીહતમાં કોઈ ઉલ્લેખ ન મળે તે બાબતે દેવબંદી પેશ્વા શું કહે છે તે જુઓ.

દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવીને કોઈકે સવાલ કર્યો કે, કિ઼બ્લાની તરફ મોઢું કે પીઠ રાખી પેશાબ અથવા જાજરૂ કરવું મના છે. અને ઈસ્તિન્જા કરવો અથવા હાથ પાણી લેવું કિબ્લાની તરફ મોઢું રાખીને કે પીઠ કરીને કેવું છે ? તેનો જવાબ નીચે મુજબ છે.

કેમ કે કોઈ દલીલ નથી (મનાઈની) એટલા માટે જાઈઝ છે. *(હવાલા : ફતાવા અશરફિયા, ભાગ–૧, પેજ–૧૧, પ્રકાશક કુતુબખાના રહીમિયહ, દેવબંદ)*

શામીમાં છે, જે કાર્ય માટે શરીઅતમાં મનાઈ ન હોય એ કાર્ય મુબાહ છે અને જે મુબાહ કાર્ય ભલાઈની નિય્યતથી કરવામાં આવે તે મુસ્તહબ છે.

ખૂદ વિરોધીઓના (વહાબી, દેવબંદીઓના) એક વડેરા મોલ્વી રશીદ અહમદ ગંગોહી ફતાવાએ રશીદિયહ (ભાગ–૧, કિતાબુલ અકાઈદ, પેજ–૧૪)માં લખે છે : કોઈકે પ્રશ્ન કર્યો કે દફન પછી તલક઼ીન સાબિત છે કે નહીં ? જવાબ એ છે કે, આ મસ્અલાનો ફેંસલો કરી શકાતો નથી. દફન પછી તલક઼ીન કરવી કે ન કરવી એનો આધાર તે કાર્ય કરનાર પર છે. બેઉમાંથી જેના પર અમલ કરે તે દુરુસ્ત ઠરશે.

આથી (તેઓના જ હવાલાથી) પુરવાર થયું કે જેના નાજાઈઝ અને મના હોવાની દલીલ ન હોય તે બાબત જાઈઝ તથા દુરુસ્ત છે, તો દેવબંદીઓ પોતાના પેશ્વાની વિરુદ્ધ જઈને કઈ રીતે અઝાને ક઼બ્રને બિદઅત તથા જાઈઝ ઠરાવે છે !

**લતીફો** : એક વેળા કાનપુરમાં એક વહાબી મોલ્વીએ તકરીર કરી કે, "સુન્નીઓ મૈયતને દફન કર્યા પછી કબર પર અઝાન આપે છે કારણ કે તેમની કબરમાં શયતાન બહેકાવવા આવે છે. અમારી કબરમાં શયતાન બહેકાવવા આવતો નથી તેથી અમે દફન બાદ કબર પર અઝાન દેતા નથી." હઝરત અલ્લામહ નિઝામી સાહબ رحمۃ اللہ علیہની તે જ સ્થળે ફરીવાર તક઼રીર હતી. આપે તેના જવાબમાં હજારોની મેદનીમાં જણાવ્યું કે, "વહાબી (દેવબંદી) બોલતા હય લેકિન સમજતા નહીં." પછી મેદનીને સવાલ કર્યો કે શયતાન કોને બહેકાવશે મો'મિન કે મુનાફિકને ?! લોકોએ મજમામાંથી જવાબ આપ્યો કે શયતાન મો'મિનને બહેકાવે છે. તો આપે કહ્યું, બસ, હવે જાતે જ ફેંસલો કરી લો કે વહાબી મોલ્વીનું કહેવું છે કે સુન્નીઓની કબરમાં શયતાન બહેકાવવા જાય છે. અરે ! શયતાન પણ જાણે છે કે મો'મિન સૂતેલો છે જેથી તેને બહેકાવીએ. વહાબીની કબરમાં શયતાન જતો નથી કેમ કે શયતાન પણ જાણે છે કે એમાં તો આપણાવાળો જ સૂતેલો છે ! તો તેમાં જઈને તેનાથી શું પોતાનું માથુ ફોડું ?! હઝરત મૌલાના નિઝામી સાહબ رحمۃ اللہ علیہની આ હાજર જવાબી હતી. મૌલા તઆલા આપની કબર પર રહમતની વર્ષા કરે. આમીન

[(હવાલો : કિતાબ **"અઝાને ક઼બ્રની સાબિતી"** સંપાદક : **જનાબ હાજી ઈસ્માઈલ હાજી મુહમ્મદ પટેલ** (મુા. પગુથણ, તા. જિ. ભરૂચ) પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**)]

**નોંધ : આ લેખ કિતાબ રૂપે છપાવી મફત વહેંચવા ચાહનાર ભાઈઓ અમારો સંપર્ક કરે.** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

### ★ મદદની અપીલ ★

મકરપુરાથી દિવાન રમજુશા ઉમરશા જણાવે છે કે અમારે ત્યાં મસ્જિદનું બાંધકામ અધુરુ છે. તેનો અંદાજિત ખર્ચ ૮ થી ૧૦ લાખ રૂપિયા સુધીનો છે. અહીં રહેતા મુસ્લિમોની આબાદી ગરીબ છે. તેઓ આ ખર્ચને પહોંચી વળે તેમ નથી તો સખી દાતાઓને અપીલ કરવામાં આવે છે કે વધુથી વધુ લિલ્લાહ, રોકમ રકમ, સિમેન્ટ, રેતી, ઈંટો, કપચી વગેરે જેવો સામાન મોકલી આપી સવાબે જારીયા હાંસલ કરશો.

**સંપર્ક કરો** : દિવાન રમજુશા ઉમરશા, મુ.પો. મકરપુરા, ઠે. દિવાન મહોલ્લા (અબ્દુલશાબાવા મસ્જિદ) તા. જિ. વડોદરા, મોબાઈલ : ૯૮૭૯૫ ૪૪૪૩૫, ફોન : (૦૨૬૫) ૨૬૩૩૦૬૩

**પાવીજેતપુર** : મસ્જિદે નૂરનું બાંધકામ ચાલુ છે, લગભગ ૫૦ લાખ રૂપિયાનો અંદાજ છે તો મસ્જિદના બાંધકામમાં લિલ્લાહ મદદ કરવા નીચે મુજબના સરનામે મદદ કરવા ગુઝારિશ છે.

**સંપર્ક કરો** : ખત્રી ઈદ્રીસભાઈ હાજી ઈબ્રાહીમભાઈ, સુપર સ્ટાર ટેલર્સ, મુ.પો.તા. પાવીજેપતુર, જિ. વડોદરા, ફોન નં. (૦૨૬૬૪) ૨૪૨૫૩૨, મોબાઈલ : ૯૪૨૬૭ ૬૫૯૮૭

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**લંડન** : દયાદરાના જનાબ ઐયૂબ મુહમ્મદ વલી દરબારના પુત્ર રિઝવાનનો યુવાન વયે તા. ૭–૧૦–૨૦૦૭ અને ૨૫ રમઝાન હિ.સ. ૧૪૨૮ના રોજ કાળા લૂટારાઓના હુમ્લાથી ઈન્તેકાલ થઈ ગયો. આ અતિ દુઃખદ સમાચાર જાણતાં દયાદરા ગામમાં રંજનું મોજુ ફરી વળ્યું હતું. ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. આમીન

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : હાજી વલીભાઈ અહમદ હાજીના અહલિયાનો ઈન્તેકાલ તા. ૮–૧૦–૦૭ના રોજ થયો છે જેમની દફન વિધિ ટંકારીયા મુકામે થઈ. તથા મુન્શી યાકૂબ કાકા ૨૬ રમઝાનના રોજ ઈન્તેકાલ કરી ગયા. રબ્બે કરીમ મર્હૂમોની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. આમીન *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નબીપુર** : હજીયાણી બીબીબેન ઘાસવાલા તા. ૨૨–૭–૦૭ ખ્વાજા સાહબની છટ્ઠીના દિવસે ૮૫ વરસની વયે ઈન્તેકાલ કરી ગયાં. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. આમીન

**કરજણ (જિ. વડોદરા)** : થી હાફેઝ મેહબૂબ ઝંઘારવી સાહબ જણાવે છે કે તેમના મિત્ર ગુલામ કાસમ વોરા–કરજણનાં વાલિદાનો તા. ૬–૧૦–૦૭નો રોજ ૨૩ રમઝાન હિ.સ. ૧૪૨૮ ઈન્તેકાલ થયો છે. મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦૦૧/– ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરાને આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતાકરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. આમીન

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : બરકાતે ખ્વાજા (માસિક) ગ્રાહક નં. ૩૪૦૪ વઝીરખાન જીવાખાન પઠાણ–સોનેરી મહલ તા. ૧૧–૮–૨૦૦૭ શબે મેઅરાજ ૨૭ રજબના રોજ ૭૦ વરસની વયે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦૦ એમના અહલિયા તરફથી મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. આમીન

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પરચો મંગાવો** **"ઈકામત (તકબીર) વખતે ક્યારે ઉભા થવું ?!"** આ બાબતે શરીઅતનો શું હકમ છે ? હદીષો–ફિકહી દલીલો તેની સાથો સાથ વિરોધીઓની કિતાબોના હવાલા સાથે હુકમને સ્પષ્ટ કરતો પરચો પોસ્ટ કાર્ડ થકી અથવા SMS કે ફોન કરી મફત મંગાવી મસ્જિદોમાં ફ્રેમિંગ કરીને લગાડો.

**સરનામુ** : અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન : (O) ૦૨૬૪૨–૨૮૨૭૯૨, (R) ૨૮૨૯૧૧, ૨૮૨૯૩૩, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

## અમને રકમ મોકલવા બેંકમાં ડાયરેક્ટ જમા કરો !

જો તમે **અંજુમને રઝાએ મુસ્તફા** (દયાદરા)ને, **ઈસ્લામિક વેલ્ફેર મિશન** (દયાદરા)ને કે **બરકાતે ખ્વાજા** (માસિક)ને લિલ્લાહ, ઝકાત, ફિત્રા, સદકા, ન્યાઝની, કુર્બાનીની ખાલોની કે લવાજમની, મેમ્બર ફીની રકમો મોકલવા ચાહો તો તમારા ત્યાંની ''સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા''માં નીચેના નામ નંબર પ્રમાણે રકમ જમા કરાવી અમને પત્રથી કે SMS કે E-Mail કે ફોનથી જાણ કરી આપો તો તેની પહોંચો પોસ્ટથી તમોને રવાના કરી આપીશું. (ઈન્શાઅલ્લાહ !) નોંધી લો :–

**Shabbir Ali Patel**
**A/c No. 10328886242**
(સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેશન રોડ–ભરૂચ)

**કુરીયર કે આગંડીયાથી પત્ર/રકમ વગેરે મોકલવા**
પટેલ શબ્બીર અલી રઝવી C/o. ઈન્ડિયન ફૂટવેર,
હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટે. સામે, **ભરૂચ**

**નિકાહ રજીસ્ટર મંગાવો !** ત્રણ કોપીમાં ૫૦ કોપીવાળુ સુંદર ફોર કલર, પ્રિન્ટીંગવાળુ નિકાહ રજીસ્ટર મેળવવા ફક્ત **રૂા. ૨૦૦/–** પાકા સરનામા સાથે મોકલી આપશો તો આ નિકાહ રજીસ્ટર મોકલી આપવામાં આવશે. સરનામુ : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન : ૦૨૬૪૨–૨૮૨૯૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન તથા પેટ્રન ગ્રાહકો

*(હસ્તે : જનાબ હાફેઝ ઈબ્રાહીમ સાહબ કહાનવાળા)..........*

- જનાબ ઈરફાન અ. મજીદ ભાડભૂતવાળા (ભરૂચ) — રૂા. ૩,૦૦૦/– — આજીવન સભ્ય
- જનાબ રાજ પ્યારે સાહબ દીપસંગ (રોશન પાર્ક–ભરૂચ) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક
- જનાબ ગુલામ ઈબ્રાહીમ મલેક ભાયલી (વડોદરા) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક
- જનાબ નાસિર હુસૈન ઈબ્રાહીમ શેખ (રાવપુરા–વડોદરા) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક
- જનાબ ખત્રી હાજી ઈદ્રીસ અલીજી ભાયલીવાળા — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક
- જનાબ ઈસ્માઈલ વોરાસમનીવાળા (લઝીઝ તવાફાય–બાયપાસ, ભરૂચ) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક

*(હસ્તે : સૈયદ હશમતઅલી મજૂમિયાં બાપુ બરકાતી-જંબુસર)..........*

- જનાબ અમાનુલ્લાહ ઐયૂબખાન પઠાણ (તાંદલજા રોડ–વડોદરા) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક

*(હસ્તે : અ. અઝીઝ મછાસરવી, અડાજણ દરગાહ, સૂરત)..........*

- ઈમ્તયાઝભાઈ વાઘડીયા (સૂરત) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક

*(હસ્તે : ઈમરાનભાઈ પોરબંદર)..........*

- જનાબ હસનભાઈ ઉસ્માનભાઈ રાવડા (પોરબંદર) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક
- જનાબ યાકૂબભાઈ રઝવી (A. Oneવાળા) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક

*(કાર્યાલય થકી)..........*

- જનાબ હાજી અલ્લારખા હાજી ઈસ્માઈલ કુરૈશી — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક
- જનાબ સરફરાઝમિયાં રઝવી–પૂના (મહારાષ્ટ્ર) — રૂા. ૩,૦૦૦/– — આજીવન ગ્રાહક
- જનાબ હાજી શૌકતઅલી હાજી મૂસા (સાંસરોદ) — રૂા. ૩,૦૦૦/– — આજીવન ગ્રાહક
- જનાબ ઐયૂબભાઈ અહમદભાઈ મીર (ઉમેટા) — રૂા. ૧,૩૦૦/– — પેટ્રન ગ્રાહક

**અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા કરે. આપ પણ રૂા. ૩૦૦૦/- ભરીને આજીવન અથવા રૂા. ૧૩૦૦ ભરીને પેટ્રન (૧૧ વરસ માટે) ગ્રાહક થાવ એવી વિનંતિ (આમીન)** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અમારું પ્રકાશન

કિતાબ : **હક્ક઼ તથા નાહક્ક઼ની પહેચાન** (પેજીસ : ૧૨૦)

સંપાદક : **ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા**

*(હાલ : પ્રેસ્ટન, યુ.કે. ખતીબો ઈમામ નૂર મસ્જિદ વ નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી, યુ.કે. બ્રાન્ચ)*

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

કિંમત : પોસ્ટકાર્ડ કે SMS કે ફોન કરીને મફત મંગાવો. ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૭૮ ૧૭૩૯૯)

કિતાબનું નામ જ તેના વિષયની ચાડી ખાય છે. પ્રસ્તુત કિતાબ શાયદ અત્યાર સુધીની આ વિશેની નાની કિતાબોમાં એક અનોખી કૃતિ છે જેમાં હુઝૂર ﷺના ઈલ્મ વિશે, નબી હોવા વિશે, હાઝિર નાઝિર હોવા વિશે.... વગેરે ઉપરાંત, "અલ્લાહ જૂઠ બોલી શકે" (મઆઝલ્લાહ !) એવા બાતિલ ફિર્કા઼ના અકી઼દા વિશે આ ક્રમમાં રજૂઆત છે કે પ્રથમ સુન્ની અકી઼દા પછી તે સુન્ની અકી઼દાને કુર્આનનું સમર્થન, હદીષનું સમર્થન, ઉલમા તથા બુઝુર્ગાને દીનના કથનોથી સમર્થન અને છેલ્લે "દેવબંદી જમાઅતી અકી઼દા" જે ઉપરના સૌથી અલગ પડી જાય છે, એટલે (સુન્ની અકીદા, કુર્આન, હદીષ, ઉલમાના કથનો) સૌથી જમાઅતી અકી઼દા વિરુધ્ધ જાય છે. જેથી લેખકે ફેંસલો વાંચકો પર છોડયો કે હવે તમે કોનું માનશો ?! તેમજ કુર્આનના તર્જુમામાં "અલ્લાહે માલૂમ નથી કર્યા" (એટલે હજી અલ્લાહ નથી જાણતો ?!) તથા "અલ્લાહનો ફરેબ (પ્રપંચ) "અલ્લાહ દગો આપશે", "અલ્લાહ ભૂલી ગયો" તથા "રસૂલને ભટકતો, રાહ ભૂલલો", "ગુનેહગાર"... વગેરે શબ્દો વડે નવાજેલ છે, (મઆઝલ્લાહ !) તેની સાથે સુન્ની ઈમાની તર્જુમો પણ રજૂ કર્યો છે તેનો પણ જરૂર અભ્યાસ કરીને ઈન્સાફ કરી લેશો કે હક્ક઼ તથા નાહક્ક઼ ક્યાં છે ? તેમજ અન્ય સમજૂતી સરળ, સંક્ષિપ્ત તથા સચોટ, સંપૂર્ણ દલીલબદ્ધ છે. બસ અલ્લાહ લોકોને હક્ક઼ સમજવાની તૌફીક આપે. (આમીન) કિતાબ ગાગરમાં સાગર સમાન છે. **દરેક કલ્માગો**એ વાંચીને ન્યાય કરી રાહે રાસ્ત પામવા જેવી કિતાબ સંપાદન કરવા બદલ મૌલાના યૂનુસ મિસ્બાહીને બેહદ મુબારકબાદ ! તથા કિતાબ પ્રસિદ્ધ કરનાર તથા તેમાં સહાય કરનારને મૌલા બંને જહાનમાં બેહતરીન જઝા આપે, તેમની નેક મુરાદો પૂરી કરે તેમના મર્હૂમોની મગફેરત કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નોંધ** : અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બરો–ડોનરોને **પોસ્ટમાં ડાયરેક્ટ કિતાબ ફ્રીમાં** પહોંચશે.

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ**નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો**

**તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمۃ اللہ علیہ**ની લખેલ ઉમદા તફસીર એટલે**

## કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન *(ગુજરાતી તર્જુમા સાથે)*

તદ્દન નવી આવૃત્તિ

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી (હાલ : લેસ્ટર, યુ.કે.)

હદિયો : **રૂા. ૩૫૦/–** (સાદી ટપાલથી ખર્ચ : રૂા. ૩૦/–, રજીસ્ટર્ડ ટપાલથી ખર્ચ : રૂા. ૫૫ અલગ)

**પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન :–**

**(૧) દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ**, ઠે. રઝા નગર, મુ. **થામ**, તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૮૨૧૨૪

**(૨) સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : (R) ૦૨૬૪૨–૨૮૨૯૧૧, (O) ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧